ISSN 2319-3522

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષ : ૧૩ જુલાઈ ૨૦૧૯ અંક : ૨

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| 1. | સંપાદકીય : સંકટમાં મુકાયેલું પ્રજાનું આરોગ્ય | ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 3 |
| 2. | ગાંધીવિચાર : ગ્રાહકત્વ કે માણસત્વની નુક્તેચીની | રોહિત શુક્લ | 5 |
| 3. | જાતીય સતામણી અંગેની નારીવાદી સમજ, કાયદાકીય જોગવાઈઓ અને સામાજિક માધ્યમો થકી નારીવાદ | પ્રો. રાજસી ક્લાર્ક | 9 |
| 4. | ભારતમાં શ્રમબજારમાં મહિલા ગ્રાહકો : ભેદભાવના આયામો | મંજુલા લક્ષ્મણ | 14 |
| 5. | કુટુંબ સલાહ કેન્દ્રો અને સામાજિક કાર્યકરો | ડૉ. પરેશ ચૌહાણ | 30 |
| 6. | ગાંધીજી અને મહિલા ઉન્નતિ | ડૉ. હસમુખ પંચાલ | 47 |
| 7. | નિવૃત્તિ નોંધ | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 53 |


ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર

## સમાજકારણ (અર્ધવાર્ષિક)

પ્રકાશક : **ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

સંપાદન :
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

લેખ મોકલવાનું માટેનું સરનામું :
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**
૧/સી, શ્રી ગોવિંદ એપાર્ટમેન્ટ, પુનિત આશ્રમ પાછળ,
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮
ફોન : ૦૭૯-૨૫૪૫૧૨૬૩, ૯૮૭૯૨૭૮૧૨૮
email : bjbrahmbhatt1@yahoo.co.in

પરામર્શન :
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**પ્રેમાનંદ મિશ્રા**
**પ્રશાંત દવે**
**થોમસ પરમાર**

વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦-૦૦

**સમાજકારણની લેખનસામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લેખો.

(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.

(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ ઠરેલા અભ્યાસ-સાહિત્ય (Classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.

(૪) સામાજિક સંશોધન-પદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતા લેખો.

## ગુજરાત સામાજિક સેવામંડળ
## કારોબારી સમિતિ

1. શ્રી થોમસભાઈ પરમાર — પ્રમુખ
2. શ્રી હેમંતકુમાર શાહ — મંત્રી
3. શ્રી ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ — સહમંત્રી-તંત્રી
4. શ્રી રમેશભાઈ બી. શાહ — સભ્ય
5. શ્રી વિદ્યુતભાઈ જોષી — સભ્ય
6. શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ — સભ્ય
7. શ્રી ધવલભાઈ મહેતા — સભ્ય
8. શ્રી અરુણભાઈ વાઘેલા — સભ્ય
9. શ્રી અલ્પેશભાઈ પ્રજાપતિ — સભ્ય

### ગુજરાત સામાજિક સેવા મંડળના આજીવન સભ્ય બનવા નમ્ર અપીલ

સ્વ. ગટુભાઈ ધ્રુવ દ્વારા શરૂ થયેલ ગુજરાત સામાજિક સેવા મંડળ સમાજસેવા દ્વારા તેમજ પુસ્તક, જર્નલ દ્વારા બૌદ્ધિક વિચાર અને જ્ઞાનપ્રસાર દ્વારા સમાજમાં ચેતના જગાવવાનું કાર્ય કરે છે. આવા મંડળના આજીવન સભ્ય બનવા-બનાવવા નમ્ર અપીલ છે.

**નોંધ :** આજીવન સભ્ય બનનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે.

મંડળની આજીવન સભ્ય ફી : રૂ. 1000/-

જે ચિત્તની શુદ્ધિ ન કરે, મન અને ઈન્દ્રિયને વશ રાખતા ન શીખવે, નિર્ભયતા અને સ્વાશ્રયીત્વ પેદા ન કરે, નિર્વાહનું સાધન ન બતાવે અને ગુલામીમાંથી છૂટવાની અને છૂટેલા રહેવાની ધગશ અને શક્તિ ન ઉપજાવે તે કેળવણીમાં ગમે તેટલો માહિતીનો ખજાનો, તાર્કિક કુશળતા અને ભાષા પાંડિત્ય રહ્યા હોય તે કેળવણી નથી અથવા અધૂરી કેળવણી છે.

**-ગાંધીજી**

**મુદ્રક : અર્થ કોમ્પ્યૂટર :**
203, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઈન્કમટેક્સ, અમદાવાદ-380014, મો. 9327036414

**સંપાદકીય**

## સંકટમાં મુકાયેલું પ્રજાનું આરોગ્ય

**– ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

છેલ્લા દોઢ દાયકામાં દેશમાં સ્વાસ્થ્યની બાબતમાં ગંભીર સવાલો ઊભા થયા છે. એમાંય ગુજરાતી પ્રજા માટે તબીયત અને પાણી સર્વકાલીન સમસ્યા રહી છે. આપણે ગુજરાતીઓ ખાવા-પીવામાં એટલા બેફામ છીએ કે રેસ્ટોરન્ટમાંથી સીધા દવાખામાં જવાની યોગ્યતા ધરાવીએ છીએ. પૈસેટકે સુખી ગણાતી અને અન્ય રાજ્યનાં પરિપ્રેક્ષ્યમાં ખરેખર સુખી દેખાતી ગુજરાતી પ્રજા તબિયતની બાબતમાં ખરેખર હવે ગોથાં ખાવા લાગી છે. ગુજરાતી પ્રજા પાસે રસોડાનું આયુર્વેદ અને ઘરગથ્થુ ઉપચારની સુદીર્ઘ પરંપરા હતી જે હવે નામશેષ થવા આવી છે.

આહારવિહારની બદલાયેલી રીતો અને અકુદરતી જીવનશૈલી અને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાથી ઉગાડેલાં અનાજ-શાકભાજી આરોગવાને લીધે નવી પેઢીમાં અને બાળકોમાં રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થયો છે. ફાસ્ટફૂડ અને પડીકાએ એને વધુ ઘટાડો આપ્યો છે. પંદર વરસથી મોટી ઉંમરના વિદ્યાર્થીઓ બપોર કે સાંજે બેમાંથી એક ટંક બહારનું ભોજન લેવાની ટેવ ધરાવે છે. બહાર જવું એટલે કંઈક પેટમાં, પધરાવીને આવવું એવી કુટેવ પણ હવે ગુજરાતીઓમાં દઢ થતી જાય છે.

ઘરમાં આપણું ડાઈનિંગ ટેબલ રોજનો નાનકડો અન્નકૂટ જ હોય છે. તો લગ્ન અને અન્ય સમારંભોમાં ભોજનથાળમાં ફરસાણ-મીઠાઈનું બાહુલ્ય તેમજ વિરુદ્ધ આહારની બોલબાલા હોય છે. જ્યાં સુધી ડૉક્ટર પ્રતિબંધ ન મૂકે ત્યાં સુધી બધું આરોગતા રહેવાની નવી જીવનપ્રણાલી આપણે વિકસાવી છે.

કુદરતી પવન જતો કરી એ.સી.ની હવા ખાવાનું પ્રમાણ વધ્યું છે. ચોતરફ પ્લાસ્ટિકનો રંગ અને સંગ છે. વનસ્પતિની નિત્યચર્યા હવે બહુ દૂર નીકળી ગઈ છે. થોડાંક યોગાસનો અને હળદળ-આદુંમાં આપણું આરોગ્યશાસ્ત્ર પૂરું થઈ જાય છે. પ્રકૃતિથી દૂર અને શારીરિક પ્રવૃત્તિ વિનાની બેઠાડુ અને આળસુ જીવનશૈલી શરીરને કાટ લગાડી રહી છે. વિકાસ કરતાં બમણી ઝડપે પ્રજા આળસુ બની રહી છે. ઘરનાં બધા જ સભ્યો પાસે ટુ-વ્હીલર અને કાર છે. તો ઑનલાઇન બજારની કૃપાથી સઘળો સામાન ઘરને બારણે મળી જાય છે. દુકાનો ફરવાની જરૂર નથી. તૈયાર વાનગીઓનાં પૅકેટ અને ટિન મળે છે. સ્વીગી અને ઝોમેટોને લીધે માંગો તે ભોજન ઘરમાં જ હાજર થઈ જાય છે. રસોઈ કરવાની જરૂર નથી. પ્લાસ્ટિકની જેમ જંકફૂડનો ભરડો પ્રજામાનસ પર જામ થયો છે. એક બાજુ પાર વગરનાં હેલ્થ ફિટનેશ-ક્લિનિક ખૂલે છે. બીજી બાજુ પ્રજાની આળસમાં વધારો થતો જાય છે. જો આવું જ શ્રમવિહોણું જીવન રહેશે તો આવી પ્રજાનું ભાવિ શું ? શારીરિક સુટેવ વિનાનો સમાજ પતન પામે છે. સાથે એનું સત્ત્વ-તત્ત્વ અને વિત્ત પણ ઘટી જાય છે. એ યાદ રાખવું ઘટે.

ગુજરાતીઓની સરેરાશ રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થયેલો જોવા મળે છે. જે માટે બદલાયેલી આહાર-વિહારની રીતો, પ્રકૃતિ વિરુદ્ધ જીવનશૈલી અને માનવીનાં લોભ, સ્વાર્થને લીધે દરેક વસ્તુમાં ભેળસેળ-મિલાવટ પણ જવાબદાર છે. ઉપરાંત આરોગ્ય બગડવા પાછળનું સંયુક્ત એક કારણ બેઠાડુ જીવન પણ છે. મોબાઈલ ફોનના કારણે લાંબા સમય સુધી એક જ જગ્યાએ કલાકો સુધી બેસી રહેવાની સિદ્ધિ મેળવી છે. આવી બેઠા રહેવાની અને મોબાઈલમાં ડૂબકી મારવાની ટેવ ઘરનાં નાનાં-મોટાં સર્વે સભ્યોમાં જોવા મળે છે. નાનાં બાળકોએ મેદાનમાં રમત રમવાની હોય અને યુવાનોએ કસરત કરી શરીર બનાવવાનું હોય તેને બદલે મોબાઈલ પાછળ સમય બગાડી શરીર બગાડી રહ્યા છે. શારીરિક પ્રવૃત્તિનો અભાવ અને બેઠાડુ જીવનને લીધે 50 વરસની આયુ પહેલાં જ શરીરના સાંધાના વા શરૂ થતા જોવા મળે છે. આ બધી બાબતોને લીધે હવે આપણે ત્યાં પ્રજાનો એક મોટો સમૂહ સ્થૂળતા અને મધુપ્રમેહ-ડાયાબિટીસ રોગનો સામનો કરી રહ્યો છે.

હાલમાં જ ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશનનાં પ્રગટ થયેલા અહેવાલમાં વિશ્વ ડાયાબિટીસ કેપિટલ તરીકે ભારત પ્રથમ નંબરે આવ્યું છે. એક જમાનામાં ડાયાબિટીસ શ્રીમંતોનો રાજરોગ ગણાતો, પાછળથી જેણે મિડલ ક્લાસ તરફ આગેકૂચ કરી. હવે તો ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબ લોકો તરફ ડાયાબિટીસનું આક્રમણ અંતિમ તબક્કામાં પહોંચી ગયું હોવાનું WHO જણાવે છે. ઉપરાંત WHOએ ચેતવણી ઉચ્ચારતાં જણાવ્યું કે ગામડામાં વસતા હોવા છતાં ત્યાંની પ્રજાનો પ્રકૃતિ સાથેનો સંબંધ તૂટી ગયો છે અને આહારની સમતુલા હતી તે ખોરવાઈ ગઈ છે. ડાયાબિટીસ હવે માત્ર વડીલોનો રોગ ન રહેતાં યુવાનો અને બાળકોમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. એક અંદાજ મુજબ ભારતમાં 70 લાખ યુવક-યુવતીઓ ડાયાબિટીસથી પીડાય છે. જે ગંભીર બાબત ગણાય. હવે આજના યુવાનોમાં હાઈપરટેન્શન અને હાર્ટએટેકનાં કિસ્સા પણ વધી ગયા છે. ટૂંકમાં નિરોગી રહેવાનાં આગોતરાં પગલાં લેવામાં જે ઉપેક્ષા કરવામાં આવી છે એને કારણે લાખો નાગરિક આકસ્મિક રીતે મોતના મુખમાં હોમાઈ જશે.

તો વળી તાજેતરમાં પ્રગટ થયેલા એક સર્વેમાં જાહેર થયું છે કે ભારતીય પ્રજામાં 89 ટકા લોકો ચિંતાગ્રસ્ત જીવન પસાર કરી રહ્યા છે એટલે કે મોટાભાગના લોકો, નાગરિકો કોઈ ને કોઈ માનસિક તણાવમાંથી બહાર આવવા મથામણ કરી રહ્યા છે. દેશમાં આટલી ઊંચી ટકાવારી તણાવગ્રસ્ત લોકોની હોય તે તંદુરસ્ત સમાજ-રાષ્ટ્રની નિશાની નથી. માનસિક તણાવ વધે તે ચિંતાનું કારણ એટલે છે કે મોટાભાગના રોગોનું મૂળ આ તણાવમાં હોય છે અને શારીરિક સમસ્યા પાછળ આ તણાવ જવાબદાર હોય છે. વ્યાપક રીતે આમ આદમીમાં વધતા જતા તણાવને સમયસર અંકુશમાં લેવામાં નહીં આવે તો માનસિક દર્દીઓની સંખ્યામાં અણધાર્યો વધારો થશે. ટૂંકમાં પહેલું સુખ તે જાતે નર્યા જેવા મૂળભૂત અગ્રતાફળને વીસરી જનારી પ્રજા માટે આ બધા શુભ સંકેત નથી.

પ્રજાની શારીરિક, માનસિક બીમારી માટે પ્રજા જેટલી જવાબદાર છે તેટલી સરકાર પણ જવાબદાર છે. એક બી.પી.એલ. કાર્ડ આપીને સરકાર એમ માને છે કે તમામ સુવિધા, છેવાડાના નાગરિકોને આપી દેવામાં આવી છે. આરોગ્ય પાછળ ખર્ચાતું બજેટ ખૂબ ઓછું છે જેની અસર જનઆરોગ્ય પર પડી રહી છે. વાસ્તવિકતા એ છે કે કોઈ પણ સરકાર હોય તેને પ્રકૃતિ કે પ્રજાને ઉગારવામાં રસ જ નથી. સરકાર માત્ર ઉદ્યોગ અને વ્યાપાર પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. જેની આકરી કિંમત ચૂકવવાનાં વરસો નજીક આવતાં જાય છે.

આમ, પ્રજા આરોગ્યના ત્રિભેટે આવીને ઊભી છે અને એમાં સહુનું સપ્રમાણ યોગદાન છે. પરંતુ હવે સૌએ જાગ્રત થવું પડશે. થોડી સ્વસુધારણા, થોડું આત્મમંથન અને ઘણીબધી સંકલ્પશક્તિનું આ કામ છે. પ્રજાને તંદુરસ્ત બનાવવા તેમજ સ્વસ્થ સમાજના નિર્માણ માટે પોતપોતાની રીતે યોગદાન આપીએ. સૌ સાથે મળીને કામ કરીએ.

સર્વે સન્તુ નિરામયા । Health is Wealth. •

સમાજની વ્યવસ્થા અને રચના એવી હોવી જોઈએ કે પ્રજાની આવશ્યક સુખસગવડો અને ધનેચ્છાને નુકસાન પહોંચાડ્યા વિના આવા માણસોને પુરુષાર્થ કરવાની યોગ્ય તક મળે, એટલું જ નહિ પણ તેને પરિણામે 'એમ'ની મહત્ત્વકાંક્ષા પોષાવા છતાં એમાંથી સમાજને લાભ જ થાય. **- ગાંધીજી**

•

સ્વરાજ એટલે સરકારનાં અંકુશોમાંથી મુક્ત થવાનો સતત પ્રયાસ, પછી ભલે તે સરકાર પરદેશી હોય કે દેશની. જો લોકો જીવનની દરેક વિગતનાં નિયમન માટે સ્વરાજ સરકાર તરફ જોશે તો તે સ્વરાજમાં ઝાઝો સાર નહીં હોય. **- ગાંધીજી**

## ગાંધીવિચાર : ગ્રાહકત્વ કે માણસત્વની નુકતેચીની+

– રોહિત શુક્લ*

[તારાબહેને ગુજરાતમાં સમાજશાસ્ત્ર વિષયનો માત્ર પાયો જ નથી નાંખ્યો પણ એક આખી ઈમારત ચણી છે. તારાબહેન જેટલાં ગહન અભ્યાસી હતાં તેટલાં જ વિદ્યા અને વિદ્યાર્થીપ્રેમી હતા. સમાજશાસ્ત્ર ઉપરાંત ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓ ઉપર પણ પ્રભુત્વ હોવાથી, સમાજશાસ્ત્રને ગુજરાતી ભાષામાં ઉતારવાનું કામ પણ તેમણે કર્યું. તેમના સહૃદય અને સંવેદનશીલ સ્વભાવને કારણે પ્રો. શ્રી વિમલ શાહને એક કાર્યક્ષમ અને ઉત્સાહી ટાઈપિસ્ટમાંથી એક ઉત્તમ સમાજશાસ્ત્રી અને સંશોધક બનાવી દીધા. તેમની વ્યાપક દૃષ્ટિમાં, ગુજરાતના સમાજશાસ્ત્રના અધ્યાપનક્ષેત્રે પ્રવેશનાર પાસે અમેરિકાની ઉત્તમ યુનિવર્સિટીના અભ્યાસનું મહત્ત્વ સ્પષ્ટ હતું. આથી પ્રો. શ્રી વિમલ શાહને આ અભ્યાસ માટે હરેક તબક્કે સહાય કરી. 1950ના દાયકાના અંતભાગે એકંદરે ભારતમાં ગરીબી વ્યાપક હતી. પણ સમાજ અને અર્થતંત્ર ઝડપથી બદલાતાં જતાં હતાં. વિમલભાઈ ટાંચાં સાધનો ધરાવનાર કુટુંબમાંથી આવતા હતા. પરંતુ તેમના વિદ્યાતેજને ઉઘાડી આપવાનું કામ તારાબહેને કર્યું. આ પ્રારંભ સહિતની ઘટનાઓ સમાજશાસ્ત્ર વિષય જ નહીં પરંતુ શિક્ષણ અને સમાજના ઇતિહાસના અભ્યાસ માટે એક રોચક ભૂમિકા સર્જે છે. આ નિમિત્તે યોજાયેલા તારાબહેન સ્મૃતિ વ્યાખ્યાનમાં સમાજશાસ્ત્ર મંડળે મને નિમંત્રણ આપ્યું તે બદલ હું આભારી છું. આ માત્ર ઔપચારિક આભાર નથી; આ નિમિત્તે તારાબહેનના સમાજશાસ્ત્રના વિષયના ગહન અને ગંભીર ખેડાણ માટે મારી અંજલિ આપવાનું આ એક નિમિત્ત મને સાંપડ્યું છે તેમ હું માનું છું.

આ અંગેનો વિષય નક્કી કરવામાં, આ વર્ષે ઊજવાઈ રહેલ ગાંધી (અને કસ્તુરબા પણ)ની દોઢસોમી જન્મજયંતી લક્ષમાં હતી. તેથી ગાંધી નિમિત્તે થોડીક નુક્તેચીની કરવા જેવું લાગ્યું.]

સોક્રેટિસની એક કથા જાણીતી છે. પોતાના શિષ્યવૃંદ સાથે તે નગરમાં ભટકતો રહેતો. બજારમાં આવેલી દુકાનોમાં તે અચાનક ઘૂસી જતો અને ગમે તે વસ્તુને ઉપાડીને ખૂબ ધ્યાનપૂર્વક 'ફેરવી ફેરવીને' જોતો, પછી તે વસ્તુને યથાસ્થાને ગોઠવી દેતો. આ તો તેનો નિત્યક્રમ થઈ પડેલો.

એક દિવસ તેની સાથે ફરતા ધનવાન શિષ્ય પ્લેટોથી રહેવાયું નહીં. થોડીક અકળામણ સાથે તેણે કહ્યું, 'સૉક્રેટિસ, તારે શું જોઈએ છે ? મન થાય તે લઈ લે ને. પૈસા હું આપીશ.'

સોક્રેટિસે જે કહ્યું તે સીધું જ ગાંધી સાથે જોડાય છે. તેણે કહ્યું, 'ના ભાઈ, હું તો બધી વસ્તુઓને ધ્યાનથી જોતા જોતા વિચારું છું કે ઓહો, આના વગર પણ મારે ચાલશે.'

તો ગાંધીએ અગિયાર મહાવ્રતમાં પણ કહ્યું જ છે ને કે 'વણ જોતું નવ સંઘરવું'. જો આપણે સૉક્રેટિસને જ્ઞાની માની શકતા હોઈએ તો આ મુદ્દે ગાંધીને સાદા જીવનમાં ઉપદેશ બદલ અવ્યવહારુ કેમ કહીએ છીએ ?

જગતમાં મૂડીવાદની બોલબાલાનો તબક્કો 1978થી શરૂ થયો. ડાવોસ ખાતે દર વર્ષે મળતી ગ્લોબલ સમિટ હોય, જી-20ની મીટિંગ હોય કે પછી નાફટા, સાર્ક વગેરે જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનો હોય-બધે જ વેપાર, નિકાસ, મૂડીરોકાણ વગેરે જેવા આર્થિક મુદ્દાનું પ્રાધાન્ય જોવા મળે છે. વળી મૂડીવાદને પાંગરવા વાસ્તેની જરૂરિયાતોની છણાવટમાં સબસિડીની નાબૂદી, 'નો મોર ફ્રી લંચીઝ', બજાર હરિફાઈ, કાર્યક્ષમતા, 'સર્વવાઈવલ ઓફ ધ ફિટેસ્ટ' વગેરે જેવા વિચારોની સંરચના જણાતી રહે છે. ગરીબી, ભૂખમરો, ખેડૂત, બેકાર યુવાઓના આપઘાત, પ્રદૂષણ, જાહેર સ્વાસ્થ્ય અને શિક્ષણની સેવાઓની નિષ્ફળતા, સરકારી સહાય વગેરે જેવા

+ તા. ૯-૨-૨૦૧૯ના રોજ ગુજરાત સમાજશાસ્ત્રના વાર્ષિક અધિવેશનમાં અપાયેલું ડૉ. તારાબહેન પટેલ સ્મૃતિ વ્યાખ્યાન

* પૂર્વ નિયામક. સરદાર પટેલ ઇન્સ્ટીટ્યૂટ એન્ડ સોશ્યલ રીસર્ચ, સંપાદક : અભિદૃષ્ટિ, શિક્ષણવિદ

વિચારો અને તેને આનુષંગિક નીતિઓની ચર્ચા ઘટતી જાય છે. અલબત્ત, ભારતમાં સરકારે મને કે કમને પણ મનરેગા અને ફૂડ સિક્યુરિટીને જીવતી રાખી છે ખરી પણ તેના પ્રભાવની બાબતે ભારે શંકા સેવાઈ રહી છે. આવી ગરીબી-નિવારણની અને માણસના જીવનને ટકાવી રાખનારી યોજનાઓને 'ધર્માદા' ગણાવવાનું રૂખ વર્તાય છે. જોકે દર પાંચ વર્ષે ચૂંટણી આવે ત્યારે લોકશાહીના સોગંદ ખાવા વાસ્તે નવી નીતિ જાહેર કરવામાં આવે છે ખરી; પણ તેના અમલની પૂરતી વ્યવસ્થા કરી શકાતી નથી.

મૂડીવાદ હોય ત્યાં સામાન્ય રીતે લોકશાહી પણ હોય; જોકે ચીનમાં જે મૂડીવાદ છે તે અમેરિકા અથવા યુરોપીય સંઘના જેવો નથી. ચીનમાં માનવ-અધિકારો નથી. આથી મુક્ત વિચાર, વાણી કે અભિવ્યક્તિને કોઈ જ સ્થાન નથી. ચીનમાં અર્થરચના મુખ્યત્વે ઉત્પાદનના એકમાત્ર આધાર ઉપર ઊભી છે. મજૂરોને ઓછું વેતન સસ્તી મૂડી, ટેક્નૉલોજીની નકલ, વગેરે દ્વારા ઉત્પાદન વધારીને નિકાસ કરવી તે તેનું લક્ષ છે.

જગતમાં અર્થનો પ્રભાવ હોય તે સાચું, પણ તેનો માનવજીવન ઉપર કેટલો પ્રભાવ હોવો જોઈએ ? માણસ રોજ આઠ-દસ-બાર કલાક કામ નિર્વાહ કરે, પણ પછી ? કુટુંબ, પ્રેમ, ઉષ્મા, સર્જનાત્મકતા, સૌંદર્ય, સંગીત, પ્રાર્થના વગેરે જેવા ભાવોનો જીવનમાં કોઈ મતલબ અને સંદર્ભ ખરો ? અર્થકારણ વડે જીવનની સમગ્રતાને ભરી દઈ શકાતી નથી. ખાસ વિચારવાનું એ છે કે જીવનની સમગ્રતામાં આર્થિક રચનાઓનું સ્થાન કેટલું અને કેવું ? મૂડીવાદ કહે છે કે આર્થિક રચનાની આસપાસ જીવન ફરતું રહે છે. ગાંધીવિચાર કહે છે, જીવન અને તેની ઊર્ધ્વગતિમાં અવરોધરૂપ ન બને તેટલો જ આર્થિક વિસ્તાર જળવાવો જોઈએ. ગાંધી મોક્ષમાર્ગી હતા અને આ માર્ગના પ્રવાસી તરીકે તે ઓછામાં ઓછી આર્થિક જંજાળનો સામાન સાથે રાખતા હતા. કહેવાયું છે કે 'ટ્રાવેલ લાઇટ' એ રીતે વધારાના આર્થિક સમાનતા બોજ વગર હલકા-ફુલકા રહીને પ્રવાસ કરવાનો તેમનો માર્ગ હતો. તે મૂડીવાદના વિરોધી ન હતા પણ તે યંત્રોના ઉપયોગ દ્વારા લોકોની કાંધ ઉપર ચડી બેસે તે તેમને રાસ્ત ન હતું. તાજેતરમાં તો આ યંત્રોથી પણ આગળ વધીને ટેક્નૉલોજીની 'ઘેલછા' એટલી બધી વધી ગઈ છે કે હવે 'જોબલેસ ગ્રોથ'ની અતિ ગંભીર સમસ્યા સર્જાઈ છે. દેશનો જીડીપી વધતો જાય છે પણ બેકારી પણ વધતી જાય છે.

મૂડીવાદમાં 'હીરો' ઉત્પાદન છે, ગ્રાહક નથી. અલબત્ત, 'માંગ પ્રમાણે ઉત્પાદન' અને 'માર્કેટ લેડ ગ્રોથ'ના સૂત્રો તો છે જ. વળી, 'ડિમાન્ડ સાઈડ ગ્રોથ' તેના પાયામાં પણ છે. સમાજવાદમાં સપ્લાય સાઇડ ગ્રોથ કરવામાં આવે છે પણ તેમાં ઘણાં જોખમો રહેલાં છે એમ ઘણા અર્થશાસ્ત્રીઓનું કહેવું છે. એનો મતલબ એ છે કે પહેલા ઉત્પાદનનો નિર્ણય થવો ન જોઈએ. બજારમાંથી જેમ જેમ માંગ ઉદ્‌ભવે તેમ તેમ ઉત્પાદન કરતા જવું જોઈએ. આ રીતે ગ્રાહક-કેન્દ્રી ઉત્પાદન કરવાથી ફાયદો કોને થશે ? ઉત્પાદકોને. કારણ કે તેમણે પેદા કરેલી વસ્તુઓ વેચાઈ જશે અને તેથી નફો થતો રહેશે.

મૂડીવાદી વ્યવસ્થામાં જો ખરેખર ગ્રાહકને કેન્દ્રમાં રખાય તો શું થાય ?

ગ્રાહકોને હાનિકારક હોય તેવી વસ્તુઓનું ઉત્પાદન થવું જ ન જોઈએ. તો પછી દારૂ, સિગારેટ તો તરત બંધ થવાં જોઈએ. અમેરિકા જેવા દેશમાં મેદસ્વીપણું રોગની જેમ વકર્યું છે. તેથી ગ્રાહકના હિતમાં, કોકાકોલા અને પિત્ઝા, બર્ગર વગેરે જેવા ફાસ્ટફૂડ અને જંકફૂડનું ઉત્પાદન બંધ થવું જોઈએ. પેટ્રોલ-ડિઝલના ધુમાડાથી પ્રદૂષણ વધે છે તેથી મોટરકારનું ઉત્પાદન સાવ અનિવાર્ય કરી દઈ સાઇકલ અને પેદલ હરફર થવી જોઈએ. બુલેટ ટ્રેનની પણ શી જરૂર ?

ગ્રાહક-કેન્દ્રી ગણાતી નીતિઓ ખરેખર માણસ કેન્દ્રી છે ખરી ? મૂડીવાદ માણસને નહીં પણ ગ્રાહકને સ્વીકારે છે. માણસને ગ્રાહક બનાવનાર તેની પાસેની ખરીદશક્તિ છે. આ ખરીદશક્તિ એક જાદુઈ છડી છે. તેના વડે માણસ માત્ર પોતાની માણસાઈ છોડીને પણ ગ્રાહક બની જાય છે. મૂડીવાદના મહેલમાં પ્રવેશવા વાસ્તે માણસે પોતાની માણસાઈ તરફ લક્ષ આપ્યા વગર ગ્રાહકાઈનો

અંચળો ઓઢી લેવાની અનિવાર્ય આવશ્યકતા હોય છે. માણસ અને ગ્રાહક વચ્ચેનો આ ફરક એ જ ગાંધીવાદ અને મૂડીવાદ વચ્ચેનો ફરક.

એક વખત માણસ અને ગ્રાહક વચ્ચે આ ફરક કરીએ એટલે સમગ્ર વિચારવિશ્વ બદલાઈ જાય છે. ગાંધી યંત્રોના વિરોધી કેમ હતા ? માણસે કરવા પડતા 'કાળજાં-તોડ' શ્રમને બચાવવા યંત્ર જરૂરી ખરાં પણ 'કરોડોની કાંધ ઉપર ચડી બેસવા' માટે નહીં જ ! યંત્રવાદ અને યંત્રોની ઘેલછા વગરના મૂડીવાદનો વિચાર તો કરી જુઓ ! પુષ્કળ ઉત્પાદન કરવું, ઘણીબધી નિકાસો કરવી, મોટાં મોટાં જહાજો કે વિમાનો ઉડાવવા વગેરેની જરૂર જ નહીં રહે. વૈશ્વિકીકરણ ભલે થાય-વસુધૈવ કુટુંબકમ્ — પણ માણસ માટે થાય; ગ્રાહક માટે નહીં ! આથી ગ્રામસ્વરાજ અને સ્વદેશી નામના બે પાત્રો આ આર્થિક રંગમંચના તખ્તા ઉપર પ્રવેશશે. ગ્લોબલાઈઝેશન ખરું પણ માણસાઈની ભૂમિકામાં તેની ઊર્ધ્વગતિ થશે. માણસ ગ્રાહક બને અને મજૂરોને ઓછું વેતન આપવું, ખેતરો ખાલી કરાવીને કારખાનાં કરવાં, વાતાવરણને ઝેરી બનાવતાં કારખાનાં બાંધવાં, ગીચ ઝૂંપડપટ્ટી અને ભારે આર્થિક અસમાનતા ધરાવતા શહેરો બનાવવાં વગેરેમાં ગ્રાહક છે પણ માણસ ક્યાં છે ?

ગ્રાહક અને માણસ વચ્ચેનો આ ભેદ અને વિવેકભાન ગૂમાવે ત્યારે સૌપ્રથમ પ્રસ્થાપિત મૂલ્યો સામે અથડામણ શરૂ થાય છે. જૂનાં મૂલ્યો બધાં સારાં અને નવાં બધાં ખરાબ એવું તો ન જ કહેવાય. પણ આધુનિકતાનો માયનો પિછાણ્યા વગર દારૂ પીવો, સિગરેટ પીવી, મુક્ત સંબંધો કરવા વગેરેને આધુનિક ગણાવી અને તેના વિરોધીઓને જડ, દયાપાત્ર, પછાત ગણવા તે પોતે તર્કસંગત નથી. માણસ જ્યારે ગ્રાહક બને છે ત્યારે વિચારનું ઔચિત્ય અને વિવેક કેટલાં ગુમાવી દે છે તેનું ઉદાહરણ નારી તરફના અભિગમમાંથી સાંપડે છે. રામાયણમાં લક્ષ્મણે સીતાના દાગીના જોઈને કહેલું, 'નૂપુરં ચૈવ જાનામિ'—સીતાના અન્ય કોઈ દાગીનાને લક્ષ્મણ ઓળખી નો'તા શક્યા કારણ કે 'માતા'ના ચરણ સિવાય તેમની નજર જ જતી નો'તી પણ હવે નારીદેહના ગ્રાહકી વિનિયોગ જોયા ? વિજય માલ્યાના કેલેન્ડરથી લઈને બૉલિવુડના 'ચોલી કે પીછે ક્યા હૈ', અને આઈટેમ સૉંગ/ડાન્સ જેવા માત્રથી નારીદેહના વસ્તુકરણ - માર્ક્સ કહેતા તેમ રીઈફિકેશનનો ખ્યાલ આવે છે. માણસ ગ્રાહક બને એટલે માતા, બહેન, પુત્રી વગેરે શબ્દોના સ્થાને લિપસ્ટિક માટે હોઠ, ઘરેણાં માટે ગળું, વસ્ત્રો માટે સાથળ સુધીના અને ઉલ્લેખ પણ ન કરાય તેવાં અંગ-પ્રદર્શનો થતાં રહે છે.

તાજુબની વાત છે કે માણસમાં છુપાયેલું આ ગ્રાહકત્વ ધર્મના ક્ષેત્રે પણ એ જ નિર્ભરતા દાખવી શકે છે. ભારતનાં ટોચનાં દસ જ મંદિરોની વાર્ષિક આવક લગભગ પંદર હજાર કરોડની છે. આ નાણાં ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે ? ધર્મના નામે પાખંડ આચરનાર અને આ રીતે માણસની અંદરના ગ્રાહકત્વને પંપાળનાર કહેવાતાં સંતો-મહાત્માઓ અને પ.પૂ.ધ.ધુ.ઓ પણ ઓળખી શકાય તેમ છે. ચીનમાં આશારામો હશે ? આ પ્રકારના ધર્મના ઠેકેદારો ખરેખર તો વ્યક્તિઓમાં પ્રગટતા આભાસી અભરખાઓની ફલશ્રુતિ છે. ગાંધીના એક પણ અનુયાયીએ આ પ્રકારની ઘેલછા બતાવી હોય તેમ જાણમાં નથી. સ્વામી આનંદ કે કેદારનાથને હાલના કયા 'સંત'ની સાથે બેસાડી શકાય ?

આમ, મૂડીવાદની સાથે સ્વતંત્રતા, લોકશાહી, આધુનિકતા વગેરે આદર્શો સામાજિક કે રાજકીય વિમર્શોને ગોઠવી દેવા અને પછી આ વિમર્શોના આધારે મૂડીવાદનો વાવટો ફરકાવવો તે એક નજરે નહીં ચઢેલો તર્કદોષ છે. ગાંધીજી સ્વતંત્રતા, સ્વરાજ-વ્યક્તિ-સ્વાતંત્ર્ય એવા કોઈ પણ વિમર્શના વિરોધી કે પ્રતિરોધી ન હતા. કોઈ પણ સ્થળ, સમય અને સમાજ માટેના, 1789ની ફ્રેન્ચ ક્રાંતિમાંથી સ્વયંભૂ રીતે પ્રગટેલા, ત્રણે વિચારા સારા અને સાર્થક જ છે. લિબર્ટી, ઈક્વાલિટી અને ફ્રેટર્નિટી વગર સમાજ ચાલી જ ન શકે અને આવા સમાજમાં સૌહાર્દ, ઉષ્મા અને સમાનતાલક્ષીતા પ્રગટે તે સ્વાભાવિક છે.

બાકી ગાંધીવિચારને જુનવાણી, ધર્મલક્ષી કે વધુ

પડતો રોમૅન્ટિક (અવાસ્તવિક) ગણીને હસી કાઢવો તે સ્વાભાવિક છે. આવા વલણની નિરર્થકતા કે ઉતાવળપણું સમજવા વાસ્તે માત્ર બે જ ભૂમિકા સ્પષ્ટ કરવાની રહે છે; ઉપરની ચર્ચામાંથી તારવીએ :

**(1) માણસત્વ - ગ્રાહકત્વ :**

મૂડીવાદનાં ઘણાં તત્ત્વો વાંચ્છનીય છે પરંતુ માણસના ગ્રાહકત્વ ઉપરનો ભાર તેને એક જુદા જ ટ્રેક ઉપર વહી જાય છે. હવે લોભ એક સદ્‌ગુણ બને છે. શોષણ એક કાર્યક્ષમતા ગણાય છે. ચોરી કે ભ્રષ્ટાચાર આવડત, હકીકત અને હોશિયારી ગણાય છે. ભાષાના અનેક શબ્દોના સાંસ્કૃતિક સંદર્ભો જ બદલાઈ જાય છે.

આ ગ્રાહકત્વ અને માણસત્વના સૂક્ષ્મ ભેદમાં ક્યારેક ગાંધીનાં અગિયાર મહાવ્રતોને ગોઠવી જોવા જેવું છે.

આ મહાવ્રતો માણસલક્ષી છે જ પણ તેથી વિશેષ, એક વાંચ્છનીય સમાજ માટે વ્યાપક સંવેદના અને જવાબદારીભર્યા નાગરિક સર્જવામાં પણ તે જરૂરી છે. અલબત્ત, આ મહાવ્રતોને સમય અને પરિસ્થિતિ પ્રમાણે વધુ કે ઓછી માત્રામાં ખાસ કષ્ટ વગર પાળી શકાય. દા.ત. બ્રહ્મચર્યનો અર્થ 'બળાત્કાર ન કરવો' એટલો થાય તોપણ સમાજ વધુ સ્વસ્થ બનશે.

**2. ઉત્પાદન-વ્યવસ્થાનો ઉદ્દેશ :**

મૂડીવાદમાં ઉત્પાદન-વ્યવસ્થાનો ઉદ્દેશ નફો છે. વધુમાં વધુ નફો મળે તે વાસ્તે એક તરફ મજૂરોનું શોષણ થાય છે તો બીજી તરફ ગ્રાહકોનું. મજૂરોના શોષણના મુદ્દે કાર્લ માર્ક્સે દ્વંદ્વાત્મક ભૌતિકવાદના વિચારને ક્રાંતિ માટેની અનિવાર્યતા સમજાવવા માટે પ્રયોજ્યો છે. પણ આ શોષણનો મુદ્દો ખરેખર તો ગ્રાહક-મજૂર વચ્ચે અટવાઈ જાય તે પૂરતું નથી. તેમાં બે પાસાં જાણીતાં છે પરંતુ તેને સ્પષ્ટ રીતે 'શોષણ' તરીકે જોડીને જોડવામાં આવતાં નથી.

(ક) મૂડીવાદમાં કુદરતી સંસાધનોનું એટલી હદે દોહન થાય છે કે હવે પૃથ્વી ઉપર 2050 પછી માનવજીવન હશે કે કેમ તેનો જ સવાલ ઊભો થયો છે.

(ખ) કોઈ પણ ભોગે નફો રળી લેવા વાસ્તે ઉદ્યોગપતિઓ ઈજારાશાહી તરફ વળે છે. અમેરિકાના ઇતિહાસમાં તેને 'એન્ટી ટ્રસ્ટ મુવમેન્ટ' તરીકે ઓળખવામાં આવે છે. પણ હવે ઉદ્યોગપતિઓએ રાજ્ય અને તંત્રને ભ્રષ્ટાચારથી પોતાના પક્ષે કરી લેવાનો રસ્તો અપનાવ્યો છે. હવેનો મૂડીવાદ 'ક્રોની' બનીને રાજ્ય અને ધર્મ સાથે સંકળાઈ ગયો છે. ઉદ્યોગ અને ધર્મ-બંને માણસને ગ્રાહક બનાવી ચૂક્યા છે. ખૂબીની વાત એ છે કે ઉદ્યોગ અને ધર્મ માણસને ગ્રાહકમાં સિફતપૂર્વક રૂપાંતરિત કરે છે. ઉદ્યોગ જાહેરાત દ્વારા ગ્રાહક બનાવે છે. આ બાબતે નારીદેહનું પ્રદર્શન કરવામાં આવે છે. તો ધર્મમાં ઘણી વાર શ્રદ્ધા અને ચમત્કારનો ઉપયોગ થાય છે. રાજ્ય આ ક્ષેત્રે વિધાયક અને વૈજ્ઞાનિક સમજવાળું વલણ દાખવે તે જરૂરી ગણાય.

ગાંધીજી આ માણસત્વને ઉદ્યોગમાં પણ ટકાવી રાખવા વાસ્તે ટ્રસ્ટીશિપનો વિચાર આપે છે. જો મૂડીવાદને કાર્યક્ષમતા, નવીન શોધખોળો હરીફાઈ વગેરે જેવાં સારી અને પ્રગતિશીલ તત્ત્વોમાં રસ હોય તો તેણે કોઈ પણ ભ્રષ્ટાચાર બંધ કરીને ટ્રસ્ટીશિપ પ્રમાણે જ ઉદ્યોગો ચલાવવા જોઈએ.

સોવિયત યુનિયન અને ચીનના શાસને 'માણસ' સાથે જે ક્રૂરતાપૂર્વક વ્યવહારો આચર્યા છે તે શેતાન અને રાક્ષસની કલ્પનાથી પણ બહાર છે. બીજી તરફ આધુનિક મૂડીવાદમાં 'માણસ' બે-મોત મરી રહ્યો છે. જેની બોલબાલા છે તે મૂડીવાદ તાર્કિક રીતે અકાટ્ય મૉડલ રજૂ કરે છે. પણ વાસ્તવમાં ધર્મ-મૂડી અને રાજ્યનું મેળાપીપણું માણસોના શોષણ અને પર્યાવરણીય સંસાધનોના દોહન ઉપર ઊંચું છે. ગાંધીવિચારને કોઈ બ્લ્યૂ પ્રિન્ટ તરીકે લેવાને બદલે તેમાં આધુનિકતાનો પાસ ઉમેરતા રહીએ તો માનવજીવન ટકી શકશે. ગાંધીના 'મોક્ષમાર્ગ'માં નાસ્તિક-બૌદ્ધિકને ભલે ભરોસો ન બેસે પણ હવે તો અસ્તિત્વની લડાઈ જ શરૂ થઈ ચૂકી છે. આથી જ 'એપ્રોપ્રિએટ ટેક્નૉલોજી'માં એપ્રોપ્રિએટ એટલે 'ગાંધી-પ્રબોધિત' એવો અર્થ કરવો રહ્યો. •

# જાતીય સતામણી અંગેની નારીવાદી સમજ, કાયદાકીય જોગવાઈઓ અને 'સામાજિક માધ્યમો' થકી નારીવાદ

– પ્રો. રાજસી ક્લાર્ક*

**પ્રસ્તાવના :**

નારીવાદ વિશે સામાન્ય રીતે એવી સમજ પ્રવર્તે છે કે તે પુરુષથી અલગ જાતિ તરીકેની સ્ત્રીની ઓળખ ઊભી કરવાની મથામણ છે. આ સંદર્ભ પ્રમાણે એ સ્ત્રીને પોતાની પોતીકી 'જાતીયતા' ધરાવતી અલગ જાતિ તરીકે પ્રસ્થાપિત કરે છે. નારીવાદી ઇતિહાસના જુદા જુદા તબક્કાઓમાં જાતીયતાના વિભિન્ન ઘટકો-જેવા કે ઓળખ, જાતીય અભિમુખતા / ઇચ્છા કે જાતિ આધારિત હિંસા – અન્ય ઘટકો કરતાં વત્તા-ઓછા અંશે વધુ તીવ્રતાથી ઊપસી આવ્યા છે.

જેમ કે 1980ના દાયકામાં નારીવાદનો અર્થ પુરુષો દ્વારા સ્ત્રીઓ ઉપર વિવિધ પ્રકારે થતી જાતીય હિંસા સામે લડત આપવી અને આવી હિંસા સામે કાનૂની દાદ માંગવી, એમ થતો હતો. ઉદાહરણ તરીકે ક્રિમિનલ લૉ એમેન્ડમેન્ટ ઍક્ટ 1983, જેમાં હવાલાની બળાત્કારના આક્ષેપવાળા કિસ્સાઓમાં નિર્દોષતા સાબિત કરવાની જવાબદારી આરોપીની ઉપર નાખવામાં આવી, જે આક્ષેપો અગાઉ બળાત્કારનો ભોગ બનનાર પીડિતાએ સાબિત કરવાના રહેતા હતા. આ બદલાવ પાછળનું કારણ આદિવાસી યુવતી મથુરાના બળાત્કારીઓને સુપ્રીમ કોર્ટ દ્વારા તત્કાલીન કાનૂની જોગવાઈઓની મર્યાદાના કારણે અપાયેલી મુક્તિ સામે ઊઠેલા પ્રચંડ નારીવાદી વિરોધવંટોળને ગણી શકાય.

1990નો દાયકો અને વર્તમાન સદીની શરૂઆતનાં થોડાંક વર્ષો દરમ્યાન નારીવાદી કર્મશીલો દ્વારા સમલૈંગિક અને અન્ય વિશિષ્ટ પ્રકારના જાતીય સંબંધોની સામાજિક તથા કાનૂની સ્વીકૃતિ જેવી બાબતો અંગે અને તે દ્વારા નારીની જાતીય અભિમુખતાના રાજ્ય તથા સમાજ દ્વારા સ્વીકાર કરાવવા અંગેની ચળવળોથી માધ્યમોમાં છવાયેલો રહેશે.

જોકે તમામ પ્રકારની કાનૂની સુધારણા જાતીય હિંસાના પ્રતિકાર તથા અવરોધો હોય કે જાતીય અભિમુખતાની સ્વીકૃતિ હોય–જ્યાં અમલીકરણનો મુદ્દો આવ્યો, ત્યાં ક્યાંતો આંશિક અમલીકરણના મુદ્દે અથવા તો પૈતૃક વિચારસરણી ધરાવતી અમલદારશાહી અને કાયદાવ્યવસ્થા દ્વારા ઓછા કિસ્સાઓમાં ગુનેગારોને સજા મળી, તે મુદ્દે સતત અસંતોષના સૂર પણ નારીવાદી કર્મશીલો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યાં.

**'નિર્ભયા કેસ ચુકાદો અને જાતીય હિંસા અંગેના કાયદામાં આવેલ બદલાવ' :**

2012ના અત્યંત ઘૃણાસ્પદ અને બહુચર્ચિત દિલ્હી ગેંગરેપ કેસ, જે 'નિર્ભયા' કેસ તરીકે માધ્યમોમાં છવાયેલ રહ્યો, તેના કારણે નારીવાદનું ધ્યાન ફરી એક વાર સમાજમાં તમામ સ્તરે સ્ત્રીઓ વિરુદ્ધ દમનના ભાગરુપે પ્રસરતી જતી જાતીય હિંસા તરફ વળ્યું. ડિસેમ્બર-2012માં દિલ્હીમાં તબીબી વિદ્યાર્થિની પર થયેલ ગેંગરેપ અને અમાનુષી અત્યાચારે સમગ્ર દેશમાં ગુસ્સાનો ઉત્તેજનાપૂર્ણ જુવાળ પ્રગટ્યો અને પ્રચંડ વિરોધનાં જાહેરમાં પ્રદર્શન થયાં. જે 1980થી છેક નીચલા સ્તરેથી શરૂ થયેલા નારીવાદી વિરોધોનું રૂપાંતરણનું કંઈક અંશે નાટ્યાત્મક પ્રદર્શન અથવા આવિર્ભાવ હતો.

આ વિદ્રોહના પરિણામે ત્રણ ખૂબ જ મહત્ત્વના દસ્તાવેજો બન્યા.

1. પ્રથમ દસ્તાવેજ જસ્ટિસ જે. એમ. વર્મા કમિટિ (JVC) રિપોર્ટ છે, જે જાતીય હિંસા વિશેની સમજમાં નમૂનારૂપ બદલાવ લાવ્યો. આ રિપોર્ટ વ્યાપક પ્રમાણમાં લોકસંપર્ક કરીને અને મહિલા ચળવળોમાંથી માહિતી એકત્ર કરીને બનાવવામાં આવ્યો હતો.

**JVC રિપોર્ટની મુખ્ય ભલામણો આ મુજબ હતી :**

- વૈવાહિક બળાત્કારનું અપરાધીકરણ.
- મારપીટ અને બળાત્કારનો આરોપ હોય તેવા રક્ષક દળોના સભ્યો સામે ફોજદારી મુકદ્દમા માટે મંજૂરી આપતી જોગવાઈઓ.
- બળાત્કારની વ્યાખ્યામાં પરિવર્તન.
- જાતીય સંપર્ક તરીકે ગણાતી કેટલીક રીતોને જાતીય

* નિયામક, સમાજ વિદ્યાભવન, અધ્યક્ષ મજુર કલ્યાણ વિભાગ અને ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. Contact : rclerk4@gmail.com

હિંસા તરીકે ગણવા અંગેની જોગવાઈઓ.

- ઍસિડ હુમલો, અવૈધ વિક્રય, પીછો કરવો, શાબ્દિક છેડતી, દર્શનરતિ વગેરેની અપરાધ તરીકે ગણતરી.
- કોમી હિંસા દરમ્યાન થયેલ બળાત્કારને ઉત્કટ અપરાધ ગણવો.
- જાતીય અપરાધના આક્ષેપો ધરાવતા રાજકારણીઓ ઉપર ચૂંટણી અંગેનાં નિયંત્રણો.

2. ઉપરોક્ત રિપોર્ટના અનુસંધાનમાં જે કાનૂની ફેરફારો ઉદ્ભવ્યા, તેમાં ધ ક્રિમિનલ લૉ એમેન્ડમેન્ટ એક્ટ, 2013નો સમાવેશ થાય છે. જે દ્વારા જાતીય હિંસા સંબંધિત, ખાસ કરીને બળાત્કાર સંબંધિત કાયદામાં આ મુજબ ફેરફારો કરવામઁ આવ્યા.

- બળાત્કાર અંગેના કાયદામાં કાયદાકીય રીતે લઘુતમ સાત (7) વર્ષની સજા.
- કાનૂની રીતે સંમતિની ઉંમર 16 વર્ષથી વધારીને 18 વર્ષ કરવામાં આવી.
- બળાત્કારની વ્યાખ્યાનો વ્યાપ વધારવામાં આવ્યો.
- કલમ 354નો ઇન્ડિયન પીનલ કૉડમાં ઉમેરો જે દ્વારા જાતીય સતામણીને વ્યાખ્યાયિત કરવામાં આવી. પરંતુ JVCની ભલામણોના અનુસંધાનમાં નીચેની બાબતો અંગે કાનૂની જોગવાઈઓ ઘડવામાં આવી નહીં, જેમાં :
- લગ્નજીવન દરમ્યાન બળજબરીથી થતા જાતીય સંબંધનો બળાત્કારની વ્યાખ્યામાં સમાવેશ.
- રક્ષક દળો દ્વારા જાતીય હુમલા સામે રક્ષણ.
- જાતીય હુમલા અંગે જાતીય તટસ્થતાની વિભાવનાનો અસ્વીકાર, (એટલે કે પીડિતને સ્ત્રી તથા ગુનો કરનારને પુરુષ માનીને હજુ પણ કાયદો જોગવાઈ કરે છે).
- જાતીય ગુનાનો ઇતિહાસ ધરાવતા રાજકારણીઓને ચૂંટણી અંગેનાં નિયંત્રણોનો અભાવ.

3. ત્રીજો દસ્તાવેજ કાર્યસ્થળે સ્ત્રીઓની જાતીય સતામણી અંગેના મહત્ત્વના કાનૂન અંગેનો ઘડાયો.

સ્ત્રીઓની કાર્યસ્થળે જાતીય સતામણી (અટકાવવી, પ્રતિબંધિત કરવી અને કાબૂમાં લેવી) અંગેનો કાયદો, 2013ની રચના પણ 'નિર્ભયા' કેસની વ્યાપક અસરના ભાગરુપે કરવામાં આવી. 'POSH' તરીકે પણ પ્રચલિતપણે જાણીતા આ કાયદામાં 'કાર્યસ્થળ'ની વ્યાખ્યા વિસ્તૃતપણે કરવામાં આવી. જેમાં સરકારી અથવા ખાનગી સંસ્થાઓ, વાણિજ્યિક, વ્યવસાયિક, શિક્ષણ, મનોરંજન ક્ષેત્ર, ઉદ્યોગો, નાણાકીય પ્રવૃત્તિઓ, હૉસ્પિટલો તથા નર્સિંગ હોમ, શૈક્ષણિક સંસ્થાઓ, રમતગમત માટેની સંસ્થાઓ જેવી કે સ્ટેડિયમ અને રહેઠાણનાં સ્થળો, જ્યાં સ્ત્રીઓને રોજગારી મળે છે, તે તમામને આ વ્યાખ્યામાં સમાવી લેવામાં આવ્યાં છે.

વધુમાં, કામના બદલાતા જતા પ્રકારને ધ્યાનમાં રાખીને આ કાયદામાં 'કાર્યસ્થળ'ની વ્યાખ્યાને વિસ્તૃત બનાવવામાં આવી છે. જેમાં મહિલા કર્મચારી કામના ભાગરુપે જે સ્થળોની મુલાકાતે જાય છે, જેમાં કાર્યસ્થળે જવા-આવવા માટે માલિક દ્વારા પૂરા પાડવામાં આવતાં વાહનવ્યવહારને પણ સમાવી લેવામાં આવેલ છે. આ તમામનો 'કાર્યસ્થળ'ના વિસ્તૃત અર્થમાં સામેલ કરવામાં આવેલ છે.

આ કાયદામાં 'પીડિત મહિલા'ની વ્યાખ્યામાં તમામ પ્રકારની રોજગારી ધરાવતી મહિલાઓ–જેમાં વિદ્યાર્થી, ઘરેલુ કામ કરતી સ્ત્રીઓ, કાયમી / કામચલાઉ / દૈનિક વેતન ઉપર કામ કરતી સ્ત્રીઓ, સ્વૈચ્છિક રીતે કામ કરતી સ્ત્રીઓ, તાલીમી મહિલા કર્મચારીઓ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો.

**જાતીય સતામણી–નારીવાદી વિભાવના અને કાનૂની જોગવાઈઓ :**

જાતીય હિંસા / જાતીય સતામણી અંગેની નારીવાદી વિભાવના અને એ અંગેનો કાનૂની ખ્યાલ–આ બંનેમાં હજુ અંતર જોવા મળે છે. રૂક્મણી એસ. (2013)ના એક અભ્યાસમાં દિલ્હીના 6 રાજ્યોની કોર્ટમાં બળાત્કારની 600 ફરિયાદોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં ફરિયાદ મા-બાપ દ્વારા કરવામાં આવી હતી. મોટાભાગના કિસ્સામાં ફરિયાદો એવા કિસ્સામાં કરવામાં આવી હતી, જ્યારે દીકરીએ મા-બાપની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કર્યાં હતાં. જે દર્શાવે છે કે કાનૂન સમાજની પૈતૃક વિચારસરણીને અનુસરે છે. જ્યારે નારીવાદી વિભાવના બળાત્કારને સ્ત્રીના શરીરની અખંડતા સામેના ગુના તરીકે જુએ છે પરંતુ સમાજ અને પૈતૃક વિચારસરણી બળાત્કારને કુટુંબની

પ્રતિષ્ઠા સામેના ગુના તરીકે જુએ છે.

આ વિચારભેદને પરિણામે એક અભિવ્યક્તિનું નવું માધ્યમ, જાતીય હિંસા અને બળાત્કારના કિસ્સાઓને સમાજ સમક્ષ લાવવા માટે, અપનાવવાની જરૂરિયાત નારીવાદી કર્મશીલોએ અને પીડિતોએ અનુભવી, જ્યાંથી જન્મ થયો–'સોશિયલ મીડિયા આધારિત નારીવાદ' 'સોશિયલ મિડિયા ફેમિનિઝમ' –જેને હવે નારીવાદનો ચોથો તબક્કો તરીકે વર્ણવવામાં આવે છે, તેનો ઉદ્ભવ # Metoo (# મને પણ ?) ચળવળથી થયો. જાતીય સતામણીનો ભોગ બનેલ પિડિતાઓની ભૂતકાળની ગર્તામાં કેદ થયેલા અને ઊંડે ઘરબાઈ ગયેલા જાતીય હિંસા અને હેરાનગતિના કડવા અનુભવોને, સમાજ સમક્ષ પોતાના શબ્દોમાં રજૂ કરવાની તક આ '# મને પણ' ચળવળે પૂરી પાડી છે. જોકે તે હજુ તો ઊભરતો વિષય છે અને નારીવાદીઓ પણ આમાં બે વિભાગમાં વહેંચાઈ ગયેલા છે, તેમ છતાં પણ આ પ્રવૃત્તિની અસરકારકતા તેમજ વિસ્તારની ઉપેક્ષા કરી શકાય તેમ નથી.

**# મને પણ ચળવળના ફેલાવા અને ઉદ્ભવ અંગે સૌથી અસરકારક સમજૂતી કીર્તાના કે. ટેલ્લા (2018)ના નીચેના વાક્યમાંથી મળે છે :**

'સોશિયલ મીડિયાના ઉપયોગ અને ઈન્ટરનેટથી જોડાયેલ નવા વૈશ્વિક સમાજમાં લાંબાં અંતરો અથવા એકલવાયા છૂટક અનુભવો બંનેથી કોઈ ફરક પડતો નથી. હવે જાતીય સતામણી અંગેના અનુભવોને અન્યો સાથે વહેંચવા માટેના આ (# Me too) નવા માધ્યમના કારણે આવા અનુભવોની વહેંચણી શક્ય બની છે. આ 'સોશિયલ મીડિયા ફેમિનિઝમ' છે, જેને કેટલાંક 'fourth wave of feminism' તરીકે વર્ણવે છે.' (Keertana K. Tella, 2018)

'# મને પણ' ચળવળ એક વૈશ્વિક સામાજિક ચળવળના તમામ લક્ષણો ધરાવે છે, જેવાં કે :

(1) જાતીય સતામણીનો અનુભવ થયો છે, તેવી સમગ્ર દુનિયાની તમામ સ્ત્રીઓની એક સામૂહિક ઓળખ ઊભી કરવી.

(2) જાતીય સતામણીની ઘટનાઓ અંગેની અજ્ઞાનતા અને તે અંગે પગલાં ભરવાની નિષ્ક્રિયતા સામે બંડ પોકારી તે અંગે કંઈક કરવા માટે ફરજ પાડવી.

(3) સામાજિક પરિવર્તનના નામે વિભિન્ન પ્રકારના અને પ્રદેશોના લોકોનું નજીક આવવું.

સોશિયલ મીડિયાનું પ્રચલિત સાધન ટ્વિટર '# મને પણ' ચળવળને માટે એક માધ્યમ બની ગયું છે. તેની શરૂઆત ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં અભિનેત્રી ઍલીસા મીલાનોએ હાર્વે વીનસ્ટીન દ્વારા ફિલ્મ ઉદ્યોગની મહિલાઓની નિરંતર થઈ રહેલી જાતીય સતામણી અને દબાણ સામે ઝીંક આપનાર મહિલાઓને થયેલ આહ્વાન સ્વરૂપે થઈ હતી. ટ્વિટર ઉપર મુકાયેલ આ સંદેશાને બાર કલાક જેટલા ટૂંકા સમયગાળામાં ને 120 લાખ લોકોએ પ્રતિભાવ આપ્યો અને કદાચ ટેક્નૉલોજીના માધ્યમથી સૌથી ઝડપથી પ્રસરેલ ચળવળ તરીકે # Me too ચળવળ પ્રસ્થાપિત થઈ ગઈ જે આ પ્રકારના બનાવોની ગંભીરતા અને વ્યાપકતા દર્શાવે છે.

**'# Me too' ('- મને પણ') ઉદ્ભવ :**

આ ચળવળ પ્રચલિત અને વેગવાન છેલ્લાં બે વર્ષમાં બની છે. પરંતુ તેનાં મૂળિયા ઊંડાં છે. તરાના બર્ક દ્વારા 2006માં યુવા અશ્વેત મહિલાઓ, જેઓ જાતીય સતામણીનો કે હિંસાનો ભોગ બનેલ હોય, તેઓની સહાય માટે એક સ્વૈચ્છિક સંસ્થાની સ્થાપના કરવામાં આવી, આ સંસ્થાએ જે ચળવળ ચલાવી તેનું નામ આપ્યું - Me too. આ ચળવળનું ધ્યેય જે જાતીય હિંસાના પીડિત મહિલાઓ હતી, તેઓના માટે સહાનુભૂતિ દ્વારા તેઓનું સશક્તીકરણ કરવાનું હતું, જેથી પીડિતોની ગુનેગાર હોવાની દોષભાવના દૂર થાય. (ગાર્સિયા 2017).

બર્ક દ્વારા મૂડીવાદ અને પૈતૃક અભિગમ વચ્ચે રહેલા સંબંધને હૉલિવુડમાં વ્યાપક પ્રમાણમાં જાતીય સતામણી, જાતીય હિંસા માટેનાં જવાબદાર પરિબળો ઠેરવવામાં આવ્યાં. બર્કે પ્રતિપાદિત કર્યું કે આ ચળવળનો હેતુ માત્ર ફિલ્મ ઉદ્યોગની શક્તિશાળી હસ્તીઓ દ્વારા થતા જાતીય શોષણ વિરુદ્ધ લડત આપવાનો જ નથી, પરંતુ એક સરેરાશ મહિલાને તેના અંગત જીવન કે

કાર્યજીવનમાં જે જાતીય સતામણી, જાતીય હુમલા કે અપમાનતાનો અનુભવ થાય છે તેમાં પણ આ જ પદ્ધતિનો ઉપયોગ કરીને પીડિતોને મદદરૂપ થવાનો છે. બર્ક દ્વારા શરૂ કરાયેલ આ ચળવળ જેમાં ચોક્કસ કાર્યક્ષેત્રમાં કાર્ય કરતી ચોક્કસ જાતિની સ્ત્રીઓએ વેઠવી પડતી જાતીય હિંસા અને સતામણી કેન્દ્રસ્થાને હતી, તે આજે વિશ્વનાં તમામ ક્ષેત્રોમાં અને ખૂણાઓમાં કાર્ય કરતી મહિલાઓના સમગ્ર અનુભવને આવરીને આગળ વધી રહી છે.

માર્ગારેટ ઍટવુડ (2018) જેવા પ્રખર નારીવાદી વિચારક અને કર્મશીલ # Me tooના ઉદ્ભવ અને વ્યાપકતાને કાનૂની પદ્ધતિઓની નિષ્ફળતાના પરિણામ-સ્વરૂપ માને છે. તેઓ આ ચળવળના ભયસ્થાન સામે પણ ધ્યાન દોરે છે અને જણાવે છે કે કાનૂની પદ્ધતિઓની નિષ્ફળતા સત્તાનાં નવાં સમીકરણો તરફ દોરી જશે, જેમાં 'lynch-Mob habit' (ટોળા દ્વારા ન્યાયની આદત ?) એક મોટું જોખમ બનશે.

**ભારતમાં # Me too :**

ભારતમાં એકવીસમી સદીના 'સહસ્રાબ્દી નારીવાદીઓ' દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમનો ઉપયોગ ભારતીય મહિલાઓ ઉપરના દમનનાં જુદાં જુદાં સ્વરૂપો અંગે વિચારવિમર્શ માટે મહદ્અંશે કરવામાં આવ્યો છે. આ નારીવાદીઓએ વિશિષ્ટ પ્રકારની ચળવળો દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી એ વાતનો સતત પ્રતિકાર કર્યો કે મહિલાઓ સામેના જાતીય સતામણીના કિસ્સાઓમાં મહિલાઓ પોતે જ કસૂરવાર હોય છે, સોશિયલ મીડિયાના માધ્યમથી ભારતમાં 2011માં 'Slut Walk' અને 2017માં 'Bekhauf Azadi' જેવી ચળવળો નારીવાદીઓ દ્વારા શરૂ કરવામાં આવી. જેમાં મહિલાઓ સામેના જાતીય સતામણીના કિસ્સાઓમાં પીડિતા પોતે જ જવાબદાર છે, તેવી માનસિકતા દર્શાવવામાં આવી. (કુરિયન 2018).

ભારતમાં # Me too ચળવળની શરૂઆત પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓમાં જાતીય સતામણી માટે જવાબદાર કેટલાક પ્રતિષ્ઠિત શિક્ષણવિદોના નામોને રાયા સરકાર દ્વારા તેઓની સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાહેર કરવાથી થઈ. તેઓ દ્વારા 2017માં List of sexual Harassersin Academia–Lo SHA મૂકવામાં આવ્યું, જેમાં વિશ્વભરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષણવિદોનાં નામ હતાં, જેઓ સામે જાતીય સતામણીની ફરિયાદો વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. રાયા સરકારે એક દૈનિકને આપેલ મુલાકાતમાં જણાવ્યું કે તેઓ પણ # Me too ચળવળની અસરકારકતાથી પ્રભાવિત હતા, અને તેથી જ તેમણે આ પહેલ કરી, જેથી પૈતૃક સત્તાના પ્રભાવ નીચે કાર્ય કરતી તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થિનીઓ માટે પ્રોફેસરો દ્વારા થતી જાતીય સતામણી એક હકીકત છે અને તે અંગે ભાવિ પેઢીને જાગ્રત કરવી ઘટે. (Raya Sarkar interview–The New Indian Express Published–26.10.2017, rertrieved on 25-4-19 2.33 p.m.)

શિક્ષણક્ષેત્રમાં શરૂ થયેલ આ ચળવળ ભારતમાં ત્યારબાદ 2018માં ફિલ્મ ઉદ્યોગ તથા ઈલેક્ટ્રૉનિક તથા પ્રિન્ટ મીડિયા ઉદ્યોગ સુધી હવે પહોંચી ગઈ છે. ફિલ્મ અભિનેત્રીઓ દ્વારા નિર્દેશકો, સંગીતકાર, અભિનેતાઓ, સ્ક્રિપ્ટ લેખકો જેવા ફિલ્મ સાથે સંકળાયેલ વિવિધ કર્મીઓ સાથે વર્ષો પહેલાં થયેલ જાતીય સતામણીના કિસ્સાઓને પ્રકાશમાં લાવવામાં # Me too ચળવળે મોટો ભાગ ભજવ્યો છે.

આમ, આ ચળવળે હવે વૈશ્વિક ચળવળનું સ્વરૂપ લીધું છે અને નારીવાદ અંગેના વાર્તાલાપમાં ભૌગોલિક અથવા તો અન્ય કોઈ પણ પ્રકારની સરહદોના અસ્તિત્વને વટાવી દીધું છે.

**'# મને પણ' બે પેઢીઓ વચ્ચેનાં અંતર અને આંતરવિભાગીય અભિગમ :**

નારીવાદી ચળવળમાં '# મને પણ' ચળવળે જાતીય સતામણીની સામેના શસ્ત્ર તરીકે જોમ લાવી દીધું છે, તો સાથોસાથ બે પેઢી વચ્ચે એક અંતર પણ ઊભું કરી નાખ્યું છે. પશ્ચિમના દેશોમાં અને ભારતમાં '# મને પણ' ચળવળની પદ્ધતિઓ સામે જૂની પેઢીના નારીવાદીઓએ શંકા વ્યક્ત કરી છે. રાયા સરકાર દ્વારા જે રીતે પ્રોફેસરની યાદી જાતીય સતામણીના આરોપી તરીકે સોશિયલ મીડિયામાં એક 'open source' મૂકવામાં આવ્યું.

તેનાથી નારીવાદીઓનું ધ્રુવીકરણ થવા પામ્યું. આ યાદીમાં સમાવિષ્ટ પ્રોફેસરોમાંના મોટાભાગના ઉચ્ચ જ્ઞાતિઓના હોઈ, દલિત મહિલાઓના મંચ દ્વારા સોશિયલ મીડિયા ઉપર જાતીય શોષણને શૈક્ષણિક સંસ્થાઓના જ્ઞાતિ આધારિત સત્તાના માળખાના સાથે અને પૈતૃક વૈચારિક વ્યવસ્થા સાથે જાતીય સતામણીની બાબત સીધી સંકળાયેલી હોવાની પણ રજૂઆત કરવામાં આવી. આમ, જે ચળવળનો મહિલાઓની જાતીય સતામણી તથા જાતીય હિંસાના પ્રતિકારના મંચ તરીકે ઉદ્‌ભવ થયો હતો, તેના ઉપયોગ અંગે નારીવાદીઓમાં તિરાડ પડેલી જોવા મળે છે.

**ઉપસંહાર :**

'# મને પણ' ચળવળની સમાવિષ્ટતા અને સાતત્ય તેનું વૈશ્વિક ફલક બતાવે છે. સાથે સાથે એ સત્ય તરફ પણ ધ્યાન ખેંચે છે કે વિવિધ સ્તરની મહિલાઓ એક સમાન વિશેષાધિકાર ધરાવતી નથી. આ ચળવળને જુદા જુદા પ્રકારની સત્તાના માળખાઓ સાથે જોડાણ છે, એ સમજવું જરૂરી છે. સાથે સાથે વિવિધ વર્ગોની સ્ત્રીઓના જાતીય સતામણી અંગેના અનુભવો અલગ હોઈ શકે છે, જે આ ચળવળ અંતર્ગત વણી લેવા જરૂરી છે. ચળવળની વ્યાપકતા જ તેનું મહત્ત્વ સૂચવે છે.

**સંદર્ભસૂચિ :**


1. Tella, Keertana K. (2018)' #Me Too : An International Concersation on Sexual Violence Impacting Feminist Discourse Across Borders', Econimic and Political Weekly - Vol. 53, Issue No. 43, 27 Oct https://www.epw.in/engage/article/towards-complex-feminist-solidarities-list-sta...
2. Burke, Tarana (2017) : 'Me too was started for Black and Brown Women and Girls, They're Still Being Ingnored,' The Washington Post, 9 November https://www.washingtonpost.com/news/post-nation/wp/2017/11/09/the-waitre...
3. Milano, Alyssa (2017) (If you've been sexually haraseed or assaulted write 'me too' as a reply to this tweet. pic.twitter.com/k2oeCiUf9n—@Alyssa_Milano) October 15
4. James, P., & Van Seters, P. (2014) : Global social movements and global civil society : a critical overview, In P. James, Paul & P. Van Seters (Eds.) Globalization and Politics, Vol. 2 : Global Social Movements and Global Civil Society (p. vii-xxx), London, Sage Publications.
5. Garcia, Sandra E (2017) : 'The Woman Who Created #Me Too Long Before the Hashtags', New York Times, 20 October https://www.nytimes.com/2017/10/20/us/me-too-movement-tarana-burke.html
6. India's Law on Prevention of Sexual Harassment at the Workplace, October 2018, https://www.nishithdesai.com/fileadmin/user upload/pdfs/Research%20Papers/Prevention of Sexual Harassment at Workplace.pdf
7. Atwood, Margaret (2018) : 'Am I a Bad Feminist?' The Globe and Mail, 13 January, https://www.theglobeandmail.com/opinion/am-i-a-bad-feminist/article37591823/.
8. Kurian, Alka (2018) : '#Me Too is riding a new wave of feminism in India,' The Conversation, I February. https://theconversation.com/metoo-is-riding-a-new-wave-of-feminism-in-in...
9. Rao, Pallavi (2018) : 'Caste and the LoSHA Discourse,' Communication, Culture and Critique, Vol. 11, Issue 3, I September 2018, pp. 494-97 https://academic.oup.com/ccc/article/11/3/494/5076404.
10. Harding, Kate (2018) : 'The Intergenerational Divide Over # Me Too in Both Painful and Necessary,' 20 January, NBC News, https://www.nbcnews.com/think/opinion/intergenerational-feminist-divide-over-metoo-both-painful-necessary-ncna838936


•

# ભારતનાં શ્રમબજારમાં મહિલા શ્રમિકો : ભેદભાવના આયામો

– મંજુલા લક્ષ્મણ*

'Man is defined as a human being and woman as a female–whenever she behaves as a human being she is said to imitate the male.'

*Simone de Beauvoir*

**ટૂંકસાર :**

સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવ અધિકારની સાર્વત્રિક ઘોષણા તેમજ ભારતમાં મહિલાઓને બંધારણ દ્વારા મૂળભૂત માનવ અધિકારો પૂરા પાડવામાં આવ્યા છે, છતાં દેશની સામાજિક વ્યવસ્થામાં મહિલાઓ દ્વિતીય સ્થાન ધરાવે છે, જેનો પ્રભાવ તેઓની આર્થિક બાબતો ઉપર જણાય છે. પ્રસ્તુત અભ્યાસનો મૂળ ઉદ્દેશ્ય ભારતના શ્રમબજારમાં મહિલાઓની સહભાગીદારી અને અવરોધો જાણવાનો છે. દ્વિતીય સ્વરૂપની માહિતીના સ્રોતોના આધારે અમે શ્રમબજાર મહિલાઓની ભાગીદારી, તેઓનાં વેતન અને બેરોજગારીની સ્થિતિ તપાસી છે. શ્રમબજારમાં ભેદભાવ શા માટે થાય છે તે અંગે આર્થિક અભિગમો રજૂ કર્યા છે, તેમજ એનએસએસઓનો 68મો રોજગારી બેરોજગારીનો હેવાલ (2012), આંતરરાષ્ટ્રીય શ્રમસંગઠનનો હેવાલ (2016, 2018) અને વિવિધ અભ્યાસોનો આધાર લેવાયો છે. અભ્યાસનું મહત્ત્વનું તારણ છે કે, ભારતના શ્રમબજારમાં મહિલાઓની સહભાગિતા નીચી તેમજ સતત ઘટતી રહી છે, પુરુષની સાપેક્ષમાં વિવિધ શિક્ષણ સ્તરે પણ તેઓની સાથે વેતનમાં ભેદભાવ જોવા મળે છે અને બેરોજગારીનું પ્રમાણ ઊંચું છે. મહિલાઓ તેના કુટુંબ માટે જે બિનવળતરની પ્રવૃત્તિઓ કરે છે તેનો સમાવેશ રોજગારીમાં કરવામાં આવતો નથી, પરિણામે મહિલા શ્રમશક્તિનું સાચું ચિત્ર પ્રાપ્ત થતું નથી.

**મુખ્ય સૂર : મહિલા-શ્રમબજાર-સહભાગિતા-વેતન ભેદભાવ-બેરોજગારી-ભારત**

**પ્રસ્તાવના :**

1948માં સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવ અધિકારની સાર્વત્રિક ઘોષણામાં તમામ માનવજીવો અને દરેક વ્યક્તિ માટે સમાન માનવ અધિકારને પ્રસ્થાપિત કરવામાં આવ્યો અને સ્વીકારવામાં આવ્યું કે, મહિલાઓના અધિકારો એ જ માનવ અધિકાર છે.** ભારતના બંધારણમાં સમાનતાના મૂલ્યને સ્થાપિત કરવા માટે મહિલાઓને સમાન અધિકાર આપવામાં આવ્યા છે જેમ કે કલમ 14 (કાયદા સમક્ષ સમાનતા), કલમ 16 (તકની સમાનતા), કલમ 37-અ (જીવન જીવવાનાં સાધનો ઉપરના અધિકારમાં સમાનતા), કલમ 39-5 (સમાન કામ માટે સમાન વેતન), મહિલાઓને કુદરતી અધિકાર, માનવ અધિકાર અને મહિલા માનવ અધિકાર પ્રદત્ત છે પરંતુ ધાર્મિક અને સામાજિક માળખું તેઓની સુખાકારી અને સક્ષમતા સર્જન સામે અનેક અવરોધોનું સર્જન કરે છે. પરિણામે વૈશ્વિક સ્તરે માનવ અધિકારો અને ભારતમાં બંધારણીય અધિકારો હોવા છતાં મહિલાઓ જમીન સંસાધન, શિક્ષણ, ગતિશીલતા, રોજગારીની તકો, આવાસ, ખોરાક વગેરે ઉપર સમાન અધિકારો મેળવી શકતી નથી, પરંપરા અને સંસ્કૃતિના નામે રોજ-બરોજ હિંસાનો ભોગ બને છે. (Roy, 2010). વિશ્વમાં અડધી વસ્તી મહિલાઓની છે તેમ છતાં તેમના દ્વિતીય જાતિદરજ્જાના કારણે સામાજિક-આર્થિક અને રાજકીય ક્ષેત્રે લઘુમતી તરીકે વર્તણૂક દાખવવામાં આવે છે. લઘુમતી જૂથના સભ્યો ઊંચી બેરોજગારી, બેરોજગારીની ઊંચી સંભાવના અથવા અર્ધ રોજગારી ધરાવતાં ક્ષેત્રો સાથે જોડાયેલા જોવા મળે છે. વિવિધ અભ્યાસો જણાવે છે કે ભારતના શ્રમબજારમાં પુરુષોની સાપેક્ષમાં મહિલાઓની સહભાગિતા નીચી છે તેમજ તેમની

* સહપ્રાધ્યાપક, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. manjula@gujaratvidyapith.org

** UNHR.Women's Right are Human Rights. https://www.ohchr.org./Documents/Events/WHRD/WomenRightsAreHR.pdf.Assessed on 20 November 2018

સાથે ભેદભાવપૂર્ણ વર્તણૂક જોવા મળે છે (રવિન્દ્રન 2016, ગીતિકા અને અન્ય, 2011; આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન, 2016, 2018; મહેતા અને મોહંતી, 2018; GGGR, 2018). આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (2016)નાં વેતન અંગેના વૈશ્વિક હેવાલમાં ભારતમાં વેતનની અસમાનતા સંદર્ભે લાલબત્તી ધરી જાતિ વેતન તફાવત અંગે જણાવે છે કે ભારતમાં ટોચના 10 ટકા શ્રમિકોને 42.7 ટકા જ્યારે તળિયાના 10 ટકા શ્રમિકોને 0.7 ટકા વેતન પ્રાપ્ત થાય છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (2018માં) નોંધે છે કે, ભારતના શ્રમબજારમાં જાતિ ભેદભાવ મહત્ત્વની લાક્ષણિકતા ધરાવે છે. વૈશ્વિકજાતિ અસમાનતા હેવાલ (2018) અનુસાર પ્રવર્તમાન સમયમાં મહિલાઓ સાથે થતી આર્થિક અસમાનતાની સ્થિતિ જોતાં એમ કહી શકાય કે આવનાર વર્ષ 2022 સુધી આ અસમાનતાને દૂર કરી શકાશે નહિ. આ હેવાલ મુજબ વિશ્વનાં કુલ 149 રાષ્ટ્રોમાં ભારતનો જાતિગત અસમાનતા ધરાવતાં રાષ્ટ્રોમાં 0.685 આંક સાથે 108મો ક્રમ પ્રાપ્ત કર્યો છે અને આર્થિક ક્ષેત્રે મહિલાઓની સહભાગીદારી અને તેને પ્રાપ્ત થતી તકોના સંદર્ભે 0.36 આંક સાથે 142મો ક્રમ પ્રાપ્ત કરે છે જે મહિલા સાથેના તીવ્ર આર્થિક ભેદભાવને સૂચવે છે.

શ્રમિકની જાતિ, વંશ, ધર્મ, રંગ દ્વારા રોજગારીના સ્રોત અને વેતન નિર્ધારિત થાય છે આથી સમાન કામ હોવા છતાં શ્રમિકો વચ્ચેના વળતરમાં તફાવત હોઈ શકે. ભારતમાં મહિલા અને પુરુષની કાર્યક્ષમતાની ભિન્નતાના આધારે નહીં પરંતુ ધાર્મિક, સામાજિક વ્યવસ્થાએ મહિલાઓને આપેલ ઓળખના આધારે કામની તકો અને વેતન નિર્ધારિત થાય છે. સામાજિક વ્યવસ્થામાં વર્ણ નિર્ધારિત વ્યવસાયો આજે પણ અનૌપચારિક ક્ષેત્રમાં એટલા જ પ્રભાવી છે, આજે પણ મહિલાની 'ગૃહલક્ષ્મી'ની સામાજિક ઓળખ વધુ મહત્ત્વની ગણાય છે અને તેનો પ્રભાવ શ્રમબજારમાં ભેદભાવ રૂપે જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં ભારતના શ્રમબજારમાં મહિલા શ્રમિકોની સહભાગિતા, તેઓને પુરુષ શ્રમિકોની સાપેક્ષમાં અપાતાં વેતન અને બેરોજગારીની સ્થિતિ જાણવાનો ઉદ્દેશ છે. આ માટે ગુણાત્મક અને પરિમાણાત્મક દ્વિતીય સ્વરૂપની માહિતીમાં વિવિધ અભ્યાસો, એનએસએસઓ, વિવિધ સંશોધનો, આંતરરાષ્ટ્રીય હેવાલોનો આધાર લેવામાં આવ્યો છે. પ્રસ્તુત લેખના દ્વિતીય વિભાગમાં શ્રમબજારમાં મહિલા શ્રમિકો સાથે ભેદભાવ શા માટે થાય છે તે અંગે આર્થિક અભિગમોને તપાસવામાં આવ્યા છે. ત્રીજા વિભાગમાં મહિલા શ્રમિકોની સહભાગિતા, ચોથા વિભાગમાં વેતન ભેદભાવ, પાંચમા વિભાગમાં બેરોજગારીની સ્થિતિ અને અંતિમ વિભાગમાં ઉપસંહાર છે.

## 2. શ્રમબજારમાં ભેદભાવ અંગેના સૈદ્ધાંતિક અભિગમો

### 2.1 નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના સિદ્ધાંતો

શિષ્ટ અર્થશાસ્ત્રીઓએ વેતન તફાવતનો આધાર શ્રમિકની સીમાંત ઉત્પાદકતા અને તેમાં રહેલ તફાવતને જણાવ્યો અને 'વેતનના લોખંડી કાયદા'નો સિદ્ધાંત આપીને શ્રમિકના વેતનો માત્ર તેના જીવનનિર્વાહ ખર્ચ પૂરતા જ હોવાં જોઈએ એવી ભલામણ કરી. વેતન ભેદભાવ અંગે તેઓએ વિશેષ વિચારણા કરી ન હતી (બેકર, 1992). નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રમાં આર્થિક ભેદભાવ અંગે ખેડાણ થયું છે. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની મૂળ ધારણા તાર્કિક આર્થિક વર્તણૂક છે, જેના દ્વારા નિયોજક મહત્તમ નફો પ્રાપ્ત કરે છે. ઉત્પાદક પોતાના નફાને મહત્તમ કરવા માટે મર્યાદિત સાધનોના ઉપયોગ અંગે નિર્ણયો લે છે, પરિણામે ટૂંકા ગાળામાં શ્રમિકો વચ્ચે વેતન તફાવત હોય પરંતુ લાંબા ગાળે પૂર્ણ રોજગારી સાથે સમતુલા સ્થપાશે એમ માને છે. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રી બેકર (1962) માનવમૂડીની વિભાવના દ્વારા વેતન ભેદભાવને સમજાવે છે. શિક્ષણ, વ્યાવસાયિક અનુભવ, જ્ઞાનની ભિન્નતા શ્રમિકોની ઉત્પાદકતા નિર્ધારિત કરે છે. પરિણામે જે શ્રમિકમાં માનવમૂડી રોકાણ વધુ તેના વેતનો પણ ઊંચાં રહેશે. સમાજશાસ્ત્રી અને પુરુષના સામાજિક દરજ્જાની ભિન્નતાના કારણે પુરુષની સાપેક્ષમાં મહિલાઓમાં માનવમૂડી રોકાણ નીચું થયું હોય છે આથી પુરુષ શ્રમિકની સાપેક્ષમાં તેમની ઉત્પાદકતા નીચી હોય છે આથી નીચા વેતનો પ્રાપ્ત થાય છે. વેતનોમાં ભિન્નતા માનવમૂડીના કારણે છે આ વેતન ભેદભાવ નથી

(Teixeira, Pedro, 2014). આ સિદ્ધાંતમાં માત્ર ઉત્પાદકતાને જ લક્ષ્યમાં લેવાઈ. વાસ્તવમાં સામાજિક મનોવલણો, ટેક્નૉલોજીકલ પરિબળો વગેરે દ્વારા વેતનમાં તફાવત સર્જાય તે અંગેની ઉપેક્ષાના કારણે માનવમૂડીના સિદ્ધાંતની ટીકા થઈ. (Maria, M, 2014).

બેકરે (1957માં) પૂર્વગ્રહયુક્ત પસંદગીનો સિદ્ધાંત આપ્યો. ચોક્કસ જૂથની વ્યક્તિના કેટલાક પૂર્વગ્રહો હોય છે, એનું પ્રતિબિંબ તેઓની આર્થિક પ્રવૃત્તિઓમાં પણ જણાય છે, એમ બેકરે સ્થાપિત કર્યું કે શ્રમબજારમાં પૂર્વગ્રહનાં કારણે ત્રણ સ્વરૂપે ભેદભાવ થાય છે. 1. નિયોજકોની પૂર્વગ્રહયુક્ત પસંદગી : મહિલા અંગે પૂર્વગ્રહ ધરાવનાર નિયોજક શ્રમિક તરીકે પુરુષની જ પસંદગી કરશે. 2. કર્મચારીઓની પૂર્વગ્રહયુક્ત પસંદગી : પેઢીમાં કામ કરતા શ્રમિકો પૂર્વગ્રહ ધરાવતા હોવાથી પોતાની સાથે મહિલા શ્રમિકની સાપેક્ષમાં પુરુષ કર્મચારી કામ કરે એવી પસંદગી વ્યક્ત કરે છે. 3. ગ્રાહકોની પૂર્વગ્રહયુક્ત પસંદગી : ગ્રાહકો જ્યારે મહિલાઓ પ્રત્યે પૂર્વગ્રહ ધરાવતા હોય ત્યારે વસ્તુ કે સેવા ખરીદવાનું મહિલાના બદલે પુરુષ પાસેથી પસંદ કરશે. આમ વેતન / વળતર ભેદભાવ માટે વ્યક્તિમાં રહેલ પૂર્વગ્રહ જવાબદાર છે.

બર્જમેન શ્રમબજારમાં ભેદભાવ માટે ચોક્કસ પ્રવૃત્તિઓમાં શ્રમિકોના અતિભીડ / ભરાવાને જવાબદાર માને છે. સામાજિક અને સ્ત્રીસહજ લાક્ષણિકતાના કારણે મહિલા શ્રમિકો વ્યવસાયમાં વંચિતતા અનુભવે છે આથી ચોક્કસ પ્રવૃત્તિઓમાં વધુ પ્રવૃત્ત જોવા મળે છે. આ પ્રવૃત્તિઓમાં માંગની સાપેક્ષમાં શ્રમનો પુરવઠો વધી જાય છે. પરિણામે નીચાં વેતનોનું સર્જન થાય છે. (Becker, 1957). સ્ટેટિસ્ટિકલ ભેદભાવનું મોડેલ એરો, ફેલેપ્સ અને એગ્નર અને કેઈન દ્વારા વિકસાવવામાં આવ્યું. આ મૉડેલમાં નિયોજકનો પૂર્વગ્રહ નહિ પરંતુ શ્રમિક ઉમેદવાર અંગેની અપૂરતી માહિતી ભેદભાવનું સર્જન કરે છે. નિયોજક જ્યારે શ્રમિકોની પસંદગી કરે છે ત્યારે શ્રમિકની લાયકાત, કુશળતા અંગે અપર્યાપ્ત માહિતી અને અનિશ્ચિતતા અનુભવે છે, આથી તેના રોજિંદા સામાજિક જીવનના અવલોકન દ્વારા વ્યક્તિઓની રચેલ લાક્ષણિકતા (જાતિ, જ્ઞાતિ, વંશ)ના આધારે શ્રમિકની પસંદગી અને વેતન નિર્ધારિત કરશે જેમ કે જો તે એમ માનતા હોય કે, મહિલા કે (લઘુમતી જૂથ)નો સભ્ય સામાન્ય પુરુષની સાપેક્ષમાં સરેરાશ નીચી ઉત્પાદકતા ધરાવે છે તો તેઓની શ્રમિક તરીકે પસંદગી નહિ કરે અથવા નીચાં વેતનો આપવાનું વલણ દાખવશે. (Agrawal, Tushar, 2014).

મહિલા પુરુષની જેમ શ્રમબજારમાં સતત જોડાયેલી રહી શકતી નથી, માતૃત્વ અને બાળસંભાળ માટે ચાલુ કામ છોડીને વિરામ લેવો પડે છે. આથી નિયોજકે એ સમયગાળામાં ફરીથી નવા શ્રમિકની પસંદગી કરવી પડે છે. આથી નિયોજક એ ઝંઝટમાં પડ્યા વિના સીધી જ પુરુષ શ્રમિકની પસંદગી કરી દે છે. આમ કુશળતા અને લાયકાત ધરાવતી મહિલા શ્રમિકોને ઝડપથી અને સરળતાથી પુરુષ નિયોજક પસંદ કરતાં નથી. શ્રમબજારમાં મહિલા શ્રમિકોની પરિવારિક વધુ જવાબદારીઓના કારણે સ્થિરતાની શંકા હોવાથી ઉત્પાદક તેઓની સાપેક્ષમાં પુરુષ શ્રમિકને વધુ પસંદ કરે છે. માતૃત્વ ધારણ કરેલ મહિલા શ્રમિકમાં પુરુષ શ્રમિક માનવમૂડી હોવા છતાં નીચાં વેતનો આપવામાં આવે છે (Grimshaw and Rubery, 2015). અન્ય અભિગમ દ્વિમુખી ઈજારામાં મહિલા શ્રમિકોનાં નીચાં વેતનો પાછળ તેઓની નીચી સોદાશક્તિ જવાબદાર માને છે. મહિલા શ્રમિકોની વેતન સાપેક્ષતા પુરુષ શ્રમિકોની વેતન સાપેક્ષતા કરતાં નીચી હોય છે, કુટુંબની જવાબદારીઓ હોવાથી પસંદગીની તકો મર્યાદિત હોય છે, આથી જેમને જે કામ મળે તે સ્વીકારી લે છે.

**2.2 સંસ્થાકીય અર્થશાસ્ત્રીઓનો અભિગમ**

શ્રમબજારમાં થતો ભેદભાવ માત્ર ઉત્પાદકતાની ભિન્નતાને કારણે નથી પરંતુ તે માટે સામાજિક અને સંસ્થાકીય પરિબળો જવાબદાર છે, જે માળખાજન્ય અને ક્રિયાત્મક સ્વરૂપે શ્રમબજારમાં અસ્તિત્વ ધરાવતાં હોવાથી તેમજ સમાજમાં વ્યવસાય અંગે સાપેક્ષ મૂલ્યો વેતનભેદભાવનું સર્જન કરે છે (Grimshaw and Rubery, 2002).

નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ વ્યક્તિની લાક્ષણિકતાઓમાં રહેલી ભિન્નતા અને પસંદગી દ્વારા શ્રમબજારમાં ભેદભાવને સમજાવ્યો જ્યારે સંસ્થાકીય અર્થશાસ્ત્રીઓ સામાજિક અને આર્થિક સંસ્થાઓની લાક્ષણિકતા અને ક્રિયાઓને વેતન ભેદભાવનું કારણ ગણે છે. વ્યક્તિગત રીતે એક શ્રમિકની ઉત્પાદકતા મહત્ત્વની નથી હોતી પરંતુ કામની સ્થિતિ વધુ મહત્ત્વની હોય છે. વેતન ભેદભાવ માત્ર ટૂંકા ગાળાની સ્થિતિ નથી (જે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ માને છે), પરંતુ સ્થાયી ઘટના છે. કાર્લ માર્ક્સે ઐતિહાસિક ભૌતકદ્વંદવાદ દ્વારા સ્થાપિત કર્યું કે સમાજમાં આર્થિક પરિવર્તનો સંપત્તિ-મૂડીના કેન્દ્રીકરણની નીપજ છે. સમાજના વિવિધ તબક્કાઓ અન્વયે સામંતવાદમાંથી મૂડીવાદનો ઉદ્ભવ અને મૂડીપતિ નિયોજકો દ્વારા શ્રમિકની સાપેક્ષમાં મૂડીસાધનોની પસંદગી શ્રમિકો માટે વેતન ભેદભાવનું કારણ બને છે જે શ્રમિકોના શોષણમાં પરિણમે છે. આમ વેતન ભેદભાવ માટે મૂડીપતિ નિયોજકની વધુ નફો મેળવવાની લાલસા જવાબદારી છે.

દ્વિમુખી બજારમાં વેતન ભેદભાવનું સર્જન થાય છે (Doeringer and Piore, 1971). ડોરિંગર અને પીઓરેએ અમેરિકામાં ટેક્નૉલોજીના આધારે શ્રમબજારને મુખ્ય બજાર અને દ્વિતીય બજારનાં વેતનો, કાર્યસ્થળનું વાતાવરણ, રોજગારીની સ્થિરતા અને તાલીમની સુવિધાના આધારે પેઢીઓને બે વિભાગોમાં વિભાજિત કરી. મુખ્ય પેઢીમાં બધી જ સુવિધા જોવા મળે છે જ્યારે દ્વિતીય પેઢીમાં સુવિધા નથી, પરિણામે એ જણાયું કે, પ્રથમ બજારમાં શ્રમિકો ઊંચી કુશળતા, ઊંચાં વેતનો અને ઊંચી બઢતી ધરાવતા હતા જેનાથી પેઢીના નફામાં વધારો થતો હતો, જ્યારે દ્વિતીય બજારમાં બિનકુશળ શ્રમિકોની ઉત્પાદકતા નીચી, વેતનો નીચા અને તેઓની બઢતી પણ સમાંતર નીચી હતી. માર્ક્સના અધિશેષ મૂલ્યનો સિદ્ધાંત મૂડીવાદમાં નિયોજક શ્રમિક દ્વારા ઉત્પાદિત મૂલ્ય કરતાં નીચું વેતન આપીને અને મૂડીનું કેન્દ્રીકરણ જેમ જેમ વધુ થાય છે તેમ શ્રમિકનું શોષણ કરવામાં આવે છે. મૂડીવાદી વ્યવસ્થાનું સ્વરૂપ બદલાયું છે. હવે શુદ્ધ આક્રમક મૂડીવાદ નથી રહ્યો, કારણ કે કલ્યાણકારી રાજ્યવ્યવસ્થામાં મૂડીવાદ ઉપર સંસ્થાકીય અંકુશો છે હવે નિયોજક પ્રત્યક્ષ રીતે નહિ પરંતુ અપ્રત્યક્ષ રૂપે ભેદભાવની પ્રયુક્તિ અપનાવે. આ સંદર્ભે વિદ્રોહી નવમાર્ક્સિસ્ટ અર્થશાસ્ત્રીઓ જણાવે છે કે, મૂડીવાદમાં ઈજારાયુક્ત સ્થિતિ ધરાવનાર નિયોજક શ્રમિકો વચ્ચે ભાગલાનીતિ અપનાવી છે, જેથી શ્રમિક સમુદાયમાં વર્ગસભાનતાનું સર્જન ન થાય. નિયોજક વધુ નફો મેળવવા શ્રમિકોને જાતિ, વંશના આધારે વિવિધ વિભાગોમાં વહેંચી દે છે, કારણ કે શ્રમિકોની અલગતા તેઓમાં વર્ગસભાનતા અને એકતાનું સર્જન થવા દેતી નથી. આથી શ્રમિકોને વિવિધ સ્વરૂપમાં વહેંચી તેઓના શોષણ અંગે સભાનતા ન આવે તેવી પ્રયુક્તિ અપનાવતા હોય છે.

સમાજશાસ્ત્રી ગોલ્ડીન (1994)ના મતે આર્થિક ભેદભાવનું મૂળ સામાજિક ભેદભાવ છે, આથી સામાજિક નિયમોના કારણે મહિલાઓને વિવિધ પ્રકારના ભેદભાવનો સામનો કરવો પડે છે. વ્યક્તિ સમાજ સાથે જોડાયેલ છે, આથી તે સામાજિક જૂથ, કુટુંબ, ધાર્મિક સમુદાય અથવા વંશીય, ભાષાકીય કે રાષ્ટ્રીયતાના આધારે સ્વઓળખ સ્થાપિત કરે છે. આથી વ્યક્તિ જૂથમાં નિર્ધારિત થયેલ નિયમોનું પાલન કરે છે અને પોતાની સાથે નજીકની ઓળખ ધરાવનાર સાથે વધુ જોડાવાની વર્તણૂક દાખવે છે. (Akerlof and Kranton, 2000). પરિણામે શ્રમબજારમાં પણ પુરુષ નિયોજક મહિલા શ્રમિકોની પસંદગીમાં તે જે જૂથ સાથે પોતાની અને અન્યોની ઓળખ સ્થાપિત કરી હોય તે મુજબની વર્તણૂક કરશે. આર્થિક સમાજશાસ્ત્રમાં વ્યાપક અભ્યાસો ઉપરથી જાણી શકાય છે કે, શ્રમબજારમાં રોજગારી અનૌપચારિક જોડાણ કે વ્યક્તિગત સંબંધોના આધારે પ્રાપ્ત થતી હોય છે. (A Granovetter 2002). વંશીય ઓળખ વંશીય જૂથ સાથેની સામાજિક ઘનિષ્ઠતા વધારે છે જે શ્રમબજારમાં પ્રવેશ માટે પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અનૌપચારિક ક્ષેત્રોમાં તેનો પ્રભાવ સ્પષ્ટ જણાય છે (Pendakur and Ravi Pendakur). સેન (2000)

બિનતરફદારી વંચિતતા (Unfavourable Exclusion) દ્વારા આર્થિક ભેદભાવ અને તેના થકી ઉત્પન્ન થતી અસક્ષમતાને સમજાવે છે. ચોક્કસ જૂથને માટે પ્રતિબંધિત વંચિતતા અને પ્રતિકૂળ સમાવેશની સ્થિતિ પરાધીનતા/ગરીબીનું સર્જન કરે છે. મનોવૈજ્ઞાનિક શાખા દ્વારા શ્રમબજારમાં જાતિ ભેદભાવને જોખમની પસંદગી અને હરીફાઈની પસંદગી, આવકનું સ્તર, નોકરીમાં સલામતી, આવકની સ્થિરતા જેવા પાસાઓ દ્વારા તપાસવામાં આવે છે.

શ્રમબજારમાં ભેદભાવ ત્યારે ઉપસ્થિત થાય જ્યારે શ્રમિકોની સીમાંત ઉત્પાદકતા સમાન હોવા છતાં વેતનોના દર અસમાન હોય. તેનું કારણ બિનઆર્થિક બાબતો જેવી કે વંશ, વર્ગ, ધર્મ અને જાતિ હોય છે (સ્મિથ, 1994). શ્રમબજારમાં ભેદભાવ વિવિધ રીતે જોવા મળે જેમ કે, ચોક્કસ વ્યવસાયમાં ચોક્કસ વંશ, વર્ગ, ધર્મ કે જાતિના શ્રમિકોમાં લાયકાત હોવા છતાં પ્રવેશી શકતા નથી અથવા નીચાં વેતનો મેળવે છે, કે પછી ચોક્કસ વ્યવસાયોમાં ફરજિયાત રીતે જોડાવું પડે છે જ્યાં વેતનો અત્યંત નીચે રહેતા હોય. આમ શ્રમબજારમાં નિયોજક શ્રમિકની કાર્યક્ષમતાને આધારે નહીં પરંતુ બિનઆર્થિક લાક્ષણિકતાઓના આધારે પસંદગી કરે ત્યારે વિવિધ બિનઆર્થિક લાક્ષણિકતા ધરાવતા શ્રમિકોની સાથે ભેદભાવ સર્જાય છે. થોરાટ સેનને ટાંકતાં (2008) નોંધે છે કે, શ્રમબજારમાં ભેદભાવ એ વંચિતતાનું લક્ષણ છે, જે પ્રત્યક્ષ અથવા છૂપી રીતે થતું જોવા મળે છે. પ્રત્યક્ષ ભેદભાવ એટલે નિયોજક શ્રમિકોની લાક્ષણિકતાઓના આધારે નહિ પરંતુ ચોક્કસ જૂથના શ્રમિકોને પોતાની સાથે જોડવાનું પસંદ કરે છે, પરિણામે નાપસંદ કરેલ શ્રમિક જૂથમાં બેરોજગારી, નીચાં વેતનો વગેરે પ્રશ્નો ઉપસ્થિત થાય છે. નિયોજકની પૂર્વગ્રહયુક્ત વર્તણૂક, લઘુમતી અને બહુમતીનો સિદ્ધાંત શ્રમબજારમાં ભેદભાવનું સર્જન કરે છે. લઘુમતી જૂથના સભ્યોમાં બેરોજગારીનો દર ઊંચો અથવા બેકારીની સંભાવના ધરાવતા અથવા ઓછી રોજગારી પૂરી પાડતાં ક્ષેત્રો સાથે જોડાયેલા જોવા મળે છે.

### 3.1 ભારતના શ્રમબજારમાં મહિલા સહભાગિતા

ભારત દેશ માટે એમ કહી શકાય કે, તે આધુનિક યુગમાં વસતુ પ્રાચીન રાષ્ટ્ર છે, જેમાં એક તરફ આધુનિક મૂલ્યો (લોકશાહી રાજ્યવ્યવસ્થા, બંધારણ લોકશાહીની સંસ્થાઓ) સમાજની ખાતરી આપે છે, બીજી તરફ પ્રાચીન સામાજિક વ્યવસ્થા અસમાનતાના મૂળ ઉપર ઊભી છે. સામાજિક સ્તરે પ્રવર્તતો ભેદભાવ આર્થિક ભેદભાવમાં પરિણમે છે. આજે પણ મહિલાઓના શિક્ષણનાં અને વ્યવસ્થાનાં કેટલાંક આરક્ષિત ક્ષેત્રો છે, જેમાં પુરુષો પ્રવેશવાનું વિશેષ પસંદ કરતા નથી, જેમ કે, શિક્ષણ, પરિચારિકા, ઘરકામ વગેરે. ઉચ્ચશિક્ષણ સર્વે મુજબ દેશમાં પોલિટેક્નિકમાં અભ્યાસ કરતા 15.56 લાખ વિદ્યાર્થીઓમાં 82.6 ટકા પુરુષો અને 17.4 ટકા મહિલા વિદ્યાર્થિનીઓ હતી, આથી વિરુદ્ધ પરિચારિકા (નર્સ)નો અભ્યાસ કરતા કુલ 2.5 લાખ વિદ્યાર્થીઓમાં 62 ટકા મહિલા અને 38 ટકા પુરુષ વિદ્યાર્થીઓ હતાં. આમ હજુ પણ કેટલાંક શિક્ષણક્ષેત્રો મહિલાઓ માટે જ છે, આરક્ષિત જણાય છે જે માળખાકીય સામાજિક ભેદભાવને ઉજાગર કરે છે. (માનવ સંસાધન મંત્રાલય, 2017). આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (2018)ના મતે, આજે પણ મહિલા શ્રમિકોને નીચું વળતર આપતાં રોજગારીનાં ક્ષેત્રો, નીચી નિર્ણાયક શક્તિ, સાર-સંભાળ માટે વધતી જવાબદારીઓ, ભેદભાવયુક્ત વર્તણૂક જોવા મળે છે. તેમાં પણ ભારતમાં મહિલા શ્રમશક્તિનો ઘટતો દર ચિંતાજનક છે (ILO, 2018).

દેશમાં 68 ટકા વસ્તી ગ્રામ વિસ્તારોમાં વસવાટ કરે છે, ગ્રામ વિસ્તારમાં તેઓની આજીવિકાનું મુખ્ય સાધન કૃષિક્ષેત્ર છે. રાષ્ટ્રીય નિદર્શ મોજણીના રોજગારી બેરોજગારીના હેવાલ (2012) મુજબ દેશમાં 2011-12માં ગ્રામ વિસ્તારમાં કુલ શ્રમિકોના 59 ટકા પુરુષો અને 75 ટકા મહિલાઓ ખેતીક્ષેત્રમાંથી રોજગારી મેળવતાં હતાં. કૃષિક્ષેત્રે મુખ્ય અને સીમાંત/ગૌણ પ્રવૃત્તિમાં કુલ શ્રમિકોના 55 ટકા પુરુષ અને 59 ટકા મહિલાઓ સ્વ-રોજગારી મેળવતાં હતાં. આમ, ગ્રામ વિસ્તારમાં કૃષિ સ્વ-રોજગારીમાં મહિલાઓ પુરુષની સાપેક્ષમાં વધુ

જોડાયેલી હતી. દેશમાં 15 વર્ષથી વધુ વયજૂથ ધરાવતા શ્રમિકોની કુલ રોજગારીના (UPS) માપદંડે કુલ શ્રમ સહભાગિતાનો દર (LFPR) 52.5 ટકા હતો જેમાં પુરુષોનો 74.4 ટકા અને મહિલાઓનો 25.8 ટકા હતો. (NSS, 2012). પુરુષોના અને મહિલાઓના સહભાગિતા દર વચ્ચે 48.6 ટકા જેટલો તફાવત છે. 2015-16ના પાંચમા રોજગારી બેરોજગારી મોજણીના હેવાલ (2016) અનુસાર દેશમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં (UPS) માપદંડે મહિલા શ્રમશક્તિ સહભાગિતા દરમાં ઘટાડો થયો છે. સમગ્ર ભારતમાં મહિલાઓનો શ્રમશક્તિ સહભાગિતા દર 23.7 ટકા અને પુરુષોનો 75 ટકા હતો. આમ, 2012માં 25.8 ટકાની સાપેક્ષમાં ઘટ્યો છે. આમ ગ્રામ અને શહેરી વિસ્તારમાં મહિલાઓનો શ્રમ સહભાગિતા દર કુલ કામ કરી શકે તેવી મહિલા શ્રમ શક્તિનો (15 વર્ષથી વધુ વયજૂથની) માત્ર ચોથો ભાગ દેખીતી આર્થિક પ્રવૃત્તિઓમાંથી રોજગારી મેળવે છે જે આર્થિક વળતર પ્રાપ્ત કરે છે.

અર્થતંત્રમાં મહિલા શ્રમશક્તિનો સહભાગિતા દર છેલ્લાં કેટલાંક વર્ષોથી ઘટી રહ્યો છે (રવિન્દ્રન 2016 મહેતા અને મોહંતી 2018, વિશ્વબેંક 2018, આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન 2016-2018). 2004-05 થી 2011-12ના સમયગાળામાં ગ્રામ અને શહેરી વિસ્તારમાં મહિલા શ્રમશક્તિ સહભાગિતા સતત ઘટતી રહી છે. UPSના માપદંડ અનુસાર દેશમાં 2004-05માં ગ્રામ અને શહેરમાં મહિલા શ્રમશક્તિ સહભાગિતા અનુક્રમે 32.7 ટકા અને 16.6 ટકા હતી તે 2011-12માં ઘટીને અનુક્રમે 24.8 ટકા અને 14.7 ટકા થઈ હતી. 2015-16માં તેમાં વધારો થયો. ગ્રામવિસ્તારમાં 26.7 ટકા અને શહેરમાં 16.6 ટકા મહિલા શ્રમ સહભાગિતા નોંધાઈ હતી (5thEUR, 2016). તેમ છતાં અર્થતંત્રમાં મહિલા શ્રમ સહભાગિતા પુરુષ કરતાં નીચો છે. (કોષ્ટક 1)

કોષ્ટક-1 : ભારતમાં જાતિ અનુસાર ગ્રામ અને શહેરમાં શ્રમશક્તિ સહભાગિતા દર ટકામાં મુખ્ય અને સીમાંત પ્રવૃત્તિના આધારે (15 વર્ષથી વધુ વય) ટકામાં

| માપદંડ | ગ્રામીણ | | | શહેર | | | કુલ ગ્રામીણ + શહેરી વિસ્તાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહિલા | પુરુષ | કુલ | મહિલા | પુરુષ | કુલ | મહિલા | પુરુષ | કુલ |
| UPS | 26.7 | 77.3 | 53.0 | 16.2 | 69.1 | 43.5 | 23.7 | 75 | 50.3 |
| UPSS | 31.1 | 78 | 55.8 | 16.6 | 69.1 | 43.7 | 27.4 | 75.5 | 52.4 |

સ્રોત : Employment unemployment survey 2016.

મુખ્ય આર્થિક પ્રવૃત્તિ (UPS) અને સીમાંત આર્થિક પ્રવૃત્તિ (UPSS) સાથે જોડાયેલાં શ્રમિકોનો ભારતના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં પુરુષો અને મહિલાઓનો સહભાગિતા દર જોતાં કહી શકાય કે, UPS માપદંડ આધારે સમગ્ર દેશના ગ્રામ વિસ્તારમાં મહિલાઓનો 26.7 ટકા, પુરુષોનો 77.3 ટકા, જ્યારે શહેરમાં મહિલાઓનો 16.2 અને પુરુષોનો 69.1 ટકા શ્રમશક્તિ સહભાગિતા દર હતો જ્યારે સીમાંત રોજગારીના સંદર્ભે કુલ સહભાગિતા 50.4 ટકા જેમાં પુરુષોનો 75.5 ટકા અને મહિલાઓનો 27.4 ટકા છે. UPSS માપદંડમાં મહિલાની સહભાગીદારીમાં શહેરની સાપેક્ષમાં ગ્રામ વિસ્તારમાં વધારો જણાય છે, પરંતુ પુરુષોના પ્રમાણમાં નગણ્ય ફેરફાર જણાય છે (5thEUR, 2016).

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના ભારતમાં વેતન અંગેના હેવાલ (2018) અનુસાર, 1993-94 થી 2011-12ના સમયગાળામાં પુરુષ શ્રમિકોની સાપેક્ષમાં મહિલા શ્રમિકોની રોજગારીનો વૃદ્ધિ દર ઘટ્યો છે.

- જેમ કે 1993-94 થી 2004-05 દરમ્યાન મહિલા શ્રમિકોની સ્વ-રોજગારીનો વૃદ્ધિ દર 3.1 ટકા હતો તે 2004-05 થી 2011-12માં ઘટીને 3.2 ટકા અને 1993-94 થી 2011-12ના સમગ્ર ગાળા દરમ્યાન તે ઘટીને 0.6 ટકા જેટલો જ હતો. જ્યારે પુરુષ

શ્રમિકોની સ્વ-રોજગારીના વૃદ્ધિ દરમાં વિશેષ પરિવર્તન જણાયું નથી જેમ કે, 1993-94 થી 2004-05 દરમ્યાન પુરુષ શ્રમિકોની સ્વ-રોજગારીનો વૃદ્ધિ દર 2.3 ટકા હતો, 2004-05 થી 2011-12માં ઘટીને 0.6 ટકા અને 1993-94 થી 2011-12ના સમયગાળા દરમ્યાન 1.7 ટકા જેટલો વધ્યો હતો (જુઓ આલેખ 1 અને 2).

- 1993-94 થી 2011-12ના સમગ્ર ગાળા દરમ્યાન નિયત વેતન મેળવનાર મહિલા શ્રમિકોનો રોજગારીનો વૃદ્ધિ દર પુરુષ શ્રમિકોની તુલનામાં ઊંચો રહ્યો છે. આ ગાળા દરમ્યાન પુરુષ શ્રમિકોનો રોજગારીમાં વૃદ્ધિ દર 2.9 ટકા હતો જ્યારે મહિલા શ્રમિકોનો રોજગારીનો વૃદ્ધિ દર 4.7 ટકા જેટલો હતો.
- પરંતુ નીચું વળતર આપતાં છૂટક રોજગારીનાં ક્ષેત્રોમાં મહિલા શ્રમિકની રોજગારીનો વૃદ્ધિ દર 1993-94 થી 2004-05માં 0.5 ટકા, 2004-05 થી 2011-12માં 1.8 ટકા અને સમગ્ર ગાળામાં (1993-94-2011-12)માં 0.4 ટકા જણાયો હતો. જ્યારે પુરુષ શ્રમિકની રોજગારીનો દર આ ત્રણ સમયગાળામાં અનુક્રમે 1.6 ટકા, 2.2 ટકા અને 1.9 ટકા થયો હતો. પહેલા ગાળામાં મહિલાઓમાં છૂટક મજૂરીનો વૃદ્ધિ દર અડધા ટકાથી નીચો હતો. બીજા ગાળામાં તે નકારાત્મક બન્યો. પરંતુ જો 1993-94થી 2011-12નાં સમગ્ર ગાળામાં વૃદ્ધિ દર તપાસીએ તો તે નકારાત્મક બન્યો હતો. આમ નીચાં વેતન આપતાં છૂટક મજૂરીવાળા વ્યવસાયમાં મહિલાઓની રોજગારી ઘટી છે તેમ સ્થાપિત થાય છે.

આ સંદર્ભે રાષ્ટ્રીય નિદર્શ મોજણી હેવાલ (2012) નોંધે છે કે, 2004-05 થી 2009-10 વચ્ચે, કુલ રોજગારીમાં પુરુષ અને મહિલાઓમાં કુલ ગ્રામ અને શહેરી વિસ્તારમાં સ્વ-રોજગારીનું પ્રમાણ ઘટ્યું અને છૂટક શ્રમિકોનું પ્રમાણ વધ્યું હતું. તેમજ 2004-05 થી 2011-12 દરમ્યાન કુલ રોજગારીમાં નિયત વેતન મેળવનાર શ્રમિકોનું પ્રમાણ ગ્રામ અને શહેરી વિસ્તારમાં વધ્યું હતું (NSS, 2012). 2004-05 થી 2011-12ના ગાળામાં મહિલા શ્રમિકોનો સ્વ-રોજગારીના ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ઘટાડો થયો અને સાથે છૂટક વેતનોવાળાં અસંગઠિત ક્ષેત્રોમાં પણ ઘટાડો જણાય છે. આમ એ સ્પષ્ટ થાય છે કે, સ્વ-રોજગારી અને નીચાં, અનિયમિત આવક આપતાં ક્ષેત્રોમાં મહિલાઓની રોજગારીનો વૃદ્ધિ દર ઘટ્યો છે.

આ ઘટાડા સામે દલીલ એ થાય છે કે, અપર્યાપ્ત રોજગારી સર્જનના કારણે પુરુષો મહિલાઓના નીચા વળતરનાં કામો છીનવી લે છે અને ઉદ્યોગોનું આધુનિકીકરણ થવાથી કુશળ શ્રમિકોની માંગ વધી છે, મહિલા શ્રમિકોમાં કામ કરવાની ઈચ્છા હોવા છતાં કુશળતાના અભાવમાં રોજગારી મેળવી શકતી નથી (મહેતા અને મોહંતી, 2019). રવિન્દ્રન જણાવે છે કે, (2016) 2004-05 થી 2011-12 દરમ્યાન ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં મહિલાઓની શ્રમ સહભાગિતા સતત ઘટતી જણાઈ છે આની સામે પુરુષોની શ્રમ સહભાગિતામાં કોઈ ફેરફાર જણાતો નથી. ભારતમાં પરંપરાગત રીતે પુરુષને આર્થિક ઉપાર્જન કરનાર અને મહિલાઓને ‘ગૃહિણી’ તરીકેની ભૂમિકા અને માનસિકતા મહિલાઓની શ્રમબજારમાં નીચી સહભાગિતા માટે જવાબદાર છે. ઉપરાંત માંગ-પુરવઠાનું અસંતુલન, સામાજિક નિયંત્રણો અને ચુસ્ત બજારમાળખું મહિલાઓને શ્રમબજારથી વિમુખ કરે છે.

મહેતા અને મોહંતી (2018)એ દેશમાં 2004-05 બાદના સમયગાળામાં મહિલાઓની શ્રમશક્તિ સહભાગીદારીનો અભ્યાસ કર્યો હતો. તેઓના મતે, ભારતમાં આર્થિક વૃદ્ધિ ઉચ્ચ શિક્ષિત મહિલાઓને શ્રમબજારમાં તક આપે છે, જ્યારે અકુશળ અને અર્ધકુશળ મહિલાઓમાં બેરોજગારીનું પ્રમાણ ઊંચું છે. ગ્રામીણ વિસ્તારમાં આ પ્રમાણ ઘણું ઊંચું છે. તેઓ પિતૃસત્તાક સામાજિક વ્યવસ્થામાં મહિલાના સામાજિક નીચા દરજ્જાને શ્રમબજારમાં નીચી સહભાગીદારી માટે જવાબદાર માને છે. રવિન્દ્રન (2016)ના વિશ્લેષણનો સૂર પણ એ જ છે કે ભારતના શ્રમબજારમાં મહિલા શ્રમિકો નીચા વળતર આપતાં ક્ષેત્રો સાથે જોડાયેલ છે. કૃષિ અને મત્સ્ય પ્રવૃત્તિઓની સાથે 39.9 ટકા મહિલા કામદારો અને 28.1 ટકા પુરુષ કામદારો જોડાયેલાં

હતાં. આમ પ્રાથમિક કૃષિક્ષેત્રે 30.7 ટકા મહિલાઓ અને 26.1 ટકા પુરુષો રોજગારી મેળવતા હતા. મહિલા શ્રમિકોને કામ પસંદગીની તકો નથી અથવા કામ કરી શકતી નથી. (ગિથીકા અને અન્યો, 2011).

રાવલ અને શાહ (2015) ગ્રામ વિસ્તારમાં મહિલાઓની સહભાગીદારીના ઘટાડા માટે, જમીનધારણ કદમાં ઘટાડો જવાબદાર માને છે. 1999-2000 અને 2011-12 દરમ્યાન જે મહિલાઓ કૃષિક્ષેત્રે સ્વ-રોજગારીમાં જોડાયેલ હતી તેઓની સહભાગિતામાં ઝડપથી ઘટાડો થયો છે. ગ્રામ વિસ્તારમાં 1999-2000માં જમીન ધારણ કદ 22.8 ટકા હતું જે 2011-12માં ઘટીને 17.7 ટકા થયું હતું. ઉપરાંત ખેતમજૂરીમાં રોકાયેલ મહિલા શ્રમિકો 1999-98માં 18 ટકાથી ઘટીને 2011-12માં 10 ટકા થયા હતા. (Rawal and Shah 2015).

ભારતમાં મહિલાઓનો શ્રમ સહભાગિતાનો દર ઘટ્યો છે, પરંતુ કઈ મહિલાઓની સહભાગિતા ઘટી છે તે તપાસનો મુદ્દો છે કારણ કે વિવિધ જાતિઓના સામાજિક દરજ્જાની સાથે તેઓની આર્થિક રોજગારી, બેરોજગારી વગેરે બાબતો પણ જોડાયેલી છે. જેમ કે 2011-12માં દેશમાં કુલ આદિવાસી મહિલાઓનો શ્રમશક્તિ સહભાગિતા દર સહુથી ઊંચો 50.2 ટકા, બીજા ક્રમે દલિત મહિલાઓનો 34.7 ટકા, તૃતીય ક્રમે અન્ય પછાત જાતિની મહિલાઓનો 32.4 ટકા જ્યારે સહુથી ઓછો અન્ય જાતિની મહિલાઓનો 23.6 ટકા હતો. (રવિન્દ્રન, 2016).

### 3.2 શ્રમબજારમાં વેતન ભેદભાવ

ઓક્ષફામ (2018)ના હેવાલ અનુસાર, ભારતમાં શ્રમિકોના કાર્યસ્થળે અધિકારોની નબળી સ્થિતિ પ્રવર્તે છે. વિશેષ કરીને મહિલા શ્રમિકોની બાબતમાં, મહિલાઓની મોટાભાગની શ્રમશક્તિ કૃષિ અને અસંગઠિત ક્ષેત્રો સાથે જોડાયેલી છે. મહિલા અધિકારોનું રક્ષણ કરે તેવાં શ્રમસંગઠનો કે અન્ય સંગઠનો ખૂબ ઓછાં જોવા મળે છે. સાંસ્કૃતિક પ્રતિબંધોના કારણે મહિલાઓ પુરુષ જેટલી સ્વતંત્રતા ભોગવી શકતી નથી. આથી સંગઠિત ક્ષેત્ર (ઔપચારિક ક્ષેત્ર)માં તેઓની સહભાગિતા નીચી છે (Dreze and Sen, 1995). મહિલા શ્રમિકોને કામ માટે પસંદગીની તક નથી, અથવા કામ કરી શકતી નથી. મર્યાદિત ખૂબ નીચા વેતનોએ કામની તકો પ્રાપ્ત થાય છે. (ગીતિકા અને અન્યો 2011). આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના વેતન હેવાલ (2018) અનુસાર, દેશમાં નીચાં વેતનો અને વેતન અસમાનતાની ગંભીર સ્થિતિ જોતાં સારા કાર્યસ્થળ અને સમાવેશી વૃદ્ધિ સામે મોટો પડકાર છે, કારણ કે વેતનની અસમાનતા ખૂબ ઊંચી છે. અનૌપચારિક (અસંગઠિત) ક્ષેત્રમાં મહિલાઓનાં સરેરાશ વેતનો પુરુષોની સાપેક્ષમાં ઝડપથી વધ્યાં છે. આનો અર્થ એમ થયો કે અસંગઠિત ક્ષેત્રોમાં વધુ મહિલા શ્રમિકો જોડાઈ રહી છે. ભારતમાં મહિલા શ્રમિકો ગ્રામ કે શહેરી વિસ્તારના પુરુષ શ્રમિકોની સાપેક્ષમાં નીચાં વેતનો પ્રાપ્ત કરે છે. શહેરોમાં પુરુષ અને મહિલા શ્રમિકોમાં અનુક્રમે 42 ટકા અને 43 ટકા હતાં. મુખ્ય અને સીમાંત પ્રવૃત્તિમાં જોડાયેલ નિયત વેતન મેળવતા ગ્રામીણ શ્રમિકોનાં વેતન શહેર કરતાં નીચાં હતાં. ગ્રામ વિસ્તારમાં છૂટક મજૂરી કરતાં કુલ શ્રમિકોમાં મહિલાઓ 35 ટકા અને પુરુષો 36 ટકા જ્યારે શહેરમાં 14 ટકા અને 15 ટકા પુરુષો હતાં (NSSS, 2012).

રોજગારી બેરોજગારી મોજણી હેવાલ (2-16) અનુસાર 2015-16માં કુલ કામ કરનાર શ્રમિકોમાં UPS માપદંડે 15 વર્ષથી વધુ વયજૂથના, ગ્રામ અને શહેરી વિસ્તારનાં કુલ શ્રમિકોમાં સ્વ-રોજગારીમાં મહિલાઓ 39.4 ટકા અને પુરુષો 48.4 ટકા હતાં, નિયમિત વેતન મેળવનાર મહિલાઓ 14.8 ટકા અને પુરુષો 17.6 ટકા હતાં, કૉન્ટ્રાક્ટ આધારે કામ કરનાર મહિલા અને પુરુષો અનુક્રમે 3.1 ટકા અને 3.8 ટકા હતાં, જ્યારે છૂટક કામ કરનારમાં મહિલાઓનું સહુથી ઊંચું પ્રમાણ 42.1 ટકા અને પુરુષો 30.2 ટકા હતાં. આમ દેશમાં કુલ શ્રમિકોમાંથી છૂટક મજૂરી મેળવનાર 31.4 ટકા શ્રમિકો છે. આમ 2012ની સાપેક્ષમાં મહિલાઓનું પ્રમાણ વધ્યું છે.

2011-12માં ભારતના શહેરી વિસ્તારમાં નિયત વેતન મેળવનાર પુરુષ શ્રમિકોનાં સરેરાશ દૈનિક નાણાકીય

વેતન રૂપિયા 470 જ્યારે મહિલા શ્રમિકનાં વેતન રૂપિયા 385 હતાં, તેવી જ રીતે શહેરમાં છૂટક વેતન મેળવતા પુરુષ શ્રમિકને રૂપિયા 284 અને મહિલા શ્રમિકને રૂપિયા 112નું વેતન પ્રાપ્ત થતું હતું. ગ્રામ વિસ્તારમાં નિયત વેતનો શહેરી વિસ્તારની સાપેક્ષમાં નીચાં હતાં પરંતુ અહીં પણ પુરુષ શ્રમિકોનાં વેતન રૂપિયા 324 અને મહિલા શ્રમિકનું રૂપિયા 201 હતું. છૂટક વેતનોમાં પણ જાતિ તફાવત શહેરની માફક ગ્રામ વિસ્તારમાં પણ જોવા મળે છે. ગ્રામ વિસ્તારમાં છૂટક વેતન મેળવનાર પુરુષ શ્રમિકોનાં વેતન રૂપિયા 151 જ્યારે મહિલા શ્રમિકોનાં વેતન રૂપિયા 104 હતાં.

શહેરના નિયમિત વેતન મેળવતા મહિલા શ્રમિકોની સાપેક્ષમાં પુરુષ શ્રમિકોના વેતન દર વચ્ચે 0.22 પોઈન્ટનો તફાવત છે પરંતુ ગ્રામ વિસ્તારમાં નિયમિત વેતન મેળવનાર મહિલા અને પુરુષ શ્રમિકો વચ્ચે 26 પોઈન્ટનો તફાવત છે. અસંગઠિત ક્ષેત્રે અનિયમિત વેતન મેળવનાર મહિલા અને પુરુષ શ્રમિકો વચ્ચે અનુક્રમે શહેરમાં 15 પોઈન્ટ અને ગ્રામ વિસ્તારમાં 10 પોઈન્ટ તફાવત છે. જુઓ કૉષ્ટક-2.

**કૉષ્ટક-2 : વ્યવસાયિક ક્ષેત્રો અને જાતિ આધારિત વેતન તફાવત – ટકામાં (2011-12)**

| વિસ્તાર | વિભાગ | મહિલા શ્રમિકો | પુરુષ શ્રમિકો |
|---|---|---|---|
| શહેર | નિયત વેતન મેળવનારા | 78 | 100 |
| ગ્રામીણ | નિયત વેતન મેળવનારા | 43 | 69 |
| શહેર | છૂટક વેતન મેળવનારા | 24 | 39 |
| ગ્રામીણ | છૂટક વેતન મેળવનારા | 22 | 32 |

Source : ILO (2018).

ગ્રામીણક્ષેત્રે નિયમિત વેતન મેળવનારનું દૈનિક સરેરાશ વેતન રૂ. 298.96 જ્યારે શહેરમાં રૂ. 449.65 હતું. આમ શહેરી વિસ્તારનાં વેતનો ગ્રામ વિસ્તાર કરતાં ઊંચાં છે. ગ્રામ અને શહેરી વિસ્તારમાં નિયમિત વેતન મેળવનાર પુરુષોનાં વેતન મહિલા શ્રમિકની સાપેક્ષમાં અનુક્રમે 1.6 અને 1.3 ગણા વધારે હતાં (NSS, 2012).

શિક્ષણના સ્તરની સાથે નિયત વેતન-પગાર મેળવતાં ગ્રામ અને શહેરી વિસ્તારનાં મહિલા અને પુરુષોનાં નાણાંકીય વેતનની સ્થિતિ તપાસતાં જણાય છે કે, નિરક્ષર અને ગ્રામ વિસ્તારમાં રહેતી મહિલા શ્રમિકોનાં સરેરાશ વેતન અત્યંત નીચાં છે. શહેરમાં પણ નિરક્ષર મહિલા શ્રમિકો નીચાં વેતન (રૂ. 123.43) મેળવે છે,પરંતુ નિરક્ષર મહિલા શ્રમિકોની સાપેક્ષમાં નિરક્ષર પુરુષ શ્રમિકો અનુક્રમે ગ્રામ વિસ્તારમાં રૂ. 174.37 અને શહેરમાં રૂ. 207.65 જેટલાં ઊંચાં વેતનો મેળવતા હતા. શહેરમાં નિરક્ષર મહિલા શ્રમિકનાં વેતન ગ્રામીણ નિરક્ષર મહિલા કરતાં પણ નીચાં છે. શહેરમાં વિશેષ કુશળતા ધરાવતા શ્રમિકોની માંગ વધુ હોવાથી નિરક્ષર મહિલા શ્રમિકોનાં વેતનો નીચાં છે. જ્યારે ગ્રામ વિસ્તારમાં વિશેષ કુશળતાની જરૂરિયાત ન હોય તેવા કૃષિક્ષેત્રમાં મહિલાઓનાં વેતનો ઊંચાં જણાય છે. સ્નાતક કે તેથી વધુ શિક્ષણ ધરાવનાર પુરુષનાં ગ્રામ અને શહેરી વિસ્તારમાં સરેરાશ વેતન અનુક્રમે રૂ. 805.52 અને 550.23 જ્યારે મહિલાનાં અનુક્રમે 609.69 અને 377.85 રૂપિયા હતાં. શિક્ષણના વધારાની સાથે મહિલા અને પુરુષ શ્રમિકોનાં વેતન તફાવત યથાવત્ રહે છે, ગ્રામ વિસ્તારની સાપેક્ષમાં શહેરમાં સ્નાતક કે તેથી વધુ શિક્ષણ ધરાવનાર પુરુષ અને મહિલા શ્રમિક વચ્ચેનો સહુથી વધુ વેતન તફાવત જણાય છે. (કૉષ્ટક-3)

ગ્રામ વિસ્તારની સાપેક્ષમાં શહેરી વિસ્તારમાં મહિલા અને શ્રમિકો વચ્ચે કુલ વેતન તફાવત વધારે છે, નિરક્ષરો માટે ગ્રામ કે શહેરમાં મોટો તફાવત જણાતો નથી. ઉચ્ચ માધ્યમિક સુધીનું શિક્ષણ લેનારમાં શહેરમાં વેતન તફાવત નોંધપાત્ર રીતે ઊંચો છે. તેથી ઊલટું ડિપ્લોમા-સર્ટિફિકેટ ધરાવતાં મહિલા-પુરુષ શ્રમિકોનો ગ્રામ વિસ્તારમાં ઊંચો વેતન તફાવત છે જ્યારે શહેરમાં ખૂબ જ નીચો તફાવત છે. આનો અર્થ એમ થયો કે ચોક્કસ કુશળતા ધરાવતાં મહિલા અને પુરુષોનાં વેતનો વચ્ચે સામાન્ય તફાવત છે. સમગ્ર ચર્ચાનાં આધારે એમ કહી શકાય કે નિયમિત વેતન મેળવતાં મહિલા અને પુરુષ શ્રમિકો વચ્ચેનાં વેતન તફાવત સ્પષ્ટ રીતે જોવા મળે છે.

**કોષ્ટક-3 : ભારતમાં શિક્ષણ, વિસ્તાર અને જાતિ અનુસાર નિયમિત વેતન મેળવતા શ્રમિકોનાં દૈનિક સરેરાશ વેતન (15-59 વર્ષ)**

| | ગ્રામીણ વિસ્તાર | | | શહેરી વિસ્તાર | | |
|---|---|---|---|---|---|---|
| **શિક્ષણનું સ્તર** | **મહિલા** | **પુરુષ** | **તફાવત** | **મહિલા** | **પુરુષ** | **તફાવત** |
| નિરક્ષર | 123.43 | 207.65 | 84.22 | 89.31 | 174.37 | 85.06 |
| માધ્યમિક સુધીનું | 132.81 | 237.24 | 104.43 | 104.27 | 202.48 | 98.21 |
| ઉચ્ચ માધ્યમિક | 306.96 | 358.51 | 51.55 | 179.98 | 319.46 | 139.48 |
| ડિપ્લોમા/પ્રમાણપત્ર | 391.43 | 524.33 | 132.9 | 428.66 | 450.31 | 21.65 |
| સ્નાતક અને તેથી વધુ | 609.69 | 805.52 | 195.83 | 377.85 | 550.23 | 172.38 |
| **કુલ** | **366.15** | **469.87** | **103.72** | **201.56** | **322.28** | **120.72** |

સ્રોત : NSS Report, 2012.

### 3.3 શ્રમબજાર બેરોજગારી

મહિલાઓની સામાજિક વ્યવસ્થામાં ઓળખ અને કુટુંબમાં જવાબદારીના કારણે પુરુષ શ્રમિકની માફક સરળતાથી શ્રમબજારમાં પ્રવેશી શકતી નથી. કારણ કે પુરુષને જે શિક્ષણ, કુશળતા પ્રાપ્ત કરવા માટેનું સામાજિક વાતાવરણ મળે છે તે મહિલાઓ માટે પડકારજનક બને છે – વિશેષ કરીને ગ્રામવિસ્તારમાં તેમ છતાં શિક્ષણ અને કુળશતા પ્રાપ્ત કરીને શ્રમબજારમાં પ્રવેશવા પ્રયાસ કરે છે તેમાં પણ સરળતાથી પ્રવેશ મળતો નથી. પરિણામે તેઓમાં બેરોજગારીનો દર પણ ઊંચો રહે છે. ગ્રામસ્તરે કુટુંબમાં મહિલા પાસે ગૃહસંભાળની અપેક્ષા તેમજ કુટુંબમાં ખેતી કે સ્વ-રોજગારીના ક્ષેત્રે વેતન વિના મહિલા કામ કરતી હોય છે. આથી તેની રોજગારીની માંગ શહેરની મહિલા શ્રમિક કરતાં નીચી જોવા મળે છે. શહેરમાં કામની માંગ કરતી મહિલાઓ વધુ છે આથી તેઓમાં બેરોજગારીનો દર ગ્રામ વિસ્તાર કરતાં વધારે છે. દેશમાં પુરુષોની સાપેક્ષમાં મહિલાઓમાં બેરોજગારીનો દર ઊંચો જણાય છે. (કૉષ્ટક-4).

**કૉષ્ટક-4 : દેશમાં બેરોજગારીનો દર (શ્રમશક્તિનાં) (PS+SS) (15 વર્ષથી વધુ વયજૂથ)**

| **NSS** | **વર્ષ** | ગ્રામીણ | | | શહેરી | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **મહિલા** | **પુરુષ** | **તફાવત** | **મહિલા** | **પુરુષ** | **તફાવત** |
| 50 મો | 1993-94 | 0.9 | 1.4 | 0.5 | 6.1 | 4.1 | 2.0 |
| 55 મો | 1999-2000 | 1.0 | 1.7 | 0.7 | 5.7 | 4.5 | 1.2 |
| 61 મો | 2004-05 | 1.8 | 1.6 | 0.2 | 6.9 | 3.8 | 3.1 |
| 66 મો | 2009-10 | 1.6 | 1.6 | 0 | 5.7 | 2.8 | 2.9 |
| 68 મો | 2011-12 | 1.7 | 1.7 | 0 | 5.2 | 3.0 | 3.2 |
| 5 મો* | 2015-16 | 4.7 | 2.9 | -2.2 | 1.9 | 3.0 | 7.9 |

સ્રોત : Women and Men, 2017. *EUS (2016)

રાષ્ટ્રીય નિદર્શ મોજણી (2012) અનુસાર, 1999-2000ની સાપેક્ષમાં 2011-12 દરમ્યાન શિક્ષિત બેરોજગારીનો દર ઘટ્યો છે, તેમાં પણ શિક્ષિત મહિલાઓનો બેરોજગારીનો દર પુરુષની સાપેક્ષમાં ઝડપથી ઘટ્યો છે. 1999-2000માં ગ્રામીણ વિસ્તારમાં શિક્ષિત પુરુષ અને મહિલાઓમાં બેરોજગારીનો દર (UPS-adjusted) અનુક્રમે 5.6 ટકા અને 14.6 ટકાથી ઘટીને 2011-12માં અનુક્રમે 3.6 ટકા અને 9.7 ટકા રહ્યો હતો. 1999-2000માં શહેરી વિસ્તારમાં શિક્ષિત પુરુષો અને મહિલાઓનો બેરોજગારીનો દર અનુક્રમે 6.2 અને 14.3 ટકાથી ઘટીને 2011-12માં 4 ટકા અને 10.3 ટકા રહ્યો હતો. ગ્રામીણ કે શહેરી વિસ્તારમાં શિક્ષિત પુરુષોની સાપેક્ષમાં શહેરમાં શિક્ષિત મહિલામાં બેરોજગારીનો દર નોંધનીય રીતે ઊંચો છે. મહિલાઓ શ્રમબજારમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરે છે પરંતુ તેને સરળતાથી વૈવિધ્ય ધરાવતાં ક્ષેત્રોમાં પ્રવેશ મળતો નથી.

મહિલાઓની માત્ર એવી આર્થિક પ્રવૃત્તિઓને ધ્યાનમાં લેવાય છે જ્યાં તેને કામના બદલામાં વળતર/વેતન પ્રાપ્ત થતું હોય પરંતુ તેઓની વળતર વિનાની વિવિધ પ્રવૃત્તિઓનો આર્થિક ગણતરીમાં સમાવેશ કરવામાં આવતો નથી (રાવલ અને શાહ, 2014, હિરવે, 1999, ઘોષ, 2014). હિરવે (1999)ના મતે, મહિલાઓ કુટુંબમાં, કુટુંબની સ્વ-રોજગારીમાં વિવિધ પ્રવૃત્તિ કરે છે જેનું વ્યવસ્થિત માપન થતું નથી. ઘર માટેનાં કામો અને આર્થિક પ્રવૃત્તિઓ અભિન્ન રીતે એકબીજા સાથે જોડાયેલાં હોય છે આથી સૈદ્ધાંતિક રીતે તેના માપનમાં મુશ્કેલી સર્જાય છે. આથી દેશમાં અત્યારની રોજગારી માટેની પદ્ધતિમાં મહિલાઓની વેતન વિનાની પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવતો નથી. ભારતમાં 56 (હવે 43 ટકા) ટકા વસ્તી ખેતી ઉપર આધારિત છે. મહિલાઓ અને તેના પરિવાર માટે ખેતી સંબંધિત પ્રવૃત્તિઓ, પશુપાલન પ્રવૃત્તિઓ કે જે મહિલાઓનું પ્રભુત્વ ધરાવતી પ્રવૃત્તિ છે તેમાં પુરુષની સાપેક્ષમાં મહિલાઓ વધારે પ્રમાણમાં રોકાયેલી છે. દેશમાં ઘરકામ એ મિલિયન મહિલાઓના જીવનનિર્વાહને પ્રભાવિત કરે છે (ઘોષ, 2014).

અમેરિકામાં રાષ્ટ્રીય ગણતરીમાં વ્યક્તિ કુટુંબ માટે જુદી-જુદી વસ્તુઓનું ઉત્પાદન કરે છે તેનો શ્રમશક્તિમાં સમાવેશ કરવામાં આવે છે. ભારતમાં એનએસએસઓ રોજગારી અને બેરોજગારીની મોજણીમાં મહિલા કુટુંબ માટે જે કામો કરે છે તેનો શ્રમશક્તિમાં સમાવેશ કરવામાં આવતો નથી. ખોરાક તૈયાર કરવો, બળતણ, ઘાસચારો લાવવો, કપડાં ધોવાં વગેરે રોજિંદી ઉત્પાદકીય પ્રવૃત્તિઓની જો ગણતરી કરવામાં આવે તો ગ્રામીણ વિસ્તારમાં ઘરકામની મુખ્ય આર્થિક પ્રવૃત્તિમાં કાર્ય કારતી (15-59 વર્ષની વયજૂથની) મહિલાઓની આર્થિક સહભાગિતા 1999-2000ની 55 ટકાની સાપેક્ષમાં વધીને 2011-12માં 62 ટકા થઈ જાય. 2011-12માં ગ્રામ વિસ્તારમાં ઘરકામ કરતી 58 ટકા મહિલા બળતણ અને ઘાસચારો મેળવવાં, 42 ટકા ગાય-ભેંસનાં છાણમાંથી છાણાં બનાવે છે. 44 ટકા મહિલાઓ નિયમિત રીતે છાણ, બળતણ માટે લાકડાં અને ઘાસચારો મેળવવાની પ્રવૃત્તિમાં જોડાયેલી છે. ઉપરાંત 45 ટકા મહિલાઓ ઘરનાં વિવિધ કામો જેમ કે, રસોઈ બનાવવી, રસોડુ, ઘરની સાફ-સફાઈ વગેરે પ્રવૃત્તિઓ રોજ કરે છે તેમ છતાં આ પ્રવૃત્તિઓનો રાષ્ટ્રીય નિદર્શ મોજણીમાં બિનકામદારો (વેતન વિનાનાં કામો) તરીકે વિભાગ 92 અને 93માં સમાવેશ કરવામાં આવે છે (રાવલ અને શાહ, 2014, મહેતા અને મોહંતી 2018). આમ મહિલાઓની વિવિધ પ્રવૃત્તિઓનું આર્થિક માપન થતું નથી, જ્યારે તે મોટાભાગની પ્રવૃત્તિઓમાં સતત રોકાયેલી હોય છે, તે પ્રવૃત્તિઓ માટે તેની જવાબદારી નિશ્ચિત હોય છે. પરિણામે તેઓ આર્થિક ક્ષેત્રે જોડાઈ પણ શક્તી નથી. (કોષ્ટક-5).

કોષ્ટકમાં દર્શાવ્યા અનુસાર, ગ્રામ અને શહેરી વિસ્તારમાં મહિલાઓ કુટુંબની વિવિધ જરૂરિયાતોના સંદર્ભે મુખ્ય જવાબદારી સાંભળે છે. ખોરાક માટેની વ્યવસ્થા, ખોરાક બનાવવો, રસોડું સાફ રાખવું વગેરે પ્રવૃત્તિઓ ગ્રામ વિસ્તારની કુલ મહિલાઓમાં 45 ટકા મહિલાઓ કરે છે, જ્યારે શહેરમાં 12.8 ટકા છે. શહેરમાં વિભક્ત કુટુંબો હોવાથી કામ વહેંચાઈ જાય છે પરંતુ

**કૉષ્ટક-5 : ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં કુલ મહિલાઓ દ્વારા કુટુંબ માટે કરવામાં આવતી ઘરની રોજિંદી વિવિધ મુખ્ય પ્રવૃત્તિઓ (15-59 વર્ષ) : 2011-12**

| ક્રમ | પ્રવૃત્તિઓ | ગ્રામ | શહેર |
|---|---|---|---|
| 1 | ખોરાક મેળવવા સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ | 45 | 12.8 |
| 2 | બળતણ અને ઘાસચારો મેળવવાની પ્રવૃત્તિઓ | 57.7 | 7.4 |
| 3 | ઘરની બહાર પાણી મેળવવું | 31.3 | 10.0 |
| 4 | કપડાં ધોવાં-વાળવાં | 29.6 | 25.1 |
| 5 | ચટાઈ કે ટોપલી બનાવવી | 5 | 1.6 |
| 6 | પોતાનાં કે અન્ય બાળકોને મફત શિક્ષણમાં સહાય કરવી | 7.6 | 13.9 |

સ્રોત : રાવલ અને શાહ (2014).

ગામડામાં મહિલાએ ફરજિયાત રીતે જોડાવવું પડે છે.* ઉપરાંત બળતણ, ઘાસચારાની, પીવાના પાણીની વ્યવસ્થા કરવી, કપડાં ધોવાં, વળવાં વગેરે મુખ્ય પ્રવૃત્તિઓ મહિલાઓ જ કરતી હોય છે. આમ કુટુંબ માટે પ્રત્યક્ષ નાણાકીય વળતર વિના મહિલાઓ દ્વારાના કરવામાં આવતી પ્રવૃત્તિઓને દેશની રાષ્ટ્રીય આવકમાં કે રોજગારીમાં માપવામાં આવતી નથી.

**ઉપસંહાર :**

વિશ્વબૅંક (2018) અનુસાર, મહિલા શ્રમસહભાગિતાના સંદર્ભે 131 દેશોમાં ભારતનો 120મો ક્રમ છે. આ નીચી સહભાગિતા જાતિગત હિંસા સૂચવે છે. આવી સ્થિતિમાં સમાવેશી વિકાસ કરવો અત્યંત મુશ્કેલ છે. ભેદભાવયુક્ત સામાજિક અવરોધો દૂર થાય, મહિલાઓમાં સમાજમાં ભેદભાવયુક્ત અવરોધો દૂર કરી હકારાત્મક નીતિ અને શિક્ષણ દ્વારા સમાજમાં અને શ્રમબજાર મૂલ્ય વધારે તેવો આર્થિક વિકાસ પ્રાપ્ત કરવો પડકારજનક છે. ભારતમાં મહિલાઓની સામાજિક ઓળખ અને દરજ્જો શ્રમબજારમાં પ્રવેશને અવરોધે છે, પુરુષની સાપેક્ષમાં મહિલાને પ્રાપ્ત થતી નીચી સામાજિક પ્રેરણા તેઓને આર્થિક પ્રવૃત્તિઓથી વંચિત કરે છે, તેમ છતાં જે મહિલાઓ કુશળતા સાથે શ્રમબજારમાં જોડાય છે તેઓની સાથે ભેદભાવયુક્ત વર્તણૂક પણ કરે છે. ભારતમાં 99 ટકા ખાનગી એકમો અસંગઠિત ક્ષેત્ર હેઠળના છે. આ ક્ષેત્રો શ્રમ કાયદા અને સામાજિક સલામતીના કાયદાઓનું પાલન કરતા નથી. (Daymard, A. 2015). શ્રમબજાર મહિલાઓનો મોટો હિસ્સો અસંગઠિત ક્ષેત્રોમાં જોડાયેલ છે. મહિલા અને પુરુષ શ્રમિકોના શ્રમ સહભાગિતા દર વચ્ચે મોટો તફાવત છે. ગ્રામ વિસ્તારમાં સ્વ-રોજગારીનાં ક્ષેત્રોમાં મહિલા શ્રમ સહભાગિતા સતત ઘટતી જણાય છે. તે અંગે ભિન્ન મત પ્રવર્તે છે : મહિલાઓની રોજગારી પુરુષો ઝૂંટવી લે છે (મહેતા અને મોહંતી, 2018); ગ્રામ વિસ્તારમાં જમીન ધારણ કદમાં ઘટાડો મહિલાઓની સ્વ-રોજગારી અને ખેતમજૂરીમાં ઘટાડો કરે છે (રાવલ અને શાહ, 2014). 2004-05 થી 2011-12 દરમ્યાન ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં મહિલાઓની શ્રમ સહભાગિતા સતત ઘટતી જણાય છે આની સામે પુરુષોની શ્રમ સહભાગિતામાં કોઈ ફેરફાર જણાતો નથી. (રવિન્દ્રન, 2016).

આની સામે મુદ્દો ઉપસ્થિત એ થાય છે કે, પુરુષોની સહભાગિતામાં કેમ ઘટાડો જણાતો નથી ? આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (2018) અનુસાર, 1993-94 થી 2011-12ના સમયગાળામાં પુરુષ શ્રમિકોની સાપેક્ષમાં મહિલા સ્વ-રોજગારીનો વૃદ્ધિ દર ઘટ્યો છે. જેમ કે 1993-94 થી 2004-05 દરમ્યાન મહિલા શ્રમિકોની સ્વ-રોજગારીનો વૃદ્ધિ દર 3.1 ટકા હતો તે 2004-05 થી

* ભારતમાં લગ્ન વખતે કન્યાને 'રસોઈ કરતાં આવડે છે ?' આ પ્રશ્ન યુવકના કુટુંબના સભ્યો દ્વારા અચૂક પુછાય છે.

2011-12માં ઘટીને -3.2 ટકા અને 1993-94 થી 2011-12ના સમગ્ર ગાળા દરમ્યાન તે ઘટીને 0.6 ટકા જેટલો જ હતો. જ્યારે પુરુષ શ્રમિકોની સ્વ-રોજગારીના વૃદ્ધિ દરમાં વિશેષ પરિવર્તન જણાયું નથી જેમ કે, 1993-94 થી 2004-05 દરમ્યાન 2.3 ટકા હતો તે 2004-05 થી 2011-12માં ઘટીને 0.6 ટકા અને 1993-94 થી 2011-12ના સમગ્ર ગાળા દરમ્યાન વધીને 1.7 ટકા જેટલો વધ્યો હતો. આમ પુરુષ અને મહિલા વચ્ચેનો તફાવત આર્થિક કારણ ઉપરાંત સામાજિક પરિબળો પ્રભાવિત કરે છે.

મહત્તમ મહિલા શ્રમિકો અસંગઠિત ક્ષેત્રમાંથી રોજગારી મેળવે છે, જ્યાં નીચાં વેતન સામાન્ય રીતે જોવા મળે છે. ગ્રામીણ કે શહેરી વિસ્તાર, શિક્ષણના સંદર્ભે પણ નિયત વેતન મેળવતા પુરુષ શ્રમિકોની સાપેક્ષમાં મહિલા શ્રમિકોને નીચાં વેતનો ચૂકવવામાં આવે છે. શ્રમબજાર મહિલા સાથે જોવા મળતા ભેદભાવના વિવિધ આર્થિક અભિગમો જણાવે છે કે, મહિલાની સામાજિક ઓળખ (લઘુમતી તરીકે) થવાથી તેની ઉત્પાદકતા કરતાં નીચું વળતર મળે છે. ગ્રામીણ વિસ્તારની સાપેક્ષમાં શહેરમાં મહિલાઓમાં બેરોજગારી વધુ છે. 1993માં શહેરમાં મહિલા અને પુરુષોમાં બેરોજગારીનો દર અનુક્રમે 6.1 ટકા ને 4.1 ટકા હતો. જે 2011-12માં ઘટીને 5.2 ટકા અને 3 ટકા થયો હતો. પરંતુ મહિલાઓનો બેરોજગારીનો દર પુરુષોની સાપેક્ષમાં ઊંચો રહ્યો હતો. મહિલા શ્રમબજારમાં પ્રવેશે છે તેઓની સાથે ચોક્કસ વ્યવસાયોમાં અતિભીડની સ્થિતિના કારણે નીચાં વેતનો, નિયોજકનો પૂર્વગ્રહ ચોક્કસ વ્યવસાયમાં પ્રવેશ અટકાવે છે અથવા પુરુષ શ્રમિકની તુલનામાં નીચાં વેતનો પ્રાપ્ત થાય છે.

ભારતમાં રાષ્ટ્રીય નિદર્શ મોજણીના રોજગારી અને બેરોજગારીની મોજણીમાં મહિલા કુટુંબ માટે જે કામો કરે છે તેનો શ્રમશક્તિમાં સમાવેશ કરવામાં આવતો નથી ખોરાક તૈયાર કરવો, બળતણ, ઘાસચારો લાવવો, કપડાં ધોવાં વગેરે રોજિંદી ઉત્પાદકીય પ્રવૃત્તિઓની જો ગણતરી કરવામાં આવે તો ગ્રામીણ વિસ્તારમાં ઘરકામની મુખ્ય આર્થિક પ્રવૃત્તિમાં કાર્ય કરતી (15-59 વર્ષની વયજૂથની) મહિલાઓની આર્થિક સહભાગિતા વધી જાય છે. 1999-2000ની 55 ટકાની સાપેક્ષમાં વધીને 2011-12માં 62 ટકા થઈ જાય. (રાવલ અને શાહ, 2014).

અર્થતંત્રમાં મહિલા પરિવાર, બાળ-વડીલોની સંભાળ, સામાજિક જવાબદારીઓ, કુટુંબની આર્થિક પ્રવૃત્તિઓમાં સહભાગિતા વગેરે નોંધપાત્ર સહભાગિતા છે. પરંતુ તેનું પ્રત્યક્ષ આર્થિક વળતર પ્રાપ્ત થતું નથી. આથી અર્થતંત્રમાં તેના યોગદાનની ગણતરી થતી નથી પરંતુ ઔપચારિક આર્થિક ક્ષેત્રો જેમાં કામના બદલામાં નાણાકીય અથવા બિનનાણાકીય વળતર પ્રાપ્ત થતું હોય તેમાં સહભાગીદારી નીચી જોવા મળે છે. ભેદભાવ એ વંચિતતા સૂચવે છે, જે શ્રમબજારમાં સક્રિય અથવા નિષ્ક્રિય રૂપે જોવા મળે છે. સક્રિય ભેદભાવમાં નિયોજક ચોક્કસ જૂથના સભ્યોને તેઓની યોગ્ય અથવા ઊંચી યોગ્યતા હોવા છતાં પસંદગી કરતા નથી. જ્યારે નિયોજકનું વલણ ચોક્કસ જૂથના સભ્યને નીચી યોગ્યતા હોવા છતાં પસંદ કરવાનું વલણ નિષ્ક્રિય ભેદભાવને સૂચવે છે. (Thorat and Newman, 2007). વૈશ્વિક જાતિ ભેદભાવ હેવાલના (2018) મતે, જો મહિલાઓ સાથે આર્થિક, સામાજિક અને રાજકીય સ્તરે ભેદભાવ ચાલુ રહેશે તો જાતિભેદભાવ દૂર કરવા માટે પશ્ચિમ યુરોપને 61 વર્ષ, દક્ષિણ એશિયાને 70 વર્ષ, લેટિન અમેરિકા અને કેરેબિયન દેશોને 74 વર્ષ, સબ સહરા આફ્રિકાને 135 વર્ષ, પૂર્વ યુરોપ અને મધ્ય એશિયાને 124 વર્ષ, મધ્ય પૂર્વ અને ઉત્તર અમેરિકાને 153 વર્ષ, પૂર્વ એશિયા અને પેસિફિકને 171 વર્ષ જ્યારે ઉત્તર અમેરિકાને 165 વર્ષ લાગશે.

**સંદર્ભસૂચિ :**

Akerlof, G. and R. Kranton. 2000. Economics and Identity. The Quarterly Journal of Economics. 115(3), pp. 715-753.

Agrawal, Tushar (2014) : Gender and caste-based wage discrimination in India : some recent evidence, journal for Labour Market Research, ISSN 2510-5027, Springer, Heidelberg, Vol. 47, Iss. 4, pp. 329-340, Available at : http://dx.doi.org/10.1007/s12651-013-0152-z. (Accessed on 1-1-2019).
Becker, G. S. (1992) : The economic way of looking at life. Available at : https://www.nobelprize.org/uploads/2018/06/becker-lecture.pdf. (Accessed on 1-1-2019).
Becker, G.S. (1957) : The Economics of Descrimination. Chicago : The University of Chicago Press. (Second edition, 1971).
Berta Exteve-Volart (2004) : Gender Discrimination and Growth : Theory and Evidence from India) The Suntory Centre Suntory and Toyota International Centres for Economics and Related Disciplines London School of Economics and Political Science. Available at : *http://sticerd.ise.ac.uk/dps/de/dedps42.dpf.* (Accessed on 18-1-2019).
Daymard, A. (2015) : Dererminants of Female Entrepreneurship in India. Economics Department, Working papers No. 1191. Available at : https://www.researchgate.net/publication/277309470 Determinants of Female Entrepreneurship in India. (Accessed on 3-1-2019).
Dreze, Jean and Amartya Sen, 1995, India : Economic Development and Social Opportunity, (Oxford : Oxford University Press).
Geetika et. al. (2011) : Women Working in Informal Sector in India : A saga of Lopsided Utilization of Human Capital. 2011 International Confrerence on Economics and Finance Research IPEDR vol. 4.IACSIT Press, Singapore. (Accessed in 17-1-2019).
Grimshaw, D. and Rubery, Jill (2015) : The Motherhood Pay Gap : A Review of the Issues, Theory and International Evidence. ILO. International Labour Office, Inclusive Labour Markets, Labour Relations and Working Conditions Branch. - Geneva. Available at : https://www.ilo.org/wcmsp5/groups/public/@dgreports/@dcomm/@publ/documents/publication/wcms 348041.pdf. (Accessed on 3-1-2019).
Granovetter, M. 2002 : A Theoretical Agenda for Economic Sociology. in Mauro Guillen, Randall Collins, Paula England and Marshall Meyer, (editors) The New Economic Sociology : Developments in and Emerging Field. New York : Russell Sage Foundation.
Goldin, Claudia, 1994 : 'The U-Shaped Female Labor Force Function in Economic Development and Economic History', Working Paper No. 4707, National Bureau of Economic Research.
Government of India (2017) : All India Survey on Higher Education. Available : http://aishe.nic.in/aishe/viewDocument.action?documentld=239. (Accessed on 18-1-2019).
Government of India (2012) : NSS Report No. 554: Employment and Unemployment Situation in India, 2001-12. Available at: http://mospi.nic.in/sites/default/files/publication_reports/nss_report_554_31jan14.pdf. (Accessed on 3-1-2019).
Government of India (2016) : Fifth Annual Employment and Unemployment Survey in India, 2015-16. Ministry of Labour & Employment Labour Bureau Chandigarh.

Government of India (2017) : Women and Men in India : a Statistical Profile. 19th Issue. Social Statistics Division, Central Statistics Office Ministry of Statistics and Programme Implementation, Government of India. Available at: http://mospi.nic.in/sites/default/files/publication_reports/Women%20and%20men%20in%20india- 2017%20Mail.pdf.

Ghosh Jayati (2014) : Delivering the second United Nations Public Lecture, Dr. Jayati Ghosh, on India to ratify the ILO Domestic Workers Convention No. 189 that guarantees the fundamental rights of domestic workers to decent and secure work. Available at : http://in.one.un.org/page/the-invisible-workers-rights-justice-and-dignity-for-domestic-workers. (Accessed on 8-1-209).

Hirway Indira (1999) : Estimating Work Force Using Time Use Statistics in India and its Implications For Employment Policies. Chair person, Technical Advisory Committee on Time Use Survey, set up by Department of Statistics, Government of India.

ILO(2016) : Global Wage Report. Available at : https://www.ilo.org.wcmsp5/groups/public/@dgreports/@dcomm/@publication/wcms 537846.pdf. (Accessed on 12-1-2019).

ILO (2018) : India Wage Report. Available at : https://www.ilo.org.wcmsp5/groups/public/---asia/---ro-bangkok/---sro-new_delhi/documents/publication/wcms_638305.pdf. (Accessed on 1-1-2019).

Maria, M.(2014) : Economic Approaches of Gender Inequality : Discrimination in the Labour Market. Available at: https://www.librarything.com/work/19932262. (Accessed on 4-1-2019).

Rawal Vikas and Shah Partha : (2014). Women's Employment in India What do Recent NSS Surveys of Employment and Unemployment Show? Society for Social and Economic Research S3/209, Saraswati Towers, Sector D6, Vasant Kunj, New Delhi 110 070, India. Available at: http://archive.indianstatistics.org/misc/women_work.pdf. (Accessed on 31-1-2019).

Roy. R. (2010) : The Concept of Equality in Human and Gender Rights Discourse. Oxford University Press.

Sen A. (2000) : Social Exclusion : Concept, Application, and Scrutiny. Available at : https://www.adb.org/sites/default/files/publication/29778/social-exclusion.pdf. (Accessed on 18-1-2019).

Smith, S.W. (1994) : Labour Economics, Routledge Publication. London.

Thorat, S. (2008) : Labour Market Discrimination : Concept, Forms and Remedies in the Indian Situation. The Indian Journal of Labour Economics, Vol.51, No.1, 2008. Available at: http://www.isleijle.org/ijle/issuepdf/a894abe5e92-4ab9-8957-dc0ec430224d.pdf. (Accessed on 1-1-2019).

Thorat and Newman (2007) : Caste and Economic Descrimination : Census Consequences and Remedies. Economic and Political Weekly, October 13, 2007. vol.xlii, No.41, p.4122-23.

UNHR : Women's Right are Human Rights. https://www.ohchr.org/Documents/Events/WHRD/WomenRightsAreHR.pdf. (Assessed on 20 November 2018).

The Economic Times (2018) : India ranks among the bottom 15 of Oxfam world inequality index.

Available at:/econimictimes.indiatimes.com/articleshow/66137424.cmsutm_source=contentofinterest&utm_medium=text&utm_campaign=cppst. Oct 10, 2018, 04.03 PM IST. (Accessed on 15-1-2019).

Teiseira, Pedro (2014) : Gray Becker's early work on human capital: Collaborations and distinctiveness, IZA Journal of Labor Economics, ISSN 2193-8997, Springer, Heidelberg, Vol. 3, pp.1-20, Available at : http://dx.doi.org/10.1186/s40172-014-0012-2. (Accessed on 12-1-2019).


World Bank (2018) : Women in India;s Economic Growth. Available at : https://www.worldbank.org/en/news/speech/2018/03/17/women-indias-economic-growth. (accessed on 14-1-2019).

World Economic Forum (2018 : Global Gender Gap Report (2018). Available at : http://www3.weforum.org/docs/WEF_GGGR_2017.pdf. (Accessed on 23-1-2019).

મહેતા નીતિ અને મોહંતી (2019) : વર્ગવિષયક ? : ભારતમાં વર્ષ 2004-05 પછી સ્ત્રીઓની શ્રમદળમાં ભાગીદારીના વલણોની તપાસ, માધુકરી, ડિસેમ્બર 2018. સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનૉમિક ઍન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદ. પૃ. 19-46.


આલેખ-૧

ભારતમાં મહિલા શ્રમિકોનો વાર્ષિક રોજગારીનો વૃદ્ધિદર




આલેખ-૨

ભારતમાં પુરુષ શ્રમિકોનો વાર્ષિક રોજગારી વૃદ્ધિદર




•

## કુટુંબ સલાહ કેન્દ્રો અને સામાજિક કાર્યકરો

– ડૉ. પરેશ ચૌહાણ*

ગુજરાતમાં કુટુંબની સ્ત્રીઓના મુદ્દાઓ પર કાર્યરત મોટાભાગની સંસ્થાઓ વીસમી સદીના આરંભના બીજા અને ત્રીજા દાયકામાં સ્થપાઈ હતી. અખિલ હિંદ મહિલા પરિષદની શાખાઓ 1920ના અરસામાં ગુજરાતમાં સ્થપાઈ અને રાષ્ટ્રીય ચળવળના જુવાળ દરમ્યાન અન્ય સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. 'જ્યોતિસંઘ'માં સ્ત્રીઓ માટે લેવાતી કાળજીમાંથી અત્યાચારપૂર્ણ પરિસ્થિતિમાંથી સ્ત્રીને ઉગારી લેવાની પ્રવૃત્તિનો ઉદ્ભવ થયો અને તેનાં પ્રણેતા, જ્યોતિસંઘનાં સ્થાપક, સંચાલક શ્રી મૃદુલાબહેન સારાભાઈ હતાં. ગાંધી બાપુના આશીર્વાદથી જ્યોતિસંઘની સ્થાપના 1934માં થઈ હતી. ધીરે ધીરે આ પ્રવૃત્તિ શ્રી ચારૂમતીબહેન યોદ્ધાને સોંપવામાં આવી અને તે પ્રવૃત્તિ જેમ જેમ વિકસતી ગઈ તેમ તેમ ઉગારી લીધેલી સ્ત્રીઓને આશ્રય આપવાની જરૂર જણાઈ. 1937માં શ્રી મૃદુલાબહેન સારાભાઈ અને શ્રી પુષ્પાવતીબહેન મહેતાના પ્રયત્નોથી પ્રથમ આશ્રયગૃહ 'વિકાસગૃહ'ની સ્થાપના થઈ. આ સંસ્થાઓ દ્વારા સ્ત્રીઓને સિલાઈ અને ટાઈપરાઈટિંગ જેવાં વિવિધ કૌશલ્યો શીખવવા તાલીમ વર્ગો ચલાવાતા હતા અને તેમના બનાવેલાં અથાણાં કે મસાલા કે અન્ય ખાદ્ય પદાર્થોનું વેચાણ કરવાની વ્યવસ્થા કરીને તેમને આવક મેળવી આપવામાં આવતી હતી. ગુજરાતમાં સ્ત્રી-કાર્યોની પ્રણાલી આ સંસ્થાઓ દ્વારા શરૂ કરવામાં આવી. આ આશ્રય સંસ્થામાં ઘરમાંથી ત્યજાયેલી હોય તેવી ત્યક્તા, વિધવા કે અપરિણીત માતાને આશ્રય અપાતો. તે પછી ગુજરાતમાં દસ આશ્રયગૃહો બન્યાં અને શ્રી પુષ્પાવતી બહેન મહેતાએ શરૂ કરેલા 'અખિલ ગુજરાત સામાજિક સંસ્થા મધ્યસ્થ મંડળ'માં 130 સંસ્થાઓ સભ્ય થઈ હતી. તે સમયનો તેમનો હેતુ રાષ્ટ્રીય ચળવળને ટેકો કરવાનો અને સમાજસુધારણાનો હતો. 1947 પછી આ સંસ્થાઓનો અભિગમ બદલાયો. તેમને પોતાની પ્રવૃત્તિઓમાં સરકારી ગ્રાન્ટ મળે તેવા કાર્યક્રમો ઉમેર્યા અને સ્ત્રીઓને તેમજ બાળકોના કલ્યાણને અગ્રિમતા આપવામાં આવી. સ્વતંત્રતા મળ્યા પછીના તરતનાં વર્ષોમાં સંસ્થાઓને વર્ગો અને આશ્રયગૃહો ચલાવવા માટે ગ્રાન્ટ આપવાનું શરૂ કર્યું. (પાઠક : 2001 : 5-10).

વર્તમાન સમયમાં કુટુંબ સલાહ કેન્દ્રો કુટુંબને અગત્યનું માર્ગદર્શન આપી રહ્યાં છે. કુટુંબજીવનમાં દુઃખી વ્યક્તિઓ ઘણી વખત મૂંઝાતી હોય છે. પોતે ઉકેલ શોધવા અસમર્થ હોય છે, છતાં રસ્તો સુઝાડવા તેને માર્ગદર્શન મળતું ન હોય ત્યારે તે નિઃસહાય દશામાં મુકાતી હોય છે. કૌટુંબિક પરિસ્થિતિ તેને અકળાવનારી હોવા છતાં બીજી વ્યક્તિઓને તે વાત કરી શકતી નથી અથવા તો વાત કરતાં અચકાય છે, કારણ કે કુટુંબની પ્રતિષ્ઠાનો પ્રશ્ન તેને સતાવતો હોય છે. કૌટુંબિક કટોકટીથી અકળાયેલી વ્યક્તિને કેટલીક વખત આપઘાત એ જ ઉકેલ દેખાતો હોય છે. આવા વમળમાં સપડાયેલી વ્યક્તિને કુટુંબ સલાહ કેન્દ્ર મદદરૂપ બને છે.

પ્રત્યેક સમાજમાં કુટુંબની કટોકટીના ઉકેલ માટે કોઈ ને કોઈ જોગવાઈ હોય છે. જૂના કાળમાં કુટુંબના કજિયા-કંકાસ નિવારવા માટે કુટુંબ કે પંચનો વડો, પડોશી, ગુરુ, મિત્રો કે સમાજના અગ્રણીઓ અગત્યનો ભાગ ભજવતાં. આધુનિક યુગમાં કુટુંબ સલાહ કેન્દ્રોમાં કાર્યકરો દ્વારા કેવળ અનુભવના—જ્ઞાનના આધારે જ નહિં, પરંતુ પ્રત્યેક પ્રશ્નને વૈજ્ઞાનિક રીતે તપાસી તેનો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરવામાં આવે છે. કુટુંબ સલાહ કેન્દ્ર પાસે સહાનુભૂતિ ધરાવનારા પીઢ કાર્યકરો હોય છે. વ્યક્તિ તેમની પાસે હૃદય ખોલી શકે છે, કારણ કે તેને ઓળખાઈ જવાનો ડર નથી. ઉપરાંત તેની માહિતી

* આસિસ્ટન્ટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઑફ સોશિયૉલોજી, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ ઍન્ડ સોશિયલ સાયન્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ગુપ્ત રહેવાની તેને ખાતરી હોય છે.

કુટુંબમાં મુખ્યત્વે પતિપત્ની વચ્ચેના મતભેદો તથા કુટુંબના સભ્યોની દખલગીરીમાંથી કટોકટી જન્મતી હોય છે. આના મૂળમાં નબળી નિર્ણાયક શક્તિ, વહેમ, અજ્ઞાન, જાતીય જ્ઞાનનો અભાવ વગેરે રહેલાં છે. કુટુંબમાં અશાંતિ ઊભી થવા માટે તેના સભ્યોનાં સામાજિકીકરણ, વ્યક્તિમત્તા, સાંસ્કૃતિક ભિન્નતા, સામાજિક વાતાવરણ વગેરેને ગણાવી શકાય. દંપતીના જીવનમાં પડેલી ગૂંચને કે કૌટુંબિક મુશ્કેલીઓને ઉકેલવાનું કામ આધુનિક કાળમાં કુટુંબ સલાહ કેન્દ્રો કરે છે.

કુટુંબજીવનમાં મુશ્કેલી અનુભવતાં દંપતીમાંથી કોઈ એક પક્ષ અથવા તો બંને કુટુંબ સલાહ કેન્દ્રનો સંપર્ક સાધે છે. કેન્દ્રના કાર્યકરનું કામ બંનેને સાથે અને સ્વતંત્ર રીતે પરંતુ નિષ્પક્ષપણે સાંભળી, માહિતીને યોગ્ય રીતે સમજી તેમને દોરવણી આપવાનું હોય છે. ભારતમાં પશ્ચિમના દેશોની જેમ બધાં કેન્દ્રોમાં તાલીમ પામેલા કાર્યકરો હોતા નથી, પરંતુ ઘણાં વર્ષોના અનુભવને કારણે આ કાર્યકરો કુટુંબના કટોકટીના પ્રશ્નો ઉકેલવામાં ઉપયોગ માર્ગદર્શન આપી શકે છે. કેન્દ્રના કાર્યકર જ્યાં જરૂર લાગે ત્યાં મનોચિકિત્સકની સલાહ માટે પણ સૂચન કરે છે. ઘણાં કેન્દ્રો સાથે કાનૂની સલાહ આપનારા નિષ્ણાતો સંકળાયેલા હોય છે.

કુટુંબ સલાહ કેન્દ્રોનું કામ મુખ્યત્વે કુટુંબને મુશ્કેલી ઊભી થયા પછી તેનો ઉકેલ શોધવાનું કે માર્ગદર્શન આપવાનું રહે છે. સમૃદ્ધ, સુખી કુટુંબજીવન માટે દાંપત્યજીવન શરૂ થાય તે પહેલાં જ સ્ત્રી-પુરુષ સંબંધો તથા જાતીય જીવન અંગેનું માર્ગદર્શન જરૂરી છે. પરદેશમાં લગ્ન સલાહ સંસ્થાઓ આ પ્રકારની સેવા પૂરી પાડતી હોય છે. આવી સંસ્થા વ્યક્તિને લગ્ન કરતાં પહેલાં જાતીય જીવન, વ્યક્તિમત્તા, કુટુંબજીવનમાં અનુકૂલન તેમજ અનેક વ્યક્તિગત બાબતો અંગે યોગ્ય માર્ગદર્શન આપી ગેરસમજૂતી દૂર કરી શકે છે. જેથી વ્યક્તિ તંદુરસ્ત સુખી લગ્નજીવનનો પાયો નાંખી શકે છે.

કમનસીબે આપણા દેશમાં હજુ આ પ્રકારની સેવા સંસ્થાઓની જરૂરિયાત અંગેનો સ્વીકાર થયો નથી. રોગ થયા પછી ડૉક્ટર પાસે જવું તેના કરતાં રોગ ન થાય તે માટે જરૂરી પગલાં લેવાં તે વધારે હિતાવહ છે. ભારતીય પરિસ્થિતિમાં કુટુંબમાં મુશ્કેલી ઊભી થયા પછી પણ ઘણા સમય બાદ વ્યક્તિઓ કુટુંબ સલાહ કેન્દ્રની મદદ લેવા જતી હોય છે, તેથી કેટલીક વખત તેનો ઉકેલ લાવવો કઠિન બની જાય છે.

કુટુંબ સલાહ કેન્દ્રોની સ્થાપના એ આધુનિક ખ્યાલ છે. ભારત આ દિશામાં હજુ પ્રારંભિક દશામાં છે. બહુ જ મોટાં શહેરોમાં અલ્પ પ્રમાણમાં આવાં કેન્દ્રોનું અસ્તિત્વ જણાય છે. તેની મદદ થોડા પ્રમાણમાં લોકો લેતા જણાય છે, તેમ છતાં છેલ્લા થોડા દસકાઓનો વિચાર કરીએ તો આ દિશામાં ધીમી પ્રગતિ થઈ રહી છે. કુટુંબ સલાહ કેન્દ્રોનું ધીમે ધીમે, પરંતુ વધારે સંખ્યામાં લોકો માર્ગદર્શન લેતા થયા છે. (પટેલ : 1982 : 153-155).

અમદાવાદમાં જ્યોતિસંઘ, અવાજ, વિકાસગૃહ, અખંડજ્યોત, સંચેતના ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ જેવી લગભગ 50 જેટલી સંસ્થાઓનો રાહત વિભાગ કુટુંબ-સંઘર્ષના પ્રશ્નો હાથ ધરે છે. આ ઉપરાંત તેમની સાથે સંકળાયેલા કુટુંબ સલાહ કેન્દ્રો પણ આ પ્રકારની કામગીરી બજાવે છે. આ સંસ્થાઓ પાસે આવતા કેસોમાં મુખ્યત્વે કૌટુંબિક કલહ, મારઝૂડ અને તે પછી અનુક્રમે છૂટાછેડા, દ્વિપત્ની, રખાત ઇત્યાદિનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓ દ્વારા રાહતના પ્રકારમાં સમાધાન, ખાધાખોરાકીની જોગવાઈ, વિકાસગૃહ કે નારીસદનમાં આશ્રય, છૂટાછેડા કે અન્ય બાબતો માટે જરૂરી કાનૂની સલાહ વગેરેનો સમાવેશ થાય છે. આશ્રયસ્થાન ન હોય તેવી જૂજ વૃદ્ધ વ્યક્તિઓને વૃદ્ધાશ્રમમાં મોકલવામાં આવે છે. આમ, સંસ્થાઓ પાસે મદદ માટે આવેલી વ્યક્તિઓને શક્ય તે રાહત આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે, તેમ છતાં અહીં કહેવું જોઈએ કે બધા કેસોમાં પૂરેપૂરી રાહત આપી શકાતી નથી.

ટૂંકમાં કુટુંબને કટોકટીમાંથી બચાવવા માટે આધુનિક યુગમાં સલાહ કેન્દ્રોના તાલીમ પામેલા નિષ્ઠાવાન સામાજિક કાર્યકરોની મદદ અતિ ઉપયોગી છે. ઘણી વખત તેમનું કામ કાયદાના અવરોધો કે મર્યાદાને લીધે મુશ્કેલ બનતું હોય છે. પરંતુ કાયદો કુટુંબજીવનની ગૂંચ ઉકેલવામાં મદદે પણ આવતો હોય છે.

વર્ષ 2018માં 'ગુજરાતની ફૅમિલી કોર્ટ્સના કિસ્સાઓ' વિષય પર અમદાવાદની ફૅમિલી કોર્ટના કિસ્સાઓનો પીએચ.ડી. કક્ષાનો સંશોધન-અભ્યાસ કરતી વખતે અમદાવાદનાં 10 કુટુંબ સલાહ કેન્દ્રો અને તેના સામાજિક કાર્યકરો પાસેથી તેમના કાર્ય-અનુભવ અંગે માહિતી એકત્ર કરી હતી. તે વિશે આ લેખમાં ચર્ચા કરવામાં આવી છે. વધુમાં આ લેખમાં અમદાવાદનાં કેટલાંક કુટુંબ સલાહ કેન્દ્રોમાંથી પ્રાપ્ત થયેલા આંકડાઓ અને કાઉન્સેલિંગ પ્રક્રિયા સંબંધિત પ્રાપ્ત સાહિત્યનું ઉમેરણ કર્યું છે.

**અભ્યાસના હેતુઓ :**

1. કુટુંબ સલાહ કેન્દ્રોમાં આવેલા કેસો અને તેના સમાધાનની રીતોનું આંકડાકીય વિશ્લેષણ કરવું.
2. આ કેસોમાં પક્ષકારોની ભૂમિકા તપાસવી.
3. કુટુંબ સલાહ કેન્દ્રોના સંચાલકો, સામાજિક કાર્યકરોની ભૂમિકા તપાસવી અને સંબંધિત સાહિત્યની સમીક્ષા કરવી.
4. કુટુંબના પ્રશ્નોના નિવારણમાં કુટુંબ સલાહ કેન્દ્રોનું પ્રદાન તપાસવું.

**અભ્યાસ પદ્ધતિ :**

ફૅમિલી કોર્ટના અભ્યાસમાં અમદાવાદનાં 5 કુટુંબ સલાહ કેન્દ્રોની 10 મહિલા સામાજિક કાર્યકરોનું હેતુપૂર્વક નિદર્શન લીધું હતું કે જેઓ આ કુટુંબ સલાહ કેન્દ્રોમાં કામ કરવાનો 1 થી 18 વર્ષનો કાર્ય-અનુભવ ધરાવતી હતી. જેમની ઉંમર 26 થી 55 વર્ષ સુધીની હતી. તેમની પાસેથી માહિતી લેવા 22 પ્રશ્નોની મુલાકાત-માર્ગદર્શિકા બનાવી તેની ઉપયોગ કર્યો હતી. પ્રાપ્ત માહિતી વર્ણનાત્મક અને ગુણાત્મક સ્વરૂપની હતી.

આ સામાજિક કાર્યકરો પાસેથી કુટુંબ સલાહ કેન્દ્રોમાં આવતા કેસોની ઢબ, પતિ-પત્નીના ઝઘડાના કેસોના પ્રકાર (ટ્રેન્ડ), સામાજિક કાર્યકરોની કેસોની જોવાની દૃષ્ટિ, પતિ-પત્નીના ઝઘડામાં કુટુંબના અન્ય સભ્યોની ભૂમિકા-અપેક્ષાઓ, કેસોના નિકાલમાં લાગતો સમય, વર્તમાન સમયમાં સમાજમાં આવી રહેલું પરિવર્તન, અરજદારની વિરુદ્ધમાં જતા કેસો, કાયદાઓ અને ફૅમિલી કોર્ટની પ્રક્રિયાથી અરજદારોને પડતી મુશ્કેલીઓ, સામાજિક કાર્યકરની ભૂમિકા, કોર્ટમાં વકીલોની ભૂમિકા, મિડિયેશન, કન્સિલિયેશન, લોકઅદાલતની કામગીરી, કેસોના ઉકેલ લાવવા બાબતે સામાજિક કાર્યકરોની સજ્જતા અને તૈયારી, આ ક્ષેત્રે કામ કરતી બીજી સંસ્થાઓ વિશેના અનુભવો, પતિ-પત્નીના ઝઘડા નિવારવા ભવિષ્યનાં સૂચનો વગેરે વિશે માહિતી પ્રાપ્ત થઈ હતી.

**સાહિત્ય-સમીક્ષા :**

મસીહી (2006)એ 'નાગરિક સમાજમાં વ્યાવસાયિકોની સામાજિક નિસ્બત' વિષય પર જુદા-જુદા વ્યાવસાયિકો - ડૉક્ટર, અધ્યાપક, એન્જિનિયર, પત્રકાર, સામાજિક કાર્યકર અને વકીલોની ભૂમિકા તપાસવાનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસનું સમાજે વાંચન કરવું અગત્યનું છે.

ચાવડા (2007)એ ગુજરાતના પાંચ ઝોનમાંથી દરેક ઝોનના બે-બે કુટુંબ કલ્યાણ કેન્દ્રોને લઈ કુલ 10 કુટુંબ કલ્યાણ કેન્દ્રોનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં કુટુંબ કલ્યાણ કેન્દ્રોએ અપનાવેલ અભિગમ અને તેની પ્રક્રિયામાં સુધારા કરવાનાં સૂચનો રજૂ કરવામાં આવ્યાં છે. જેમાં અમદાવાદના ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, પાલડી, અમદાવાદ સંચાલિત કુટુંબ કલ્યાણ કેન્દ્રને આ અભ્યાસમાં સમાવવામાં આવ્યો હતો.

**કુટુંબ સલાહ કેન્દ્રોમાંથી પ્રાપ્ત માહિતી**

અમદાવાદનાં પાંચ કુટુંબ સલાહ કેન્દ્રોમાંથી આ

કેન્દ્રોમાં આવતા કેસોના પ્રકાર અને રાહતના પ્રકાર વિશે માહિતી પ્રાપ્ત કરી હતી. જેમાંથી ત્રણ કેન્દ્રોની વર્ષ 2009 થી 2014 દરમિયાનની માહિતી અહીં પ્રસ્તુત કરી છે.

**(1) જ્યોતિસંઘ, રિલીફ રોડ, લાલ દરવાજા, અમદાવાદ**

પૂ. ગાંધીજીની પ્રેરણાથી શ્રી મૃદુલાબહેન સારાભાઈએ 1934ની સાલમાં જ્યોતિસંઘની સ્થાપના કરી હતી. અસંખ્ય સ્ત્રીઓના જીવનમાં વિવિધ પ્રવૃત્તિઓથી પ્રાણ પૂરનાર જ્યોતિસંઘ સંસ્થાએ 2019ની સાલમાં 85 વર્ષ પૂરાં કર્યાં છે. હાલમાં જ્યોતિસંઘ દ્વારા બે કુટુંબ સલાહ કેન્દ્રો અમદાવાદના રિલીફ રોડ અને વાડજ વિસ્તારમાં કાર્યરત છે.

ચારૂમતી યોદ્ધા રાહત વિભાગ, જ્યોતિસંઘ લાલદરવાજા એકમ, અમદાવાદ 1934થી કુટુંબ માર્ગદર્શન એકમ તરીકે કાર્યરત છે. આ ગુજરાત રાજ્યનું પ્રથમ કુટુંબ સલાહ કેન્દ્ર છે. આ વિભાગના અનુભવી સલાહકાર સમાજ અને કુટુંબના વિવિધ પ્રશ્નો જેવા કે દહેજ, માનસિક અને શારીરિક સતામણી, સમાજની જૂની માન્યતાઓ અને પદ્ધતિઓ, છોકરીઓના પ્રશ્નો, દારૂના નશા, સંયુક્ત કુટુંબમાં અનુકૂલન, ઓછી આવક સંબંધિત સમસ્યાઓ તરુણાવસ્થાની સમસ્યાઓ અને વૃદ્ધાવસ્થાની સમસ્યા કે જેમાં બહેનોને હંમેશાં ખૂબ સહન કરવું પડતું હોય છે વગેરે અંગે માર્ગદર્શન અને મદદ પૂરી પાડે છે.

**કૉષ્ટક-1 (અ) : જ્યોતિસંઘ, રિલીફ રોડ સંસ્થામાં આવેલા કેસના પ્રકારો**

| કેસના પ્રકાર | એપ્રિલ 2009-માર્ચ 2010 | એપ્રિલ 2010-માર્ચ 2011 | એપ્રિલ 2011-માર્ચ 2012 | એપ્રિલ 2012-માર્ચ 2013 | એપ્રિલ 2013-માર્ચ 2014 |
|---|---|---|---|---|---|
| કૌટુંબિક કલહ | 434 | 422 | 431 | 564 | 552 |
| છૂટાછેડા | 9 | 9 | - | - | - |
| મારઝૂડ | 10 | 10 | - | 5 | - |
| શંકા | - | - | - | - | - |
| પત્ની રખાત | - | - | - | - | - |
| માનસિક ત્રાસ | 16 | 16 | 3 | 8 | 4 |
| ભાગેડુ | 4 | 4 | - | 3 | 5 |
| ઈતર | 17 | 17 | 7 | 10 | 3 |
| દહેજ | 8 | 8 | - | 1 | - |
| છેતરપિંડી | 3 | 3 | 1 | - | - |
| મિલકત | 2 | 2 | 1 | 2 | 1 |
| હેરાનગતિ | - | - | 1 | 1 | - |
| બાળકના કબ્જા માટે | - | - | 2 | - | 3 |
| બળાત્કાર | - | - | - | - | - |
| પેન્ડિંગ | - | - | - | - | - |
| પ્રેમલગ્ન | - | - | - | - | - |
| **કુલ** | **503** | **491** | **446** | **594** | **565** |

**કૉષ્ટક-1 (બ) : જ્યોતિસંઘ, રિલીફ રોડ સંસ્થામાં આવેલા કેસમાં રાહતના પ્રકારો**

| રાહતના પ્રકાર | એપ્રિલ 2009- માર્ચ 2010 | એપ્રિલ 2010- માર્ચ 2011 | એપ્રિલ 2011- માર્ચ 2012 | એપ્રિલ 2012- માર્ચ 2013 | એપ્રિલ 2013- માર્ચ 2014 |
|---|---|---|---|---|---|
| સંસ્થાવતી સમાધાન | 66 | 68 | 43 | 89 | 138 |
| છૂટાછેડા | 8 | 8 | 3 | 20 | 27 |
| કાયદેસરની મદદ | 3 | 20 | - | - | 17 |
| કાયદેસરની સલાહ | 63 | 70 | - | - | 3 |
| મહિપતરામ ગૃહ આશ્રમ | 12 | 84 | 74 | 18 | 43 |
| કાયદાકીય મદદ બારથી | 2 | - | 4 | 3 | 5 |
| વિકાસગૃહ | - | 2 | 1 | 1 | - |
| સમાજ દ્વારા | - | - | - | - | - |
| પોલીસ બદદ | - | - | - | - | 5 |
| બંધ કેસ | 133 | 192 | 103 | 34 | 73 |
| ચાલુ કેસ | 216 | 65 | 210 | 429 | 252 |
| પેન્ડિંગ કેસ | - | - | 8 | - | - |
| બીજી સંસ્થામાં મોકલ્યા | - | - | - | - | 2 |
| **કુલ** | **503** | **491** | **446** | **594** | **565** |

**(2) ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ, પાલડી, અમદાવાદ**

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંસ્થા ગુજરાતમાં શિક્ષણના ઈતિહાસમાં મોટું નામ છે. તે છેલ્લાં સો વર્ષથી સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણને ક્ષેત્રે કાર્ય કરે છે. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ (GSKM)ની સ્થાપના મહાત્મા ગાંધીની પ્રેરણાથી 1917માં થઈ હતી. GSKM ખાતે બે કુટુંબ સલાહ કેન્દ્રો ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારની સહાય દ્વારા ચાલે છે. જેમાંથી કેન્દ્ર સરકારની સહાય અને માર્ગદર્શનથી ચાલતા કુટુંબ સલાહ કેન્દ્રના પાંચ વર્ષના આંકડા અહીં દર્શાવ્યા છે. (પૃ. ૩૫)

**કોષ્ટક-2 (અ) : ગુજરાત સ્ત્રી કેળવણી મંડળમાં આવેલા કેસોના પ્રકાર**

| કેસોની વર્ગીકરણ | એપ્રિલ 2010-માર્ચ 2011 | એપ્રિલ 2011-માર્ચ 2012 | એપ્રિલ 2012-માર્ચ 2013 | એપ્રિલ 2013-માર્ચ 2014 | એપ્રિલ 2014-માર્ચ 2015 |
|---|---|---|---|---|---|
| પતિ તરફથી શારીરિક માનસિક ત્રાસ | 73 | 0 | 0 | 0 | 0 |
| પત્ની તરફથી શારીરિક માનસિક ત્રાસ | 34 | 0 | 0 | 0 | 0 |
| અન્ય તરફથી શારીરિક માનસિક ત્રાસ | 17 | 6 | 1 | 3 | 0 |
| માતા-પિતા તેમજ સાસરી પક્ષના સભ્યો તરફથી દખલ અંદાજીની તકલીફ | 13 | 29 | 29 | 34 | 46 |
| દહેજ સંબંધિત | 6 | 3 | 13 | 9 | 4 |
| દારૂ/ડ્રગ્સ સંબંધી | 14 | 20 | 28 | 22 | 29 |
| અનૈતિક સંબંધ સંબંધી | 12 | 26 | 16 | 13 | 11 |
| મિલકત સંબંધી | 4 | 12 | 7 | 17 | 14 |
| આર્થિક સમસ્યા સંબંધી | 15 | 19 | 14 | 14 | 11 |
| વિવાહ સંબંધી માહિતી માટે | 0 | 0 | 0 | 0 | 2 |
| બાળકના પજેશન સંબંધી | 7 | 3 | 10 | 6 | 7 |
| અપહરણ સંબંધી | 2 | 1 | 0 | 2 | 2 |
| આશ્રય બાબત | 1 | 0 | 0 | 0 | 0 |
| છેતરપિંડીથી લગ્ન સંબંધ | 3 | 2 | 0 | 0 | 0 |
| અપમૃત્યુ સંબંધી | 1 | 0 | 1 | 0 | 0 |
| બળાત્કાર સંબંધી | 2 | 0 | 0 | 0 | 0 |
| છેતરપિંડીથી છૂટાછેડા લેવા બાબતે | 1 | 0 | 0 | 0 | 0 |
| કાનૂની સહાય સંબંધી | 4 | 0 | 0 | 0 | 0 |
| જાતીય અસંતોષ સંબંધી | 0 | 0 | 0 | 0 | 0 |
| જાતીય શોષણ સતામણી સંબંધી | 1 | 2 | 0 | 1 | 0 |
| વૈવાહિક અસમાયોજન | 0 | - | 63 | 88 | 82 |
| પતિ-પત્ની વચ્ચે | - | 6 | - | - | - |
| સાસરી પક્ષોની વચ્ચે | - | 1 | - | - | - |
| પર્સનાલિટી ડિફરેન્સ | 0 | 9 | 0 | 0 | 0 |
| પુત્ર-પુત્રવધૂ તરફથી તકલીફ | 0 | 3 | 4 | 3 | 0 |
| વૈયક્તિક અસમાનતા | 0 | 0 | 6 | 4 | 5 |
| પડોશી તરફથી તકલીફ | 0 | 0 | 2 | 0 | 2 |
| બાળક દત્તક લેવા સંબંધી | 0 | 0 | 0 | 0 | 1 |
| **કુલ** | **210** | **196** | **194** | **216** | **212** |

કૉષ્ટક-2 (બ) : ગુજરાત સ્ત્રી કેળવણી મંડળમાં આવેલા કેસોમાં તેના સમાધાનના પ્રકાર

| સમાધાનનો પ્રકાર | એપ્રિલ 2010-માર્ચ 2011 | એપ્રિલ 2011-માર્ચ 2012 | એપ્રિલ 2012-માર્ચ 2013 | એપ્રિલ 2013-માર્ચ 2014 | એપ્રિલ 2014-માર્ચ 2015 |
|---|---|---|---|---|---|
| સલાહ-માર્ગદર્શન | 93 | - | - | - | - |
| સમાધાન | 54 | 36 | 42 | 68 | 64 |
| છૂટાછેડા | 29 | 34 | 37 | 43 | 34 |
| કોર્ટ મૅટર | 21 | - | - | - | - |
| અન્ય સંસ્થામાં રિફર | 4 | - | 2 | 1 | - |
| ડ્રોપ આઉટ | - | - | - | - | - |
| કાનૂની સહાય | - | 1 | 80 | 69 | 84 |
| પોલીસ સહાય | - | 7 | 2 | 4 | 5 |
| પરસ્પરની સમજૂતી | - | 28 | 33 | 48 | 26 |
| **કુલ** | **201** | **106** | **196** | **233** | **213** |

**(3) અવાજ, ભૂદરપુરા, અમદાવાદ**

ઈલા પાઠક વ્યવસાયે અંગ્રેજી ભાષા-સાહિત્યના અધ્યાપક અને તેમનો શોખ વાંચન-લેખનનો હતો. ગુજરાતમાં ઈલા પાઠક નારીવાદી તરીકે જાણીતાં છે. તેઓ સ્ત્રીઓના પ્રશ્ને વધુ અભ્યાસ કરવા પ્રેરાયાં અને ગુજરાતમાં નારી સન્માન, તેનું સ્વાતંત્ર્ય અને તેને મળવા જોઈતા સામાજિક ન્યાય પર ભાર દઈને અભ્યાસો કર્યા અને લેખો લખ્યા અને વર્ષો સુધી ગુજરાતનાં દૈનિકો અને સામયિકોમાં કૉલમ લખી છે. તેમણે 'અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ - અવાજ'ની સ્થાપના 1980ના અરસા પછી કરી હતી. ગુજરાતમાં નારી તરફી વિચારણાને નારી ચળવળમાં રૂપાંતરિત કરી હતી. 'અવાજ' સંસ્થાના ગુજરાતમાં પાંચ કુટુંબ સલાહ કેન્દ્રો કાર્યરત છે જેમાંથી અવાજઘર, બાપુનગર, અમદાવાદ કેન્દ્રની માહિતી અહીં પ્રસ્તુત કરી છે. (પૃ. ૩૭)

**Table No.-3 (A) : Numbers and types of cases handled at AWAG center**

| Sr. No. | Types of cases | April-2010 March-2011 | | April-2011 March-2012 | | April-2012 March-2013 | | April-2013 March-2014 | | April-2014 March-2015 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | No. of New Regd. cases | No. of pending cases from previous period | No.of New regd. cases | No. of pending cases from previous period | No. of new Regd. cases | No. of pending cases from previous period | No. of new Regd. cases | No. of pending cases from previous period | No. of new Regd. cases | No. of pending cases from previous period |
| 1 | Battering and Mental Torture | 84 | 42 | 58 | 08 | 61 | 08 | 97 | 05 | 50 | - |
| 2 | Conflicts within Family | - | - | 00 | 00 | - | - | 10 | - | 10 | - |
| 3 | Domestic Violence due to Alcoholism | 51 | 16 | 42 | 10 | 42 | 03 | 37 | - | 40 | - |
| 4 | Divorce | 18 | 8 | 07 | 01 | 16 | 01 | 16 | 02 | 09 | - |
| 5 | Bigmy | 5 | - | 07 | 03 | 04 | 01 | 08 | - | 11 | - |
| 6 | Extra Marital Relations | 30 | 8 | 30 | 06 | 20 | 03 | - | - | 33 | - |
| 7 | Unnatural Death | 2 | 1 | 00 | 00 | 01 | - | 18 | - | 01 | - |
| 8 | Legal Matter | 29 | 23 | 08 | 00 | 08 | 0 | 25 | - | 17 | 02 |
| 9 | Desappointment | - | - | 00 | 00 | - | 03 | - | - | 19 | - |
| 10 | Desputes with members of Extended family / neighbours | 33 | 12 | 49 | 07 | 34 | - | 49 | - | 78 | 02 |
| 11 | Sexual Harassment | 10 | 3 | 05 | 00 | 02 | - | 09 | 01 | 05 | 01 |
| 12 | Psychological | 2 | 1 | 00 | 00 | 01 | - | 15 | - | 05 | - |
| 13 | Others | 28 | 2 | 33 | 00 | 36 | - | 31 | - | 11 | - |
| | **Total** | **292** | **116** | **239** | **35** | **225** | **19** | **315** | **08** | **316** | **05** |
| Total of new cases and of pending cases | | 408 | | 274 | | 244 | | 323 | | 321 | |

**Table No.-3 (B) : Action taken by AWAG**

| Sr. No. | Action taken by AWAG | April-2010 March-2011 | April-2011 March-2012 | April-2012 March-2013 | April-2013 March-2014 | April-2014 March-2015 |
|---|---|---|---|---|---|---|
| 1 | Police Assistance Sought | 7 | 11 | 15 | 17 | 15 |
| 2 | Child borught into mother's custody | 4 | 04 | 03 | 03 | 01 |
| 3 | Hospital Assistance sought | 17 | 03 | 05 | 05 | 03 |
| 4 | Sent to Short Stay Home | 18 | 24 | 12 | 10 | 10 |
| 5 | Joint Meetings | 527 | 423 | 171 | 315 | 299* |
| 6 | Legal cases filed through Lawyers | 9 | 07 | 10 | 08 | 31 |
| 7 | Counsel-Social | 102 | 141 | 157 | 304 | 332* |
| 8 | Counsel-Legal | 22 | 98 | 209 | 592 | 83 |
| 9 | Counsel-Psychological | 6 | 70 | 00 | 99 | 106* |
| 10 | Psychiatric Treatment | 5 | 00 | 00 | 12 | 09 |
| 11 | Psychiatric Treatment-Follow up | 10 | 00 | 00 | 10 | 57 |
| 12 | Any other | 00 | 00 | 341 | 00 | 00 |

* indicates couonselling sessions more than one time.

**કાઉન્સેલિંગ પ્રક્રિયા સંબંધિત સાહિત્ય**

કૌટુંબિક પ્રશ્નોના ઉકેલ વિશે કામ કરતી સંસ્થાઓ અવાજ, સફર, અખંડજ્યોત વગેરે – પાસેથી સંસ્થાઓના સામાજિક કાર્યકરો, કાનૂની સલાહકારો અને સામાન્ય પ્રજાને ઉપયોગી થાય તેવી કેટલીક માર્ગદર્શિકાઓ, પૉકેટ સાઈઝની પુસ્તિકા અને કાઉન્સેલિંગ પ્રક્રિયા સંબંધિત સાહિત્ય જોવા મળ્યું હતું.

– અવાજની 'કુટુંબ સલાહ કેન્દ્રોના સલાહકારો માટે માર્ગદર્શિકા'માં સલાહકારો માટે જરૂરી સલાહ-સૂચન, સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યાં છે. જેમાં આવાં કેન્દ્રોએ સહાયની પ્રક્રિયામાં સલાહકારે કેટલાક માર્ગદર્શક સિદ્ધાંતો સ્વીકારવા જોઈએ જેવા કે (1) સહાયાર્થીનો સ્વીકાર, (2) વ્યક્તિનું મૂલ્યાંકન કરી લેવાનું વલણ ન લેવું, (3) સહાયાર્થીનો સહકાર/તેની ભાગીદારી, (4) આત્મનિર્ણયનો સિદ્ધાંત, (5) સલાહકાર દ્વારા ગુપ્તતા, (6) સલાહકાર દ્વારા ભાવાવેશ પર કાબૂ અને (7) સહાયાર્થીની ગતિએ સક્રિય થવું.

સલાહકારને તેના કાર્યમાં ઉપયોગમાં આવે તેવાં અનેક કૌશલ અને પદ્ધતિઓ પણ આ માર્ગદર્શિકામાં દર્શાવ્યાં છે. (અ) સામાન્ય કૌશલમાં સક્રિયપણે સાંભળવું, નિરીક્ષણ કરવું, મુલાકાત લેવી, સંવાદ સાધવો, માનસિક સંધાન કરવું, સ્પષ્ટતાઓ મેળવવી જેવી પદ્ધતિઓ સામાન્ય રીતે વપરાય છે. (બ) અન્ય ટેકારૂપ પદ્ધતિઓમાં (1) પરાનુભૂતિ, (2) ખાતરી, (3) વાણી અને લાગણીના પ્રવાહને ઉત્તેજન, (4) દુઃખી કરી મૂકે તેવી લાગણીઓને હળવી કરવી, (5) પ્રોત્સાહન અને આશ્વાસન, (6) સહાયાર્થીનો સાથ કરવો, (7) કાર્ય કરવામાં ટેકો કરવો અને (8) આગ્રહપૂર્વક અન્યને સમેલ કરવા મહત્ત્વની પદ્ધતિઓ છે. (ક) સહાયાર્થીમાં આંતરિક પરિવર્તન લાવવા વપરાતી પદ્ધતિઓમાં (1) ચિંતનાત્મક ચર્ચા, (2) સલાહ,

(3) પ્રેરણા, (4) દષ્ટિકોણ સુધારવો, (5) અનુકરણીય આદર્શ, (6) અગાઉથી તૈયારી, (7) પાત્ર/ભૂમિકા ભજવવી, (8) વાસ્તવિકતા તરફ વળવું, (9) ગુનાની લાગણી દૂર કરવી, (10) ખંડિત કરીને અગ્રિમતા આપવી, (11) અર્થઘટન, (12) સાધારણીકરણ, (13) સીમાબદ્ધ વર્તનની અપેક્ષા, (14) પડકાર અને (15) વાત કરવાની રીત સુધારવી વગેરે પદ્ધતિઓનો સમાવેશ થાય છે.

આ માર્ગદર્શિકામાં સલાહ પ્રક્રિયાનાં 8 પગલા દર્શાવવામાં આવ્યાં છે. સલાહ પ્રક્રિયામાં સમસ્યાના નિરાકરણ પછી અનુસરણ (ફોલો અપ)નું મહત્ત્વ જણાવ્યું છે અને અંતે સાંપ્રત પરિપ્રેક્ષ્યમાં સલાહકાર્યની ચર્ચા કરી સલાહકારની સજ્જતાની 10 બાબતો પણ જણાવી છે. આ રીતે આ પુસ્તક કુટુંબ સલાહકેન્દ્રોના સલાહકારો માટે મહત્ત્વની માર્ગદર્શિકા છે.

– 'અવાજ'ની બીજી માર્ગદર્શિકા 'કાનૂની સહાય કેન્દ્રોના સામાજિક કાર્યકરો માટે માર્ગદર્શિકા' છે. જેમાં કાયદાના જુદા જુદા વિષયોને રાખવામાં આવ્યા છે. જેમાં સર્વપ્રથમ રિમાન્ડ, ચાર્જશીટ, સરકારી વકીલ, વોરંટ, સ્ટેમ્પ પેપર, સોગંદનામું, નોટિસ, ફૅમિલી કોર્ટ, લોક અદાલત, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, કોર્ટની અદબ અને કોર્ટનો તિરસ્કાર, કોર્ટો અને તેનાં માળખાં, દીવાની અને ફોજદારી વચ્ચે તફાવત વગેરેની સ્પષ્ટતા કરવામાં આવી છે. ત્યાર બાદ ફોજદારી કાયદા અંતર્ગત ગુનાની નોંધ, એફ.આઈ.આર., ગુનાના પ્રકાર, પૂછપરછ, તપાસ, ધરપકડ, જામીન, સહી, સ્ત્રીની અત્યાચારની ફરિયાદ અને સંસ્થા દ્વારા કાર્યવાહી વિશેની માહિતી, હિન્દુ કાયદા અંતર્ગત લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, સગીરાવસ્થા અને વાલીપણું, દત્તક અને ભરણપોષણ, વારસાધારો, સ્ત્રીધન, સગા અને સપિંડ, દહેજ પ્રતિબંધક ધારા વિશેની માહિતી, મુસ્લિમ કાયદા અંતર્ગત લગ્ન, ઈદ્દત, મહેર, છૂટાછેડા, ભરણપોષણ, મિલકત પર અધિકાર અને વસિયત વિશેની માહિતી આપવામાં આવી છે. આની સાથે સાથે આ માર્ગદર્શિકામાં ભારતીય બંધારણ પ્રમાણે સ્ત્રીઓને મળતા વિશેષ અધિકારો સૂચવતા અનુચ્છેદ નં. 14, 15 અને 16, કોર્ટોનાં માળખા, રાજ્ય, શહેર, જિલ્લા-તાલુકા અને ગ્રામીણ વિસ્તારોમાં પોલીસ માળખું, સ્ત્રીઓને લગતા દીવાની કાયદાઓની યાદી, ફોજદારી કાયદાની કલમોની યાદી અને કલમોના પાઠ, ક્રિમિનલ પ્રોસીજર કોડ, ભારતીય પુરાવાનો કાયદો, ઈન્ડિયન પીનલ કોડમાંથી સ્ત્રીઓને લગતી કલમોની ગુનાસૂચિ અને જુદાં-જુદાં ફૉર્મોના નમૂનાઓ જેવા કે જડતી લેવાનું વૉરંટ, સર્ચવૉરંટ, સમન્સ, ધરપકડનું વૉરંટ, મુચરકો અને જામીનખત, સદ્વર્તન માટેનો મુચરકો, જેલમાં મોકલવાનું વૉરંટ, ભરણપોષણની રકમ આપવામાં કસૂર થયે સજાનું વૉરંટ, જપ્તી અને વેચાણ કરીને ભરણપોષણની રકમ અપાવવા માટેનું વૉરંટ, લગ્ન નોંધણીની અરજી, લગ્ન નોંધણીની સર્ટિફિકેટ નકલ લેવાની અરજી, કોર્ટમાંથી તબક્કાવાર કાર્યવાહી, કોર્ટમાં જમાં થયેલી રકમ ઉપાડવા માટેની કાર્યવાહી, અરજી, પુરસીસ, ક્લોઝિંગ પુરસીસ, છૂટાછેડાનો કરાર, પરસ્પર સમજૂતીથી છૂટાછેડાનું હુકમનામું મેળવવાની અરજી પ્રસ્તુત કરવામાં આવી છે.

અવાજની ત્રીજી માર્ગદર્શિકા 'યુવતીઓના વિકાસ માટેની માર્ગદર્શિકા' છે. જેમાં યુવતીઓના વિકાસ સંબંધિત જુદા-જુદા મુદ્દાઓની સાથે-સાથે એમાં પિતૃસત્તાનું આધિપત્ય, હિંસા અને પ્રતિકાર, સ્ત્રીઓ પર થતાં રીતરિવાજોના સૂક્ષ્મ અત્યાચાર, આપણાં સંચાર માધ્યમો, સ્વબચાવની રીતો, કિશોરીઓના વિકાસ માટે પોષક આહાર અને સ્વાસ્થ્ય સાથે સંકળાયેલી કેટલીક ખોટી માન્યતા કે અંધશ્રદ્ધા વિશે મહત્ત્વની માહિતી જોવા મળે છે.

**જૂની કહેવાતોને નવી રીતે જોઈએ...**

- દીકરી સાપનો ભારો.
  દીકરી વહાલનો દરિયો, દીકરી તુલસીનો ક્યારો.
- દીકરી સાસરે જ શોભે.
  દીકરી ભણેલી શોભે.
- જે સૌનું તે વહુનું.
  વહુ કરે તે સૌનું કરે.
- નારી નરકની ખાણ.
  નારી ચતુર સુજાણ.

- સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ.
  સ્ત્રીની સૂઝ સોળ આનાની.
- નારીના પેટમાં ખીર ખાટી ન થાય.
  નારીના પેટમાં સાગર સમાય.
- ચાર મળે ચોટલા, ભાંગે ઘરના ઓટલા.
  ચાર મળે ચોટલા તો ભાંગે સહુના દુખડાં.
- વહુને અને વરસાદને જશ ન હોય.
  વહુ ને વરસાદ બંને જીવનત્રાતા.
- ઘરની દાઝી વનમાં ગઈ ને વનમાં લાગી આગ.
  ઘરની દાઝી બહાર નીકળી લગાડી ક્રાંતિની આગ.
- ધણી હોય તે ધોલ મારે, બુધે નાર પાંસરી કરી.
  જેવા સાથે તેવા થઈએ, બુધે નરને પાંસરો કરીએ.

(સ્રોત : યુવતીઓના વિકાસ માટેની માર્ગદર્શિકામાંથી, અવાજઘર, બાપુનગર, અમદાવાદ)

— આ સિવાય અવાજની બે માર્ગદર્શિકા—પોલીસ પોથી અને સ્ત્રીઓ પ્રત્યે આચરાતા અત્યાચાર, ગુના તેમજ સ્ત્રીધન મેળવવા વિશે પોલીસ કાર્યવાહી સંબંધિત માર્ગદર્શિકાઓ પણ સલાહકારો માટે ઉપયોગી છે.

— એવી જ રીતે 'સફર' સંસ્થાની પૉકેટ સાઇઝની પુસ્તિકા 'ફોજદારી કાયદામાં સ્ત્રીઓના અધિકારોનું રક્ષણ'માં ભારતીય દંડ સંહિતા 1860ના જુદાં-જુદાં 23 પ્રકરણોમાં દર્શાવેલી 511 કલમો નાગરિકોને સમજવામાં સરળ રહે તે રીતે રજૂ કરવામાં આવી છે.

- **પટેલ અને શાહ** (2012)એ 'કાઉન્સેલિંગની પ્રક્રિયા' પુસ્તક પ્રકાશિત કર્યું છે જેમાં કુટુંબ સલાહ કેન્દ્રોમાં કામ કરતાં અને અનુભવી કર્મશીલો, સલાહકારો દ્વારા સલાહની પ્રક્રિયામાં ઉપયોગી બાબતો વિશે લેખો છપાયા છે. જેનું પ્રકાશન અખંડ જ્યોત ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા થયું છે. અભ્યાસ અને કર્મશીલતાનું સંગમ સાધવાના ભાગ રૂપે આ સંસ્થાએ વિવિધ નિષ્ણાતો - ઈલા પાઠક, ચિન્મયી (સેજલ) જોષી, ગીતા ચાવડા, ભરત ડી. પટેલ, પ્રોફેસર એસ. પી. ઉત્તમચંદાણી અને અશ્વિન જન્સારી પાસેથી કૌટુંબિક અને લગ્નજીવનમાં ઉપસ્થિત થતી વિઘટનની પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં સલાહ (કાઉન્સેલિંગ) અંગે લેખો લખાવી આધુનિક સમયમાં સલાહકાર્યની બદલાયેલી વિભાવના સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. આની સાથે તેઓનાં વ્યવહારિક અને થિયરીજન્ય જ્ઞાન અને અનુભવોને આવરી લેતા લેખો પણ આ પુસ્તકમાં છે. આ લેખોમાં 'ઘરેલુ હિંસા, કાઉન્સેલિંગની પ્રક્રિયા—તૃણમૂલ સ્તરે', આજના સંદર્ભમાં બદલાયેલાં પરિમાણો અને સલાહ કેન્દ્રનો અભિગમ, પરામર્શન : વિભાવના અને પ્રક્રિયા, સલાહ ટેક્નિક્સ અને સલાહ કૌશલ્યો, સલાહ-સેવાઓની ઊભરતી ક્ષિતિજો અને વિકાસ પામતા વિવિધ આયામો અને કાર્યક્ષેત્રો અને કૌટુંબિક સલાહ અને સલાહકારનાં લક્ષણોનો સમાવેશ થાય છે. શિક્ષણના વ્યાપ સાથે કાઉન્સેલિંગમાં ક્રમશઃ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ આવતો ગયો છે. આજે કૌટુંબિક સંઘર્ષનાં કારણોમાં પણ પરિવર્તન આવ્યું છે. આ લક્ષ્યમાં લેતાં આજની વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ કાઉન્સેલિંગ માટેની વૈજ્ઞાનિક પદ્ધતિને આવરી લેતી ચર્ચા આ પુસ્તકમાં કરી છે. આ ઉપરાંત જુદા-જુદા કેસોમાં આ પદ્ધતિઓનો ઉપયોગ દર્શાવવા 13 કેસ હિસ્ટ્રીમાં કાઉન્સેલિંગની પ્રક્રિયા દર્શાવેલ છે. જે આ વિષયો સાથે સુસંગત સામાજિક સંસ્થાઓ, વિવિધ ક્ષેત્રના કાઉન્સેલરો, અભ્યાસીઓ, સંશોધકો વગેરેને ઉપયોગી છે. આ પુસ્તકમાં રજૂ થયેલા ત્રણ લેખોમાંથી કેટલાક લેખોના મહત્ત્વના મુદ્દાઓ અહીં રજૂ કરું છું.

— **ગીતા ચાવડા**એ 'પરામર્શન : વિભાવના અને પ્રક્રિયા' લેખમાં કાઉન્સેલિંગ (પરામર્શન/સલાહ) વિશેની સમજ પ્રસ્તુત કરી છે. આ લેખના પ્રથમ વિભાગમાં કાઉન્સેલિંગની વિભાવનાત્મક સમજ, બીજા વિભાગમાં કાઉન્સેલિંગ પ્રક્રિયા વિશે અને ત્રીજા વિભાગમાં કાઉન્સેલિંગના વ્યવહાર સંબંધી મુશ્કેલીઓ રજૂ કરી તેને આલોચનાત્મક રીતે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમના મતે 'સલાહ' શબ્દ કાઉન્સેલિંગનો પર્યાય નથી. તે કાઉન્સેલિંગની પ્રક્રિયા માટે ગેરસમજ ઊભી કરનારો છે.

'સલાહ' શબ્દ એકપક્ષી સ્તરીકરણ અને સામાન્યીકરણની પ્રક્રિયા સૂચવે છે, જ્યારે પરામર્શન તેનાથી તદ્દન ભિન્ન અને દ્વિપક્ષી પ્રક્રિયા છે. તે એક જીવંત પ્રક્રિયા છે જે વ્યક્તિની જરૂરિયાત પ્રમાણે સ્વયંભૂ વિકસે છે.

ચાવડાના મતે પરસ્પરના વિશ્વાસ, પ્રેમ અને સંવાદિતાના સંસ્કાર કુટુંબસંસ્થામાં ઘડાય છે તે આજે ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ અને વૈશ્વિકીકરણ સમયમાં બદલાતી મૂલ્ય વ્યવસ્થાને કારણે અનેક પડકારો અને કટોકટીનો સામનો કરી રહી છે. આ પરિબળોને લઈને સમાજના આર્થિક, સામાજિક અને લાગણીવિષયક તાણાવાણામાં ઘણાં ઝડપી પરિવર્તનો આવી રહ્યા છે જેણે વ્યક્તિને કુટુંબ પાસેથી છીનવી લીધો છે. વધતા જતા ઉપભોક્તાવાદની અસર તળે વ્યક્તિ માત્ર એક વસ્તુ બની ગયો છે. જે કુટુંબ એકબીજા સાથે પ્રેમ અને હક્ક-ફરજની સાંકળે બંધાયેલું હતું, એકબીજાનાં દુઃખે દુઃખી અને સુખે સુખી હતું, તે આજે માત્ર લેનદેનના સંબંધો પૂરતુ મર્યાદિત થઈ ગયું છે. જેના લીધે કુટુંબના સભ્યો વચ્ચે એક અવિશ્વાસનું વાતાવરણ ઊભું થયું છે. એવું કહી શકાય કે આ જ દિશામાં જો પ્રગતિ રહેશે તો સમૂહમાં સાથે રહેવાની ભાવના (Togetherness) એ એક સાંસ્કૃતિક દંતકથા (Cultural myth) થઈ જશે. કુટુંબમાં પરસ્પરનો અવિશ્વાસ એ જ્યારે જીવનશૈલી બની જાય છે ત્યારે અનેક પ્રશ્નો ઉદ્ભવે છે. પરસ્પર પરના અવિશ્વાસને કારણે એકબીજાને મદદ કરી પ્રશ્નનું નિરાકરણ પણ ન થઈ શકે જેને પરિણામે બાહ્ય મદદ (કુટુંબ સલાહ કેન્દ્રો, કાનૂની સહાય વગેરે)ની જરૂર પડે છે.

ચાવડાના મતે પહેલાંના સમયમાં પણ સંઘર્ષ હતાં, પણ તેનું સ્વરૂપ જુદું હતું. આજે સ્પષ્ટ રીતે દેખાતો અવિશ્વાસ ત્યારે ઘણો ઓછો હતો. પહેલાંના સમાજમાં સહાય માટેની સેવાઓ ત્રિસ્તરીય હતી. પહેલા સ્તરમાં, સંયુક્ત કુટુંબ જેમાં કુટુંબમાં ઉદ્ભવતા પ્રત્યેક પ્રશ્નનું સમાધાન કુટુંબના 'વડીલો' કરતા ત્યારે સમાધાન ન થાય તો બીજા સ્તરે જ્ઞાતિપંચ આવતું. જેમાં સમાજના પાંચ ડાહ્યા માણસો સમસ્યાનું સમાધાન કરતા. ત્રીજા સ્તરે ગામના મુખી કે રાજા આવતા. ધાર્મિક આગેવાનોની પણ આ પ્રક્રિયામાં અગત્યની ભૂમિકા રહેતી. બંને સ્તરે ન ઉકેલાયેલી સમસ્યા ત્રીજા સ્તરે જરૂર ઉકેલાતી. મોટાભાગે તો કૌટુંબિક સમસ્યાનું સમાધાન કુટુંબના સ્તરે જ થઈ જતું. કુટુંબમાં વડીલોનાં સ્થાન અને સત્તાને કારણે આ કાર્ય સરળ બનતું. પ્રત્યે સભ્યને સુરક્ષા, પ્રેમ, એકબીજા માટેની કાળજી, ફરજ અને પાલનથી હક્કોનો અહેસાસ રહેતો. આજે પરિસ્થિતિ બદલાઈ છે. પહેલાંના સમયની ત્રિસ્તરીય સહાય વ્યવસ્થા વિખેરાઈ ગઈ છે. એક બાજુ સામાજિક નિયંત્રણ ઢીલાં પડતાં સમસ્યાઓ વધી છે તો બીજી બાજુ સહાય માટેની જૂની વ્યવસ્થા પણ તૂટી છે. આવા સમયે કાઉન્સેલિંગ જેવી સેવાનું મહત્ત્વ અનેકગણું વધી ગયું છે. કાઉન્સેલિંગનું મહત્ત્વ સમજમાં આવતાં સરકાર, સ્વૈચ્છિક સંગઠનો તેમજ સામાજિક જવાબદારીનો અહેસાસ ધરાવતા સામાજિક કાર્યકારો દ્વારા આ પ્રવૃત્તિનો પ્રચાર-પ્રસાર વધ્યો છે. વિજ્ઞાનના વિકાસ સાથે આ પ્રવૃત્તિ વધુ વૈજ્ઞાનિક થઈ છે.

**ભરત પટેલે** 'Counselling Techniques and Counselling Skills' લેખમાં જણાવ્યું છે કે સલાહની અસરકારકતામાં સલાહકારનાં વ્યક્તિગત ગુણલક્ષણો, સલાકારનું વ્યવસાયિક જ્ઞાન અને વિશિષ્ટ સલાહ કૌશલ્યો કે ટેકનિક્સ આ ત્રણનો સંગમ મહત્ત્વનો છે. સલાહમાં સલાહકૌશલ્યો ખૂબ જ મહત્ત્વનાં છે, પરંતુ એનો ઉપયોગ અમુક સંદર્ભમાં તેમજ વિવેકથી થવો જોઈએ. ટેક્નિક્સ જુદા જુદા ક્લાયન્ટમાં અને જુદી-જુદી સમસ્યાઓ પ્રત્યે જુદી-જુદી હોઈ શકે. તેમના મતે સલાહની કેટલીક શાબ્દિક અને અશાબ્દિક ટેક્નિક્સ આ પ્રમાણે છે : (1) આરંભ ટેક્નિક, (2) અશાબ્દિક પ્રત્યાયન, (3) ધ્યાનમુક્ત વર્તનો, (4) મૌન ટેક્નિક, (5) સ્વીકૃત ટેક્નિક, (6) શ્રવણ ટેક્નિક, (7) પ્રતિબિંબ ટેક્નિક, (8) સ્પષ્ટીકરણ ટેક્નિક, (9) અર્થઘટન ટેક્નિક, (10) દોરવણી ટેક્નિક, (11) પ્રશ્નો પૂછવાની ટેક્નિક, (12) ખાતરી આપવાની ટેક્નિક અને (13) સલાહ અંતનાં

કૌશલ્યો. આ ઉપરાંત સલાહકારોની બીજી પણ કેટલીક ટેક્નિક્સ જેવી કે પરાનુભૂતિ, સંરચના, વિષય-ઓળખ, સ્વ-પ્રગટીકરણ, સંક્રમણ, સ્થળાંતર, પ્રત્યક્ષીકરણની ચકાસણી, રજૂઆત, પ્રત્યક્ષ સંબંધ વગેરેનો ઉપયોગ ક્લાયન્ટને મદદરૂપ થાય છે. ઈ.સ.પૂર્વે વ્યક્તિના સંબંધોને લગતી ઘણી આવડતો વ્યક્તિ આપમેળે શીખી શકતી હતી, પરંતુ બદલાતા સંજોગોમાં તેવું રહ્યું નથી. નવી નવી ઊભી થતી પરિસ્થિતિને કારણે સમસ્યાઓના સમાધાન માટે કૌશલ્યની જરૂરિયાત ઊભી થઈ છે. તેની પૂર્તિ દ્વારા વ્યક્તિ તંદુરસ્ત જીવનશૈલીના માર્ગે જઈ શકે છે. આજના હાઈટેક જમાનામાં વિશ્વના કોઈ પણ છેડે દૂર બેઠેલી વ્યક્તિ 'ટેલી માધ્યમ' દ્વારા કાઉન્સેલિંગની સેવા ઉપલબ્ધ કરી શકે તે પ્રયોગો થઈ રહ્યા છે.

**અશ્વિન જનસારી**એ 'કૌટુંબિક સલાહ અને સલાહકારનાં લક્ષણો' લેખમાં સલાહનો અર્થ, પ્રક્રિયા, કૌટુંબિક સલાહની જરૂરિયાત અને સલાહકારનાં લક્ષણોની જાણકારી આપી છે. તેમનો મત છે કે આજનો માનવી કોમ્પ્યૂટર અને મોબાઇલ સાથે 'કલાકો' ગાળે છે. પરંતુ કુટુંબ સાથે કલાક ગાળી શકતો નથી અને તે આજના દોડધામ ભરેલા જીવનમાં વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલો છે. પશ્ચિમના દેશોમાં શાળા સલાહ, કારકિર્દી સલાહ, કુટુંબ સલાહ, લગ્ન સલાહ, વ્યવસાય સલાહ વગેરે 'સલાહકાર' દ્વારા મેળવાય છે. સલાહકાર વૈજ્ઞાનિક અને વસ્તુલક્ષી રીતે સલાહ આપે છે. આધુનિક સમયમાં હવે પ્રત્યક્ષ આંતરક્રિયાને બદલે રૂબરૂ મળ્યા વગર સલાહકાર દ્વારા પોતાના ઘરેથી ઇન્ટરનેટ અને કોમ્પ્યૂટર દ્વારા પણ સલાહ અપાય છે. તેમના મતે સલાહ લેવા આવનાર દરેક વ્યક્તિ અલગ હોય છે. છતાં કેટલીક લાક્ષણિકતાઓ બધા પ્રકારના સલાહકારમાં હોવી જરૂરી છે; જેવી કે (1) સલાહકારે સૌપ્રથમ પોતાની જાતને ઓળખવી જરૂરી છે જેમાં પોતાની શક્તિઓ અને મર્યાદાઓને જાણવાનો સમાવેશ થાય છે. (2) સલાહકારમાં સલાહ લેવા આવનારને (બીજાને) સમજવાની શક્તિ જેટલી વધારે તેટલા પ્રમાણમાં તે સમસ્યાને પણ સમજી, વધારે સારી રીતે સલાહકાર્ય કરી શકે છે. (3) 'માનવીય સંબંધો'ની સારી જાણકારી સલાહકારમાં હોવી જોઈએ, કારણ કે સલાહમાં સલાહકાર અને સલાહ લેવા આવનાર વચ્ચે સંબંધ બંધાતો હોય છે. (4) સલાહકાર સારો શ્રોતા (good listener) હોવો જરૂરી છે. (5) સલાહકાર તરીકે 'પ્રફુલ્લિત ચહેરો' (Smilling face), વિનોદવૃત્તિ હકારાત્મક અસર જન્માવે છે. જે સલાહકાર્યને સરળ અને અસરકારક બનાવે છે. (6) સલાહકારમાં સંદેશાવ્યવહારની કુશળતા (Communication skill) હોવી જરૂરી છે. કારણ કે સલાહ એ પરસ્પરની આંતરક્રિયા છે અને સલાહકાર્યમાં બંને વચ્ચે સંદેશાઓની આપ-લે થતી હોય છે. (7) સલાહકારને તેની પાસે સલાહ લેવા આવનારની સંસ્કૃતિ (ભાષા, પ્રદેશ, ખાનપાન, તહેવારો) વિશેની પણ જાણકારી હોવી જોઈએ. દા.ત. પતિ બંગાળી હોય અને પત્ની ગુજરાતી હોય ત્યારે આવી જાણકારી મદદરૂપ થાય છે. (8) સલાહકારે પોતાના ક્લાયન્ટ પ્રત્યે કેટલીક જવાબદારીઓ બીજા વ્યવસાયોની જેમ અદા કરવાની હોય છે, જેવી કે સલાહ લેવા આવનારની વાતો, 'ખાનગી' રાખવાની હોય છે. તેની ઉંમર, જાતિ, શિક્ષણ, જ્ઞાતિ, ધર્મ કે પ્રદેશની ભિન્નતાને ધ્યાનમાં રાખ્યા વગર એટલે કે કોઈ પણ જાતના પૂર્વગ્રહ વગર સલાહકાર્ય તેણે કરવું જોઈએ. (9) સારો સલાહકાર આધુનિક ટેક્નૉલોજીનો ઉપયોગ કરવાનું જાણતો હોય છે. આ ઉપરાંત સલાહકારમાં ધીરજ, સહાનુભૂતિ, મૈત્રીપૂર્ણ વલણ, સમજ, નિખાલસતા, પ્રમાણિકતા જેવાં વ્યક્તિત્વનાં લક્ષણો હોવાં જરૂરી છે. (10) સલાહકાર બનવા માટે અનુભવી તેમજ નિષ્ણાત સલાહકાર સાથે કામ કરવું પણ જરૂરી છે.

**સામાજિક કાર્યકરોનો કાર્ય અનુભવ :**

અભ્યાસમાં સમાવિષ્ટ 10 મહિલા સામાજિક કાર્યકરોના મતે કુટુંબ સલાહ કેન્દ્રોમાં આવતા કેસો અને આ સામાજિક કાર્યકરોના કાર્યાનુભવોની ચર્ચા આ પ્રમાણે

છે (ચૌહાણ : 2018). શહેરનાં કુટુંબ સલાહ કેન્દ્રોમાં પતિ-પત્નીના ઝઘડાના વાર્ષિક 125 થી 400 જેટલા કેસો આવે છે. જેમાં બે કેન્દ્રોમાં ભાઈઓના કેસો વધુ 15 થી 20 ટકા જેટલા આવે છે. આ કેસોમાં બધા જ ધર્મોના કેસો આવે છે પરંતુ મોટાભાગે હિન્દુઓના અને 30 ટકા જેટલા કેસો મુસ્લિમોના હોય છે. આ કેસોમાં ગ્રામ્ય-શહેર બંનેના કેસો હોય છે. જ્યોતિસંઘમાં આખા ગુજરાતમાંથી કેસો આવે છે. હવે હિન્દુઓમાં બધી જ જ્ઞાતિના કેસો આવતા થયા છે પરંતુ વધારે કેસો બક્ષીપંચ, અનુસૂચિત જાતિના હોય છે. અમદાવાદમાં આ કેસો આંબાવાડી, વાસણા, વાડજ, જમાલપુર, બહેરામપુરા, એલિસબ્રીજ, રાણીપ, ચાંદલોડિયા, સાબરમતી, ગોતા, ચાંદખેડા, મેઘાણીનગર, નારણપુરાથી આવે છે. આ કેસોના અરજદારો એસ.એસ.સી.થી ગ્રેજ્યુએટ સુધી ભણેલા હોય છે. પરંતુ વધારે કેસો ઓછું ભણેલાઓના હોય છે. આ અરજદારો નિમ્ન-મધ્યમ વર્ગના અને 10 થી 15 હજારની આવક જૂથના હોય છે. ગુજરાતીની સાથે-સાથે હિન્દીભાસીઓના કેસો પણ આ કેન્દ્રોમાં આવે છે પરંતુ મોટે ભાગે ગુજરાતીઓના કેસો વધુ આવે છે.

આ કેસોમાં દારૂના વ્યસનને લીધે ઝઘડા, આર્થિક તંગી, ઘરખર્ચ ન આપે, શંકાને લગતા, મોબાઈલને લઈને થતા ઝઘડા, મેટ્રિમોનિયલ સાઇડને લઈને પ્રશ્નો, લગ્ન બહારના સંબંધો - બીજી સ્ત્રી સાથે સંબંધ, લીવ ઈન રિલેશનશીપ, સાસુ-વહુના ઝઘડા, ઘરેલું હિંસા, પતિ-પત્ની વચ્ચે અસમાયોજન, અનુકૂલન (mall adjustment), પત્નીને કમાવવાનું દબાણ, શારીરિક સંબંધ બાંધવા વધારે દબાણ, ઘર નાનું હોવાથી પ્રાઈવસીના પ્રશ્નો, સંયુક્ત કુટુંબમાં ન રહેવું હોય, દીકરીના જન્મથી ઘરમાં ઝઘડા ઊભા થાય, દીકરો જન્મે તો દીકરો રાખી એક વર્ષમાં વહુને કાઢી મૂકે છે, મરજી વિરુદ્ધ લગ્ન, પતિના મૃત્યુ બાદ બાળક લઈ પુત્રવધૂને કાઢી મૂકે, ભરણપોષણ, મિલકત, બાળકોના કબજાના વગેરે કેસો આવે છે. પહેલાં સાસુ-સસરાની સાથે ઝઘડાના કેસો વધારે હતા જ્યારે હવે પતિ સાથે ઝઘડાના વધુ કેસો આવે છે અને તેને લઈને મિલકત, ભરણપોષણ, બાળકોના કબજાના કેસો વધ્યા છે.

આવા કેસોમાં આ કુટુંબ સલાહ કેન્દ્રો આશાવાદી છે. 60 ટકા કેસોમાં મદદ કરી શકે છે. બાકીના કેસો બીજી સંસ્થાઓમાં રિફર કરે છે. જેમાં લીગલ એડ સંસ્થા, પોલીસની મદદ, શૉર્ટ સ્ટે હોમ્સ, વ્યસન મુક્તિ કેન્દ્રની મદદ લે છે. બહેનોને સરકારની યોજનાઓની મદદ આપે છે જેથી તે પગભર થાય. કેટલાક કેસો પડકરજનક હોય છે અને કેટલાકને સહેલાઈથી નિવારી શકાય તેવા હોય છે. જ્યોતિસંઘ સંસ્થા પ્રતિષ્ઠિત હોવાથી સંસ્થાના પત્ર દ્વારા જ કેટલાક કેસોનું નિવારણ થઈ જાય છે. ઝઘડામાં બંને પક્ષ જવાબદાર હોય છે. કેટલીકવાર માનવતા વિરુદ્ધનું કૃત્ય દેખાતું હોય છે.

આ વિશે અખંડ જ્યોત ફાઉન્ડેશનનો અનુભવ જુદો છે. તેમના કહેવા મુજબ, અમે પક્ષકારની સાથે સહિષ્ણુતાથી વર્તીએ છીએ. પહેલી બેઠક વખતે અરજદાર (વાદી) ઘણું છુપાવતો હોય છે. બીજી અને ત્રીજી મુલાકાતમાં તે બધી માહિતી નવી જણાવે છે. સાચી હકીકત ત્રીજા તબક્કામાં ખબર પડે છે. ચોથા તબક્કામાં સામાવાળા હાજર થાય ત્યારે વાદી 10 ટકા જ સાચો લાગે છે. આવી સ્થિતિમાં અરજદારનું અમારી સંસ્થામાં આવવાનું કારણ પાંચ-છ મુલાકાતમાં નિશ્ચિત થાય છે. કયા કારણથી વ્યક્તિ આવે છે તેની જાણ મોડી થાય છે. આમાં વાંક ભાઈનો તો હોય છે પણ બહેનોનો પણ વાંક હોય છે. આ અરજદારો સમાધાનના ઘણા પ્રયત્નો કર્યા બાદ અમારી સંસ્થામાં આવે છે. ઘણી સ્ત્રીઓ તો પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કર્યા બાદ અમારી પાસે આવે છે. આવી સ્થિતિમાં પણ પતિ-પત્નીના ઝઘડાની જાણ મોડી થાય છે. કેટલીક વાર વકીલોએ તેમના કેસમાં એટલા બધા મુદ્દા લખ્યા હોય છે કે પ્રશ્નનું સમાધાન જ ન થાય. અરજદારો એમ માને છે કે પોલીસ મદદ કરતી નથી. આમ, આ કામ પડકારજનક છે. લોકો અમને ગોળ ગોળ ફેરવતા હોય છે. આવા કેસોમાં છ મહિના રાહ જોવી પડે છે. લગ્નના એક વર્ષ માંડ થયું હોય

તોપણ ઝઘડો બહુ મોટા સ્વરૂપે આવી ગયો હોય છે.

પતિ-પત્નીના ઝઘડાઓમાં બંને પક્ષોના કુટુંબના સભ્યોની દખલગીરી છે. તેમને હક્કોની સાથે ફરજો અને વાસ્તવિકતાનો પરિચય પણ આ કુટુંબ સલાહ કેન્દ્રો શિખવાડે છે. કુટુંબના બીજા સભ્યો જ્યારે સારા ન હોય ત્યારે તેમને સમજાવવા પડે છે. પરંતુ જો તેઓ સારા હોય તોપણ પતિ-પત્નીનો ઝઘડો નિવારવો જરૂરી છે. આવા કેટલાક કેસોનો બે-ત્રણ મુદતમાં જ ઉકેલ આવી જાય છે. લગ્નજીવન બચાવવું, તોડાવવું તેમાં સંબંધીઓનો વાંક હોય છે. હવે નણંદ (જો તે કુંવારી હોય કે છૂટાછેડા લીધા હોય કે તેને તેના સાસરિયામાં તકલીફ હોય તો) તેને લઈને પ્રશ્નો વધુ થાય છે. જોકે હવે ઘરેલુ હિંસાના કાયદા પછી કુટુંબના સભ્યો, વડીલો મજબૂર બની સહન કરતા જોવા મળે છે. ખાસ તો વર્તમાન સમયમાં પતિ-પત્નીના ઝઘડા વધ્યા છે તેથી કુટુંબના અન્ય સભ્યો ઓછા આરોપી છે.

કેસના નિકાલમાં બેથી બાર મહિનાનો સમય લાગે છે. સામાજિક કાર્યકરનું કામ પક્ષકારોના સ્વીકાર, સહકાર અને કાઉન્સેલરની સક્રિયતા પર છે. છૂટાછેડા તો ઓછામાં ઓછાં અઠવાડિયાંમાં થઈ જાય છે. આવા કેટલાક કેસોમાં તો બે-ત્રણ મુદતમાં જ ઉકેલ આવી જાય છે. પણ કેટલાક સમાધાનવાળા કેસોમાં એક વર્ષ જેટલો સમય લાગે છે. જો બંનેમાંથી એક પક્ષ સમાધાન માટે તૈયાર ન હોય તો વધુ સમય જાય છે. આ બાબતે જ્યોતિસંઘ સંસ્થાના અનુભવ પ્રમાણે દરેક કેસને ચાર સીટિંગ એટલે ત્રણ મહિના અને વધુમાં વધુ છ મહિના થાય છે. સાસુ-વહુના, પતિ-પત્નીના સામાન્ય ઝઘડામાં જલ્દી ઉકેલ આવે છે. પરંતુ, મારઝૂડના કેસો, મિલકતના કેસો, પિયરમાં વધુ સમય રહી હોય તેવા કેસોનો ઉકેલ મોડો આવે છે. અખંડ જ્યોત સંસ્થાના અનુભવ પ્રમાણે બાળકવાળી માતાના સમાધાનમાં ઓછો સમય લાગે છે. પરંતુ આવા કેસોનો એવો અનુભવ પણ છે કે પતિએ ભરણપોષણ ન આપવું પડે તે માટે સમાધાન કર્યું હોય છે. આ કિસ્સાઓમાં આગળ જતાં પતિ-પત્નીના પ્રશ્નો ફરી વધે છે ત્યારે સ્ત્રીએ પૈસા લીધા વગર છૂટાછેડા લેવાની નોબત આવે છે. પ્રેમલગ્નના કેસોમાં કોઈ પણ પ્રશ્નનો નિર્ણય લેવામાં વાર લાગે છે. જો સ્ત્રીએ કોર્ટમાં ઘરેલુ હિંસાનો કેસ કર્યો હોય તો સમાધાનમાં વધારે સમય લાગે છે.

વર્તમાન સમયમાં સ્ત્રીઓની જાતીય સતામણી, ઘરેલુ હિંસા, બળાત્કાર, દીકરીઓ સાથે દુષ્કર્મના કિસ્સા વધ્યા છે. વિભક્ત કુટુંબની ભાવના વધી છે. 'હું અને મારું કુટુંબ' આ વિચારધારાને લીધે સંબંધોમાં નકારાત્મક બદલાવ આવ્યો છે. લાગણીઓ ઘટતી જાય છે. સસ્તી મોબાઈલ સેવા મળતી હોવાથી બધા પોત-પોતાની લાઈફમાં વ્યસ્ત છે. પતિ-પત્ની પોતાની લાઈફને અગ્રિમતા આપવા માગે છે. જેથી તેમની પાસે એકબીજા માટે સમય નથી. છોકરીઓ ભણતી થઈ હોવાથી લગ્નના નિર્ણય તેઓ જાતે કરે છે. કેટલાક કેસોમાં હવે છોકરા છોકરીઓ લગ્નની સગાઈ મિત્રો દ્વારા કરતાં થયાં છે. તેઓ માતા-પિતાની સંમતિ લેતાં નથી. આવાં લગ્નોમાં 'તું સવારે દૂધ લેવા ન ગયો, તે મારો મોબાઈલ તોડી નાખ્યો, ઘરભાડું હું ભરીશ, ઘરખર્ચ તારે કરવાનું' વગેરે પ્રશ્નો નવા આવ્યા છે. વિભક્ત કુટુંબની ઇચ્છા પડકારજનક છે. પતિ-પત્નીના ઝઘડામાં સહનશીલતા ઘટી છે. બંને કોઈના દબાણમાં જીવવા માંગતાં નથી. સ્ત્રીઓ શિક્ષણ, કાયદાઓ, માતા-પિતાને કારણે સ્વચ્છંદી બની છે. તેમની ઇચ્છાશક્તિ વધી છે તેથી ડિપ્રેશન પણ વધ્યું છે.

કુટુંબ સલાહ કેન્દ્રોના સામાજિક કાર્યકરોને આ પ્રકારના કામથી સંતોષ થાય છે જ્યારે પક્ષકારોની તકલીફ, તેમની ઇચ્છા પ્રમાણેનું સમાધાન થાય છે. પક્ષકારો પોતે નિર્ણય લેતા થાય છે ત્યારે આનંદ થાય છે. પતિ-પત્નીને ભેગાં કરવાથી પણ સંતોષની લાગણી થાય છે. બહારગામના કેસોમાં ફોલોઅપ થઈ શકતું નથી. કોઈ પ્રશ્ન ઉકેલી ન શક્યા હોય કે ધાર્યું કામ ન થયું હોય તો દુઃખ થાય છે. ક્યારેક પક્ષકારો દોષારોપણ કે પક્ષપાતનો આરોપ મૂકે છે. ઘણી વાર

પક્ષકારો સંસ્થામાં આવી ઝઘડો કરવાની સ્થિતિમાં આવે, બૂમ-બરાડા કરે ત્યારે જાતે જ તેમને કાબૂ કરવાનું રહે છે. કારણ કે તેમની પાસે બીજી કોઈ સત્તા નથી. કેસના સમાધાન બાદ પણ ક્યારેક પક્ષકાર 'કામથી સંતોષ ન થયો' તેવી ફરિયાદ કરે છે. પત્નીઓ પતિને સીધો કરાવવા ડંડા મરાવો તેવું કહે છે પણ આવું ન થઈ શકે.

આ સામાજિક કાર્યકરો પોલીસ સ્ટેશનમાં ખર્ચ, વકીલોની ફી, ટાઈપિંગ ખર્ચ વગેરે વિશે પક્ષકારોની સમસ્યાઓ સાંભળે છે. પરંતુ તેમને પોલીસ સ્ટેશનમાં સહકાર મળે છે. તેમના મતે બધી સંસ્થાઓ સારી છે બધાની સાથે આ કેન્દ્રોના સારા સંબંધ છે. આ કાર્યકરોએ સ્ત્રીઓ જ્યારે પહેલી વખત સંસ્થામાં આવે છે ત્યારે તેનું મોરલ ઊંચું લાવવા લાભાર્થીઓને વિશ્વાસ અપાવવો પડે છે. રેપો ડેવલપ કરવો પડે છે. આ કામમાં લાભાર્થીને લાભ અપાવવા બીજી સંસ્થાઓ સાથે સારી રીતે સંબંધ વિકસાવવા પડે છે. દરેક પ્રકારની માહિતી, સરકારી યોજનાઓની માહિતી વગેરેનો લાભ અપાવવા તૈયાર રહેવું પડે છે. પક્ષકારો સંસ્થામાં આવ્યા બાદ બીજો કોઈ મોટો ઝઘડો ન કરે તેનું ધ્યાન રાખવું પડે છે. તેમને ડિપ્રેશનના કેસોમાં શાંત રહેવું પડે છે. સૌથી પહેલાં અરજદારે અરજીમાં સાચી માહિતી લખાવી છે કે નહીં તેની તપાસ કરે છે. હોમ વિઝિટ કરે, ફોન પર, કાગળ દ્વારા સંપર્ક કરે છે. જરૂર પડે તો પક્ષકારોને સંસ્થામાં હાજર કરાવવા પોલીસ સ્ટેશનમાં કાગળ લખે છે. બે સલાહકારો સાથે બેસી ચર્ચા કરે જેવી કે પ્રશ્ન શું હતો, કોઈ માહિતી છુપાવી છે ? ફેસ રીડિંગ કરી વ્યક્તિને ઓળખવાનો પ્રયત્ન કરે છે. અખંડજ્યોત સંસ્થાના અનુભવ પ્રમાણે 'અમે કોર્ટમાં જવાનું ટાળીએ છીએ. પક્ષકારોને કહીએ છીએ કે કોર્ટમાં સમય, નાણાં વેડફાશે, વધુ બદનામી થશે... આમ, વકીલોના લખાણથી બચાવવા પ્રયાસ કરીએ છીએ. કોર્ટમાં કોઈ કેસ કરવો ના પડે તેવી સલાહ, માર્ગદર્શન આપીએ છીએ. કોર્ટમાં ગયા બાદ, અરજદાર સાથે શું થશે, તેનું પરિણામ શું આવશે, તેની સાચી હકીકત પક્ષકારોને (લાભાર્થીઓને) જણાવીએ છીએ.'

આ સામાજિક કાર્યકરોના મતે પતિ-પત્નીના ઝઘડાના નિવારણ માટે લગ્ન પહેલાંનું માર્ગદર્શન ફરજિયાત હોવું જોઈએ. સ્ત્રી-પુરુષનું શિક્ષણ વધારવું જોઈએ. સમાજમાં વ્યસન ઘટાડવા પ્રયત્નો કરવા જોઈએ. મુસ્લિમ સમાજમાં 'તલાક' વિશે જાગૃતિ લાવવી જોઈએ. સમાજમાં કાયદાઓની સમજ અંગેની જાગૃતિ લાવવી જોઈએ. ભવિષ્યનો વિચાર કરીને કોઈ પણ કાયદાનો દુરુપયોગ ન કરવો જોઈએ. કાયદો સ્ત્રી તરફી છે અને દરેક સ્ત્રી માટે તે સમાન છે તેવી સમજણ દરેક વ્યક્તિમાં હોવી જોઈએ... તો જ આવા કેસો પણ ઓછા થશે. સમાજનું જૂનું બંધારણ સુધારો કરી ફરી પાછું લાવવું જોઈએ. લગ્નમાં ખર્ચ, દાગીના, જાનૈયા, દહેજ વગેરેની મર્યાદા બાંધવી જોઈએ. આ કુટુંબ સલાહ કેન્દ્રો સ્થાનિક કક્ષાએ શિબિરો, તાલીમ કાર્યક્રમો દ્વારા લોકોને કાયદાકીય માહિતી, યોજનાઓની માહિતી, પતિ-પત્નીના અંગત જીવનમાં પડતી મુશ્કેલીઓ, અસરો, તેનાં પરિણામો વિશે સમજાવે છે.

**નિષ્કર્ષ :**

વર્તમાન સમયમાં કુટુંબની અંદર સ્ત્રીઓની સાથે થતો શારીરિક માનસિક ત્રાસ, ઘરમાંથી કાઢી મૂકવાની ઘટના, દહેજ, છૂટાછેડા, બાળકોનો કબજો, ભરણ-પોષણ, પતિને વ્યસન, લગ્ન બહારના સંબંધો, આર્થિક સમસ્યા વગેરે પ્રશ્નોનું પ્રમાણ દિવસે ને દિવસે વધતું જાય છે. કુટુંબ સલાહ કેન્દ્રોમાંથી પ્રાપ્ત આંકડાકીય માહિતી, પ્રાપ્ત સાહિત્ય અને સામાજિક કાર્યકરોનો કાર્ય અનુભવ જોતાં કુટુંબના પ્રશ્નોના નિવારણનું કામ કરતાં કુટુંબ સલાહ કેન્દ્રોની કામગીરી મહત્ત્વની છે. આ કેન્દ્રોમાં આવતા કેસો અને તેમાં રાહત કે ઉકેલ અપાવવામાં સલાહ, માર્ગદર્શન અને મદદ સ્વરૂપે પક્ષકારોને મદદરૂપ થતા સામાજિક કાર્યકરોની ભૂમિકા પડકારજનક છે. સામાજિક કાર્યકરોએ તેમનું કામ નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકતાથી કરવું જોઈએ.

**સંદર્ભસૂચિ :**

1. પટેલ, તારા (1982), 'કૌટુંબિક સમસ્યા અને નિવારણ', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
2. પાઠક, ઈલા (2001), 'સ્ત્રી વિરૂદ્ધ કુટુંબમાં થતા અત્યાચારને પરિણામે : 'અવાજ'ના અનુભવોના સંદર્ભે ગુજરાતમાં ફોજદારી ન્યાયિક પ્રક્રિયાનું પદ્ધતિસરનું સંશોધન અને વિશ્લેષણ', અવાજ, અવાજ-કુંજ, અમદાવાદ.
3. Masihi, Edwin (2006), 'Social Engagements of Intellectuals in Civil Society with Special References to Professionals of Gujarat', Awag, Ahmedabad.
4. Chavda, Geeta (2007), 'A Study of the approach adopted by family welfare organizations and the scope for improvement', Unpublished research report submitted to Gujarat Vidhyapith, Ahmedabad.
5. પટેલ, નિર્મલા અને રૂપાન્દે શાહ (સંપાદન), (2012), 'કાઉન્સેલિંગની પ્રક્રિયા', અખંડ જ્યોત ફાઉન્ડેશન, અમદાવાદ.
6. ચૌહાણ, પરેશ (2018), 'ગુજરાતની ફેમિલી કોર્ટ્સના કિસ્સાઓ', અપ્રકાશિત પીએચ.ડી. શોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
7. અવાજ (અમદાવાદ વિમેન્સ ઍક્શન ગ્રૂપ), 'યુવતીઓના વિકાસ માટેની માર્ગદર્શિકા', વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, અવાજઘર, બાપુનગર, અમદાવાદ.
8. અવાજ, 'કાનૂની સહાય કેન્દ્રોના સામાજિક કાર્યકરો માટે માર્ગદર્શિકા', અવાજ, અમદાવાદ.
9. અવાજ, 'કુટુંબ સલાહ કેન્દ્રોના સલાહકારો માટે માર્ગદર્શિકા', અવાજ - અમદાવાદ.
10. અવાજ, 'પોલીસ કાર્યવાહી : સ્ત્રીઓ પ્રત્યે આચરાતા અત્યાચાર, ગુના તેમજ સ્ત્રીધન મેળવવા વિશે', અવાજ, અમદાવાદ.
11. સફર, 'ફોજદારી કાયદામાં સ્ત્રીઓના અધિકારોનું રક્ષણ', સફર, અમદાવાદ.

•

જો સ્વરાજ આપણી સભ્યતાને સ્વચ્છ અને સ્થાયી કરવા માટે ન હોય તો તે નકામુ છે. આપણી સભ્યતાનો અર્થ એ કે નીતિને વ્યવહાર માત્રમાં ધર્મ, રાજ્ય, સમાજનાં તમામ વ્યવહારમાં સર્વોપરી સ્થાન આપવામાં આવે.

**- ગાંધીજી**

•

જો પ્રજા પોતાની ફરજો અદા કરતા શીખશે તેમને તેમનાં હક્કો તેમાંથી આપમેળે મળી આવવાનાં જ છે, ખરેખરો હક એક જ છે અને તે પોતાની ફરજ અદા કરવાનો. **- ગાંધીજી**

•

વિદ્યાર્થીઓએ પક્ષાપક્ષીનાં રાજકારણમાં કદી ન પડવું. વિદ્યાર્થીઓ વિદ્યાના ખોળનારા ને જ્ઞાનનાં શોધનારા છે, રાજકારણનાં ખેલાડીઓ નથી. **- ગાંધીજી**

•

માણસની સમાજમાં આબરૂ અથવા પ્રતિષ્ઠાની આંકણી એ કયો ધંધો-વ્યવસાય કરે છે અને તેમાંથી કેટલી આવક મેળવે છે તેના પરથી ન થાય, પણ માણસ કેવી લગન અને કેવી સમાજહિતની ભાવનાથી પોતાનું કામ કરે છે તથા પોતે કેવું જીવન ગાળે છે તેના પરથી થાય. **- ગાંધીજી**

•

# ગાંધીજી અને મહિલા ઉન્નતિ (Gandhiji and Women's Upliftment)

– ડૉ. હસમુખ પંચાલ*

**સારસંક્ષેપ :**

8મી માર્ચ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. એક એવો દિવસ કે જ્યારે ચારેબાજુ સ્ત્રીએ સાધેલા વિકાસના નારા ગુંજે છે. વર્તમાન સમયમાં સમગ્ર સમાજનું, બુદ્ધિજીવી વર્ગનું તથા શાસકોનું ધ્યાન સ્ત્રીઓની પરિસ્થિતિ તરફ ખેંચાયું છે એ એક નવી ઘટના છે. ભારતમાં અંગ્રેજોનું આગમન થતાં ભારતીય સમાજને પશ્ચિમની ઉદારમતવાદી હવાનો સ્પર્શ થયો. આની અસરથી સ્ત્રીની પરિસ્થિતિમાં સુધારો થવાનો પ્રારંભ થયો. રાજા રામ મોહન રૉયથી માંડીને મહાત્મા ગાંધીજી સુધીના ભારતના મહાન સમાજસુધારકોએ સ્ત્રીઓની દયનીય અને કઠિન પરિસ્થિતિમાં સુધારો કરવા માટે ઝુંબેશ ચલાવી. આના પરિણામે સમાજમાં મહિલાઓને સ્વીકૃતિ મળવા લાગી અને તેમને પુરુષ સમકક્ષ અધિકારો આપવાની શરૂઆત થઈ. દેશમાં વિશાળ સંખ્યામાં સ્ત્રીઓ ઘરની ચાર દીવાલોમાંથી બહારની ખુલ્લી હવામાં પ્રવેશી છે. તેઓ પોતાનો દરજ્જો ઊંચો લઈ જવા સમર્થ બની છે. બુદ્ધિ, કુશળતા અને કાર્યશક્તિમાં પોતે પુરુષથી બિલકુલ કમ નથી એ હકીકત તેણે ઘણાં ક્ષેત્રોમાં પ્રગટ કરી છે. આ મહિલા ઉન્નતિની શરૂઆત મહાત્મા ગાંધીજીએ કરી હતી. ગાંધીજીના મહિલા ઉન્નતિ અંગેના વિચારો રજૂ કરવાનું આ સંશોધન પેપરનું મુખ્ય હાર્દ છે.

ચાવીરૂપ શબ્દ - ગાંધીજી, સ્ત્રી મહિલા ઉન્નતિ, કેળવણી.

**1. પ્રસ્તાવના :**

ગાંધીજી સ્ત્રી-શક્તિની અને એમના પર થતા અન્યાયોની કેવળ વાતો કરીને જ બેસી ન રહ્યા. અસ્પૃશ્યનિવારણની જેમ મહિલાઓના સવાલોને પણ આઝાદીના આંદોલન સાથે જોડીને સમગ્ર સ્ત્રીશક્તિને બહાર લાવવાનો એમણે એક એવો અપૂર્વ પ્રયોગ કર્યો કે જેને પરિણામે સ્ત્રી-મુક્તિની એમની આકાંક્ષા આપોઆપ સધાઈ. ગાંધીજીના રાજકીય કાર્યક્રમમાં સ્ત્રી-સમાનતાને કેન્દ્રવર્તી હેતુ તરીકે જાહેર કરવામાં આવ્યો. તેમણે સ્વાતંત્ર્યની લડતમાં સમગ્ર વસ્તીના સંપૂર્ણ સહભાગીપણા ઉપર ભાર મૂક્યો. ગાંધીજીએ સ્ત્રીઓને ઘરમાંથી બહાર કાઢી સ્વાતંત્ર્યની લડતમાં જોડાવા હાકલ કરી અને તે રીતે સ્ત્રીશક્તિનું નિર્માણ કર્યું. સ્વાતંત્ર્ય-ચળવળમાં સ્ત્રીઓની પુરુષ સમાન ભૂમિકા પ્રત્યેની અંજલિ રૂપે તેમજ સ્ત્રી-પુરુષ સમાનતા પ્રત્યેની ગાંધીજીની પ્રતિબદ્ધતા રૂપે ભારતના સંવિધાનમાં સ્ત્રી-પુરુષ સમાનતાનો સિદ્ધાંત સ્વીકૃતિ પામ્યો. આમ, સ્ત્રી ઉન્નતિના સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસલેખ લખવાના બે ઉદ્દેશ્ય રહેલા છે.

**ઉદ્દેશ્ય :**

1. વર્તમાન ભારતમાં મહિલા ઉન્નતિ અંગેના વિચારો જાણવા.

2. મહિલા ઉન્નતિ અંગે ગાંધીજીના વિચારો જાણવા.

**સાહિત્ય-સમીક્ષા :**

ગાંધીજીએ 'સત્યના પ્રયોગો'માં મહિલા ઉન્નતિની સમજ આપી છે. મહાત્મા ગાંધી રચિત પુસ્તકો, 'મારા સ્વપ્નનું ભારત', 'ગ્રામ સ્વરાજ' વગેરેમાં મહિલા ઉન્નતિની વાત કરેલ છે. પટેલ મગનભાઈએ 'ગાંધીજીનું ધર્મદર્શન' પુસ્તકમાં મહિલા ઉન્નતિ અંગે ગાંધીજીના વિચારો દર્શાવેલ છે. નારાયણ દેસાઈએ 'મારાં ગાંધી' પુસ્તકમાં મહિલા શક્તિના પ્રકટીકરણની વિશિષ્ટતા દર્શાવી છે. દશરથલાલ શાહનું પુસ્તક 'રચનાત્મક કાર્યક્રમ - આજના સંદર્ભમાં'. જેમાં મહિલા ઉન્નતિની મહત્તા દર્શાવી છે. લલ્લુભાઈ મકનજીએ સંપાદિત કરેલ પુસ્તક 'સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ'માં મહિલા ઉન્નતિની ચર્ચા કરેલ છે. પાસ્કલ એલન નાઝરેથનું પુસ્તક ગાંધી : એક અનોખું નેતૃત્વમાં ભારતીય નારીની મુક્તિ અંગે ચર્ચા કરેલ છે. ગાંધીજીએ આપેલ રચનાત્મક કાર્યક્રમોમાં એક મહત્ત્વના કાર્યક્રમ તરીકે સ્ત્રીઓ છે. આ

* મ. પ્રાધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા. ૯૪૨૯૭૩૨૪૦૧, hasmukhp13@gmail.com

બાબતોમાંથી પ્રસ્તુત અભ્યાસમાં મહિલા ઉન્નતિ અંગે ગાંધીજીના વિચારોને જાણવાનો પ્રયાસ છે.

**2. સંશોધન-પદ્ધતિ :**

ઐતિહાસિક પદ્ધતિ દ્વારા શોધકાર્ય કર્યું છે. દ્વિતીયક માહિતીનો ઉપયોગ શોધકાર્યમાં કર્યો છે. જેમાં પૂર્વ અભ્યાસો, સંશોધનલેખ, પ્રકાશિત સાહિત્ય તથા વેબસાઇટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અભ્યાસના પ્રથમ ભાગમાં વિષયવસ્તુ, બીજા ભાગમાં સંશોધન પદ્ધતિ, ત્રીજા ભાગમાં વિશ્લેષણ અને ચોથા ભાગમાં સારાંશ દર્શાવેલ છે.

**3.1 વર્તમાન ભારતમાં મહિલા ઉન્નતિ અંગેના વિચારો :**

પરંપરાગત ભારતીય સમાજમાં કન્યાના જન્મ અને ઉછેરની અવજ્ઞા થતી. સ્ત્રીને એક માનવ વ્યક્તિ તરીકે ન ગણતાં તે ખરીદી શકાય, વેચી શકાય, ભેટ આપી શકાય, ભોગવી શકાય તેવી વસ્તુ ગણાતી, બાલિકા હત્યા, દૂધપીતી પ્રથા, દેવદાસી પ્રથા, સતી પ્રથા દ્વારા સ્ત્રીનો જીવવાનો અધિકાર તેમજ ઉછેરનો અધિકાર છીનવાઈ ગયા હતા.

બ્રિટિશ યુગના અંત સુધીમાં ઉદારમતવાદ, શિક્ષણ, કાનૂન, સ્વાતંત્ર્ય સંગ્રામ, સુધારણા ચળવણ, નારી સંગઠનોના પ્રયાસો, ઉદ્યોગીકરણ, શહેરીકરણ, સંચાર માધ્યમો વગેરે પરિબળોના સંયુક્ત પ્રભાવ હેઠળ સ્ત્રી-પુરુષ સમાનતા અને સ્વાતંત્ર્ય સુચક પરિવર્તનો આકાર લેવા માંડ્યાં. સ્ત્રીઓને નવી તકો ઉપલબ્ધ બનવા લાગી. જે અધિકારોથી તે વંચિત હતી તે વંચિતપણું દૂર થાય તેવી પરિસ્થિતિ પેદા થવા લાગી. સ્ત્રીનો પોતાની જાત વિશેનો ખ્યાલ બદલાવા લાગ્યો. સમાજનો સ્ત્રી વિશેનો ખ્યાલ પણ બદલાવા લાગ્યો. પરંપરાથી સ્ત્રી જે અસમર્થતાઓ ભોગવતી હતી તેમજ તેનાં હક્કો અને તકો ઉપર જે નિષેધો હતો તે નાબૂદ થવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી સ્ત્રી-મુક્તિના નવા યુગનો પ્રાદુર્ભાવ થયો. સંવિધાનમાં સ્ત્રી અને પુરુષ સમાન છે એવી ઐતિહાસિક અને ક્રાંતિકારી ઘોષણા કરવામાં આવી. વિશ્વનાં અન્ય રાષ્ટ્રોમાં સ્ત્રીઓએ અધિકારો મેળવવા લડત આપવી પડી હતી, જ્યારે ભારતીય સ્ત્રીઓને સરળતાથી પુરુષ સમકક્ષ અધિકારો પ્રાપ્ત થયા. આથી હવે સ્ત્રીઓ સામાજિક, આર્થિક, રાજકીય, વહીવટી, શિક્ષણ વગેરે તમામ ક્ષેત્રોમાં સહભાગી બનવા લાગી છે. હવે એવો સાર્વત્રિક સ્વીકાર થવા લાગ્યો છે કે સ્ત્રીઓના સક્રિય સહભાગીપણા વિના રાષ્ટ્રનો સામાજિક - આર્થિક વિકાસ સાધી શકાય નહીં. આથી દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓને પહેલવૃત્તિ દાખવી આગળ આવવા માટે પ્રોત્સાહન અપાવા લાગ્યું છે. આજના યુગમાં પોતાના હક ભોગવવા માગતી સ્ત્રીને કોઈ અટકાવી શકે નહીં. કારણ કે તેને કાયદાનું પીઠબળ મળેલું છે. આમ, ભારતીય નારી સ્વતંત્રતા પછી એક નવા યુગમાં, નવા તબક્કામાં પ્રવેશ કરી ચૂકી છે. જોકે, વિકાસના માર્ગે કદમ માંડતી સ્ત્રીએ કેટલીક નવી સમસ્યાઓનો સામનો પણ કરવો પડે છે. પણ એ સ્વાભાવિક છે. એ જેમ જેમ આગળ વધતી જશે તેમ તેમ તેની સમસ્યાઓના નિવારણનો માર્ગ પણ તેને સૂઝતો જશે. એટલે વર્તમાન ભારતનાં વિવિધ ક્ષેત્રોમાં મહિલા ઉન્નતિનાં પગલાં સ્પષ્ટ થતાં જાય છે.

**3.2 મહિલા ઉન્નતિ અંગે ગાંધીજીના વિચારો -**

ગાંધીજીએ દેશના ઉત્થાનમાં જે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી તેમાં મહિલા ઉન્નતિ પણ એક હતી. સામાન્ય રીતે સ્ત્રીઓ પુરુષોને તેમના પુરુષોચિત ગુણોને માટે ચાહે છે. પણ ગાંધીજીની બાબતમાં એ વિધાન સાચું ન હતું. શ્રીમતી પોલાકે યોગ્ય જ કહ્યું છે કે, 'ગાંધીજીને તેમના પુરુષોચિત ગુણો માટે નહીં પણ ધીરજ, પ્રેમ, દયા, વ્યક્તિ, મૃદુતા, સહનશીલતા અને ઊંડી શ્રદ્ધા જેવા સ્ત્રીસહજ ગુણો માટે અસંખ્ય સ્ત્રીઓ ચાહતી હતી. ગાંધીજીમાં સ્ત્રીનું હૃદય હતું. તેથી સ્ત્રીસહજપણે પોતાનાં દિલની વાત વિના સંકોચે તેમને કહી શકતી હતી.' ગાંધીજીમાં હિંદની સ્ત્રીઓએ પોતાના સાથી અને તારણહારનાં દર્શન કર્યાં છે. સ્ત્રીઓનો આવો અખૂટ વિશ્વાસ સંપાદન કરવાથી ગાંધીજી તેમની પાસેથી મહાન કામો કરાવી શક્યા. એટલે ગાંધીજીના મહિલા ઉન્નતિ અંગેના વિચારોને સમજવા જરૂરી છે, જે નીચે મુજબ દર્શાવી શકાય.

### (1) સ્ત્રી ઉન્નતિ – એક પ્રવૃત્તિ :

ગાંધીજીની વિવિધ પ્રવૃત્તિઓમાંની એક પ્રવૃત્તિ સ્ત્રી ઉન્નતિનાં કાર્યોની હતી. સ્ત્રીઓનો દરજ્જો પુરુષો કરતાં કંઈક નીચો હતો. સ્ત્રીઓ સ્વતંત્રતાને પાત્ર નથી એવું સ્મૃતિવચન પણ સ્ત્રી ઉન્નતિની વિરુદ્ધ જતું હતું. છોકરીના જન્મને સમાજ વધાવતો ન હતો. ઊલટો તેને દૂધપીતી કરી દેતો હતો. પુરુષ પોતાને સ્ત્રીથી શ્રેષ્ઠ માનતો અને લગ્નજીવનમાં પણ સ્ત્રી પતિની સમાન સહચરી નહીં પણ ઢીંગલી કે ભોગના સાધનરૂપ ગણાતી. સ્ત્રીઓની આ દશાની સામે ગાંધીજીએ બંડ પોકાર્યું. સત્યાગ્રહની લડતમાં સ્ત્રીઓને સાથે લઈને તેમને ઘરના આવકારમાંથી બહાર કાઢી. જીવનના એકેએક ક્ષેત્રમાં સ્ત્રીઓ પુરુષોની સાથે સમાનભાવે ગૌરવપૂર્ણ ઊભી રહી શકે તે માટે દેશના સામાજિક કાર્યકર્તાઓને તેમના પરમ ધર્મ અને કર્તવ્યનું ભાન કરાવવા ગાંધીજીએ કહ્યું કે, 'સામાજિક કાર્યકર્તાઓના મનમાં હજી એમ સ્પષ્ટ સૂઝયું નથી કે સ્વરાજ માટેની લડતમાં સ્ત્રીઓ સરખી ભાગીદાર બનેલ છે. તેઓ એમ સમજ્યા નથી કે સેવાકાર્યમાં સ્ત્રી એ પુરુષની ખરેખરી સહચરી હોવી જોઈએ. જે રૂઢિઓ અને કાયદા પુરુષે ઘડેલા હતા અને જે ઘડવામાં સ્ત્રીઓનો હાથ બિલકુલ ન હતો તે રૂઢિઓ અને કાયદા તળે સ્ત્રીઓને કચડવામાં આવી છે. અહિંસા પર રચાયેલી જીવનની યોજનામાં જેટલો અધિકાર પુરુષને પોતાને પોતાનું ભાવિ ઘડવાનો છે તેટલો જ અધિકાર સ્ત્રીને તેનું પોતાનું ભાવિ ઘડવાનો રહેલો છે. પણ અહિંસક સમાજમાં અગાઉ કર્તવ્યનું પાલન કર્યું હોય તો જ હક પ્રાપ્ત થાય એવો ધારો છે. એટલે એમાંથી એ ફલિત થાય છે કે સામાજિક આચારના નિયમો એકબીજાની જોડે હળીમળીને સલાહ-મસલત કર્યા પછી જ ઘડવા જોઈએ. એ કદી બહારથી ઠોકી બેસાડાય નહીં. પુરુષો સ્ત્રીઓ સાથેના પોતાના વર્તનમાં આ સત્ય સમજતા નથી. પોતે સ્ત્રીઓના મિત્ર અને સાથી છે. એમ માનવાને બદલે તેમણે પોતાને સ્ત્રીઓના શેઠ અને માલિક માન્યા છે. ભારતવર્ષની મહિલાઓને પોતાની ઉન્નતિ સાધવામાં મદદ કરવાનો સામાજિક કાર્યકર્તાઓનો વિશેષ ધર્મ છે. પોતે મુક્ત થઈ શકે કે પોતે ક્યારેક તો મુક્ત થવું જ રહ્યું છે. એની જૂના જમાનામાં ગુલામોને ખબર ન હતી. તેના જેવી સ્ત્રીઓની દશા છે. એ ગુલામને જ્યારે મુક્તિ મળી ત્યારે ક્ષણવાર તો તે અસહાય બની ગયો. સ્ત્રીઓને પોતે પુરુષોની દાસી છે એમ માનવાનું શિક્ષણ આટલો કાળ અપાયું છે. સ્ત્રીઓને તેમના પૂરા દરજ્જાનું ભાન થાય ને તેઓ પુરુષોની સમોવડી તરીકે પોતાનો ભાગ ભજવી શકે એ શક્તિ સ્ત્રીઓમાં ઉત્પન્ન કરવી એ સામાજિક કાર્યકર્તાઓનું કર્તવ્ય છે.'

### (2) સ્ત્રી ઉન્નતિની દોરવણી :

ગાંધીજી પાસે સ્ત્રીનું – માતાનું હૃદય હતું. તેથી જ એક સત્યનિષ્ઠ અને લોકોત્તર સમાજસેવક તરીકે તેમણે સ્ત્રીઓને દોરવણી આપી. સ્ત્રી-પુરુષના ભેદો ભલે કુદરતે મૂક્યા હોય પણ આત્મ સ્વરૂપે તે બંને સરખા છે. તેથી જ દીકરાના જન્મને વધાવતા અને દીકરીના જન્મને વખોડતા સમાજને તેમણે ઠપકો આપ્યો. કાયદાએ મિલકત વગેરે પ્રશ્ન પરત્વે જે અસમાનતા સ્ત્રી-પુરુષ વચ્ચે ઊભી કરી છે તે દૂર કરવાનું ગાંધીજીએ કહ્યું છે. બાપની મિલકત પર દીકરો અને દીકરી બંનેને સરખો અધિકાર છે એ સિદ્ધાંતનો તેમણે રાષ્ટ્ર પાસે સ્વીકાર કરાવ્યો અને તેના જ ફળ રૂપે હિંદુ કાયદામાં દીકરીઓના હકનો સ્વીકાર થયો. એથી આગળ વધીને એમણે કહ્યું કે, પતિની મિલકતમાં પતિ-પત્ની બંને સરખા હકદાર છે. પતિ પત્નીની મદદથી જ કમાય છે. પછી ભલે પત્ની રસોઈ કરતી હોય. એવી જ રીતે, 'વિવાહિત જીવનમાં પત્ની, પતિની દાસી નથી; તેની સહધર્મચારિણી છે, તેની અર્ધાંગના છે, મિત્ર છે, તેથી તેની સાથે સરખા હક ભોગવનારી છે. તેથી બંનેની ફરજો એકબીજા પ્રત્યે અને જગત પ્રત્યે સરખી છે.' જે લગ્નજીવનમાં પતિ-પત્નીની આવી સમાનતા હોય ત્યાં લગ્નજીવન સોળે કળાએ ખીલી ઊઠે છે. પણ હાલમાં પશ્ચિમના વિચારોની અસર નીચે આવેલી સ્ત્રીઓ પુરુષોની સાથે સમાનતા માટે તેમની નકલ કરે છે. પુરુષોનો પોશાક અને તેમની રીતભાતોને તેઓ અપનાવે છે. ગાંધીજીએ પુરુષોની નકલ કરવા સામે સ્ત્રીઓને ચેતવી છે. તેમણે કહ્યું કે,

'પુરુષોની ખામીઓને કે તેમની કેટલીક રીતભાતની નકલ કરવી એ સમાનતાનો અર્થ નથી. સ્ત્રીઓએ પોતાની પવિત્રતા, આત્મત્યાગ અને નિઃસ્વાર્થ પ્રેમ અને સેવામાં પુરુષો પર દાખલો બેસાડવો જોઈએ. સમાનતા માટે કોઈએ એકબીજાની નકલ કરવાની જરૂર નથી.' તેથી સમાનતાનો આદર્શ સ્ત્રી-પુરુષને સમજાવતાં ગાંધીજીએ કહ્યું કે, 'પુરુષ એ પુરુષ રહીને સ્ત્રી અને સ્ત્રી એ સ્ત્રી રહીને પુરુષ બને. પુરુષે સ્ત્રી થવું એટલે સ્ત્રીની નમ્રતા અને વિવેક શીખવો અને સ્ત્રીએ પુરુષ બનવું એટલે પોતાની ભીરુતા છોડી હિંમતવાળી અને બહાદુર બનવું.'

**(3) સ્ત્રી-પુરુષના સંબંધમાં ઉન્નતિ :**

સ્ત્રી-પુરુષોના સંબંધો વિશે કંઈક વિચિત્ર અને ચોખલિયા વિચારો હિંદુ સમાજમાં તે કાળે પ્રવર્તતા હતા. ગાંધીજીએ તેમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા. પવિત્ર અને તંદુરસ્ત વાતાવરણમાં તેઓ કેમ રહી શકે સમાનતા અને સ્વતંત્રતા કેવી રીતે જાળવી શકે અને સ્વચ્છ તથા પવિત્ર સામાજિક જીવન કેવું હોય તેનું ઉત્તમ દૃષ્ટાંત આશ્રમ જીવન દ્વારા ગાંધીજીએ રાષ્ટ્રને ચરણે ધરીને સ્ત્રી આલમની ઉત્તમ સેવા કરી છે. ગાંધીજીએ સ્ત્રીઓને લડતમાં જોતરીને અને આશ્રમમાં તેમને સમાન હક અને સ્વતંત્રતા આપીને સ્ત્રીઓનું સમાજમાં કેવું સ્થાન હોવું જોઈએ તેનો ઉત્તમ નમૂનો રાષ્ટ્રને પૂરો પાડ્યો છે.

**(4) સ્ત્રી શક્તિ અને સ્ત્રી ઉન્નતિ :**

હિંદની સ્ત્રીઓમાં સુષુપ્ત પડેલી અખૂટ શક્તિને જગાડવામાં અને એ શક્તિનો સ્ત્રીઓ પોતે સાક્ષાત્કાર કરી શકે તે માટે ગાંધીજીએ પરમ પુરુષાર્થ કર્યો છે. સ્ત્રીઓને ગાંધીજીએ ત્યાગ, અહિંસા, ધૈર્ય, સહનશીલતા અને ધર્મની સાક્ષાત્ મૂર્તિઓ કહીને બિરદાવી છે. તેથી સત્યાગ્રહ જેવી અહિંસક લડતોમાં તેમણે સ્ત્રીઓને દાખલ કરી. હિંસક યુદ્ધમાં પુરુષ પોતાનું પાશવી બળ બતાવી શકે પણ અહિંસક લડતમાં કષ્ટસહન દ્વારા વિરોધોના હૃદયનું પરિવર્તન કરાવવાની અમોઘ શક્તિ પુરુષો કરતાં સ્ત્રીઓમાં વિશેષ છે, એ તેમણે જોયું. તેથી જ તેમણે સ્ત્રીઓ પાસેથી અપેક્ષા રાખી કે, 'ભાવિ લડતમાં મારા સૈન્યમાં પુરુષો કરતાં સ્ત્રીઓની વિશાળ પ્રમાણમાં, વધુ સંખ્યામાં ભરતી થાય એમ જોઉં તો હું રાજી થાઉં.' વર્તમાન સમયમાં ભારતીય સૈન્યમાં મહિલાઓની ભરતી થાય છે તથા તેમને મહત્ત્વનાં સ્થાન આપવામાં આવે છે તે સ્ત્રી ઉન્નતિનાં કાર્યનું ગાંધીજીનું સ્વપ્ન સાકાર થયું વર્તાય છે.

**(5) લગ્નજીવન અને સ્ત્રી ઉન્નતિ :**

લગ્નજીવનમાં વિલાસી અને ઇન્દ્રિયસુખને સ્થાન નથી. પણ બ્રહ્મચર્ય અને સંયમ દ્વારા મનુષ્યે ઊર્ધ્વગામી બનવું જોઈએ. બ્રહ્મચર્ય વિશેના જૂના ખ્યાલોને સ્થાને ગાંધીજીએ નવો વિચાર સમાજ સમક્ષ રજૂ કર્યો. ગાંધીજી કહે છે કે, 'જંગલોમાં રહીને જ પાળી શકાય તે બ્રહ્મચર્ય નથી. જગતના સામાન્ય વ્યવહારમાં રહેતો છતાં જે અલિપ્ત રહે તે જ સંયમી છે. તે જ સુરક્ષિત છે. સ્ત્રીના સ્પર્શમાત્રથી વિકાર પેદા થવાનો ડર જેને હોય તે માણસ બ્રહ્મચારી હોવા છતાં તેને હું બ્રહ્મચારી નહીં કહું.' જીવનમાં વિકાસ અને મુક્તિ માટે કામિની-કાંચનનો ત્યાગ કરવાનું આપણને કહેવામાં આવતું હતું. પણ ગાંધીજીએ સમગ્ર માનવજાતને આ પ્રશ્ન પરત્વે વ્યવહારુ અને ક્રાંતિકારી દૃષ્ટિ આપી છે.'

સંસારી જીવનમાં વ્યવહારકુશળતા જાળવીને દાંપત્યજીવન કેટલી ઊંચી આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચી શકે તેનું ઉત્તમ દ્રષ્ટાંત ગાંધીજી અને કસ્તૂરબાના અદ્‌ભુત અને પરમ પાવનકારી દાંપત્યજીવનમાંથી જ આપણને મળી શકે છે. ભારતીય સંસ્કૃતિમાં સીતા-રામનું દાંપત્યજીવન એક આદર્શ જીવન મનાય છે. પણ બા અને ગાંધીજીનું દાંપત્યજીવન આપણે પ્રત્યક્ષ જોયું છે. તેમના પવિત્ર અને નિર્મળ દાંપત્યપ્રેમમાંથી ભારતના પ્રત્યેક દંપતીને પ્રેરણા મળ્યા કરશે. દાંપત્યજીવનની ઉદાત્ત આર્યભાવના ગાંધીજીએ દેશ સમક્ષ રજૂ કરી લગ્ન અને વિવાહ સાથે સંકળાયેલી ખોટી વિધિઓ, લેવડ-દેવડ, વાંકડા, આભૂષણ વગેરે રિવાજોનો વિરોધ કરી સમાજને નૂતન દ્રષ્ટિ આપી.

**(6) મૂલ્ય પરિવર્તન અને સ્ત્રી ઉન્નતિ :**

દેશના ભાગલા પડ્યા ત્યારે સ્ત્રીઓનાં અપહરણ થયાં. તેમની લાજ લૂંટવામાં આવી. જૂની હિંદુ માન્યતા પ્રમાણે પરધર્મીને ત્યાં રહેલી હિંદુ સ્ત્રીને સમાજ ફરીથી

અપનાવતો ન હતો. તે માન્યતાની સામે આકરા પ્રહારો કરીને ગાંધીજીએ સમાજને મૂલ્ય પરિવર્તન કરનારી દૃષ્ટિ આપી. જેમને બળાત્કારે વટલાવવામાં આવી છે તેનું ધર્માંતર થતું જ નથી. એટલું જ નહીં પણ કોઈ પણ પ્રકારની શુદ્ધિ કે પ્રાયશ્ચિત્તની પણ જરૂર નથી. તેવી સ્ત્રીઓનો તિરસ્કાર પણ ન થાય. કોઈ લંપટ પુરુષે બળાત્કાર કર્યો હોય અને સ્ત્રીને ગર્ભ રહ્યો હોય તો તેવી સ્ત્રીને પણ અપનાવી લેવાની કોમળતા અને માનવતા બતાવવાની તેમણે સલાહ આપી છે. તેવી સ્ત્રીને પોતાના ખોળામાં દીકરી તરીકે બેસાડવાની ફરજ બજાવવી જોઈએ. આવી સ્ત્રીઓ કે કન્યાઓને સમાજમાં વહાલભર્યો આવકાર મળવો જ જોઈએ. સ્ત્રીઓને ભ્રષ્ટ કરનાર પુરુષવર્ગને તેમણે શિખામણ આપતાં કહ્યું કે, 'તેઓ જો માતૃદૃષ્ટિ કેળવે તો માનવજાતનો ઉદ્ધાર થાય. હિંદ અને પાકિસ્તાનમાં સ્ત્રીઓને ભ્રષ્ટ કરવાનું દુષ્ટ કૃત્ય ચાલી રહ્યું છે. તેનો અંત લાવવો હોય તો પુરુષોએ પિતા નહીં પણ માતા બનવાની સાધના સાધવી જોઈએ.' તેવી જ રીતે પતિત બહેનો અને દેવદાસીઓના ઉદ્ધારની વાતો પણ સમાજ સમક્ષ તેમણે મૂકી છે. કુમારિકા, વિધવા, બાળલગ્નો અને વૃદ્ધલગ્નો વિશે પણ તેમણે લખ્યું છે અને સમાજના નવઘડતરમાં સ્ત્રી ઉન્નતિ અંગેના પ્રશ્નોનો ઉકેલ કેમ કરવો તે બતાવ્યું છે.

**(7) પવિત્રતા અને સ્ત્રી ઉન્નતિ :**

ગાંધીજી કહે છે કે સ્ત્રીઓની શીલરક્ષાનો પ્રશ્ન પણ સમાજને મૂંઝવે છે. તે માટે સ્ત્રીઓ અખાડાની બંદૂક, ભાલા, પિસ્તોલ, કિરપાણ જેવાં હથિયારો વાપરવાની તાલીમ લે તે યોગ્ય છે, એવું કેટલાંક માને છે. પણ ગાંધીજી તેના વિરોધી હતા. આ પ્રશ્ન પરત્વે પણ તેમની પાસે પોતાની મૌલિક દૃષ્ટિ હતી. શરીરી બળિયા તે બળવાન નથી. રાવણ જેવો રાક્ષસ પણ નિર્બળ લાગતી સીતા પાસે અપંગ હતો. તેથી તેમણે દૃષ્ટતાપૂર્વક જણાવ્યું કે સ્ત્રીની પવિત્રતા એ જ તેના શિયળની સંપૂર્ણ ઢાલ છે. જે સ્ત્રીમાં સીતાનું જ તેજ છે તેને કોઈ અડી શકતો નથી. પુરુષો સ્ત્રીના શીલની રક્ષા કરી શકે એમ ગાંધીજી માનતા નથી. 'જે સ્ત્રી પોતાની પવિત્રતા અને આપબળ પર ગુંડાઓની સામે ઝૂઝે છે તેને જ ઈશ્વર મદદ કરે છે. વ્યભિચારી પુરુષ હંમેશાં રાંક હોય છે. તે પવિત્ર સ્ત્રીનું તેજ જીરવી શકતો નથી. તેની રાડથી જ તે કાંપે છે.' પિસ્તોલ, હથિયારો કે પુરુષોની મદદ કરતાં આત્મશક્તિથી જ સ્ત્રીઓ પોતાની શીલરક્ષા વધુ સારી રીતે કરી શકશે એવી ગાંધીજીની દૃઢ માન્યતા હતી.

**(8) આશ્રમની બહેનો અને સ્ત્રી ઉન્નતિ :**

ગાંધીજીને એક જ વાત સ્ત્રીઓ ઉપર ઠસાવવી છે કે આશ્રમમાં તૈયાર થાઓ, પાવરધાં થાઓ, નિર્ભય થાઓ અને લાચાર સ્ત્રીવર્ગની સેવા કરવા નીકળી પડો. જ્યારે ગાંધીજીએ દાંડીકૂચ શરૂ કરી ત્યારે આશ્રમના ઘણા પુરુષો અને યુવાનો એમની ટુકડીમાં શામેલ થયા અને આશ્રમનાં તમામ ખાતાંઓનો ભાર આશ્રમની બહેનોએ પોતાને માથે લીધો. આશ્રમ બહારની બહેનોએ પણ એ દિવસોમાં ભારે કામ કરી બતાવ્યું. તેમાંયે દારૂબંધીને માટે પીઠાં પર ચોકી ભરવાનું કામ, પીઠાંવાળાને સમજાવવાનું કામ અને દારૂ પીનાર લોકોના ઘરમાં જઈ સ્ત્રી-પુરુષોને દારૂ સામે કમર કસવા પ્રેરવાનું કામ બહેનોએ અદ્‌ભુત રીતે કર્યું. એ દિવસોની દેશજાગૃતિ અને ખાસ કરીને સ્ત્રી ઉન્નતિનું સ્મરણ કરતાં આજે પણ મન આશ્ચર્યચકિત થાય છે અને બોલી ઊઠે છે કે, 'ખરેખર એ ભારેલો જમાનો હતો.'

ગાંધીજીએ સ્ત્રીઓમાં કુટુંબભાવના કરતાં વ્યાપક એવી સામાજિક ભાવના કેળવવાનો પ્રયત્ન કર્યો છે અને એને માટે અંદરથી માનસિક વિકાસ સાધવાની અને બહારથી પોતાનામાંથી એક પ્રમુખ નીમીને એને બધાની સેવા કરવામાં મદદ કરવાની વાત આગળ ધરી છે. 'બહેનો વચ્ચેનો સહયોગ અતિ આવશ્યક છે. આખા આશ્રમને એક કુટુંબ ગણો અને એ દ્વારા વિશ્વ કુટુંબ ભાવનાની તૈયારી કરો. આજે સ્ત્રી સેવિકાની ખાસ જરૂરિયાત છે કેમ કે સ્ત્રીઓના હાથમાં સ્વરાજની ચાવી છે. તેમ પાવરધાં થઈ, પવિત્ર જીવન ગાળી, આખા ભારતવર્ષમાં ફેલાઈ જાઓ. સ્ત્રીએ ભીરુ અને અબળા જ હોય એ લોકોની માન્યતા ખોટી પાડજો. જ્યારે સભામાં ભેગી થાઓ ત્યારે બહુ ચર્ચા નહીં કરતા.

વિખવાદનું ભરનીંગળ કાઢી જ નાખવું જોઈએ. આપણે એકત્ર થઈએ છીએ તે હૃદય મેળવવા માટે છે.' ઇત્યાદિ મહત્ત્વની સ્ત્રી ઉન્નતિની બાબતો સમજાવ્યા પછી ગાંધીજીએ ધીમે ધીમે એમને સાર્વજનિક રસોડું સોંપ્યું છે કેમ કે એ વસ્તુ સ્ત્રીઓનું પરિચિત ક્ષેત્ર છે. રસોડા સાથે સાથે કોઠાર આવી જ ગયો. કોઠાર સાચવતાં હિસાબ રાખવાની વાત આવી, એટલે એની કેળવણી પણ મેળવ્યે જ છૂટકો. આટલે સુધી પહોંચ્યા પછી સ્ત્રીઓને બાલમંદિર સોંપી દેવાની બાપુએ પેરવી કરી.

આશ્રમની બહેનોને ઉદ્યોગમંદિરની કેળવણી સોંપી જેમાં ઘણી વસ્તુઓ આવી જાય છે. આપણે ધીરે ધીરે ખેડૂત, વણકર, હરિજન અને રબારી થવાનાં છીએ. પાયખાનાં સાફ કરવાની સાધના પણ રાષ્ટ્રીય કેળવણીનું મહત્ત્વનું અંગ છે. આપણે માટે અને બાળકો માટે જ્યાં સુધી જરૂર રહેવાની ત્યાં સુધી ગૌશાળાની ચિંતા રાખ્યે જ છૂટકો. એમ જરૂરી કેળવણીનાં અંગો સ્ત્રીઓ આગળ એમણે મૂક્યાં છે. પણ બાપુનો મુખ્ય આગ્રહ છે કે સાચી કેળવણી—ઉત્તમ તાલીમ તે હૃદયની જ છે. એને માટે પહેલી વાત નિર્ભયતાની છે. સ્ત્રીઓમાં જે સ્વભાવિક કળાવૃત્તિ રહેલી છે તેનો વિચાર કરી બાપુ કહે છે કે પ્રદર્શનો વગેરે ગોઠવવાનું કામ એમનું જ છે. ગાંધીજીએ એક જ વાત સ્ત્રીઓ ઉપર ઠસાવવી છે કે આશ્રમમાં તૈયાર થાઓ, પાવરધાં થાઓ, નિર્ભય થાઓ અને લાચાર સ્ત્રીવર્ગની સેવા કરવા નીકળી પડો.

**4. સારાંશ :**

ગાંધીજીએ સ્ત્રી ઉન્નતિ માટે કરેલ વિચારો અંગે એમ કહી શકાય કે ગાંધીજી હરિજનસેવા કરતા હોય, તોયે સ્ત્રીજનની સેવા કરવાની તેટલી જ આવશ્યકતા તેમના ધ્યાનમાં આવતી. ગોરક્ષાના કામમાં પણ અસહાય સ્ત્રીની રક્ષા માટે એમને મનમાં અંતરભાવ થતો. સ્ત્રીઓ પોતાની વિશિષ્ટતા તો સાચવે પણ પુરુષો કરતાં પોતાને ઊતરતી ન ગણે એ વિશે તેઓ સતત જાગરૂક રહેતા. સ્ત્રીજાતિના ઉદ્ધારને અર્થે ગાંધીજી પોતે સ્ત્રી બન્યા હતા એમ કહીએ તો તેમાં લગીરે અતિશયોક્તિ નથી. તેમણે અસાધારણ રીતે સ્ત્રીહૃદય કેળવ્યું હતું તેથી જ તેઓ સ્ત્રીઓના હૃદય સુધી પહોંચી શકતા હતા. ગાંધીયુગ સાથે મહિલા ઉન્નતિના એક ખાસ યુગનો પ્રારંભ થયો છે. વર્તમાન યુગમાં ગાંધીજીના વિચાર એટલા જ પ્રસ્તુત છે.

**વાઙ્‌મયસૂચિ :**


1. કાકા કાલેલકર (1968) : આશ્રમની બહેનો, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
2. જાની ગૌરાંગ (2013) : આયનામાં સમાજ, રાજકોટ : ફૂલછાબ પ્રકાશન.
3. જોષી વિદ્યુત (2016) : પારિભાષિક કોશ—સમાજશાસ્ત્ર, અમદાવાદ : યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય
4. ગાંધી મોહનદાસ (2012) : મારા સ્વપ્નનું ભારત, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
5. ગાંધી મોહનદાસ (2012) : ગ્રામ સ્વરાજ, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
6. ગાંધી મોહનદાસ (2014) : સત્યના પ્રયોગો અથવા આત્મકથા, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
7. ગાંધી મોહનદાસ (1940) : ગાંધી વિચાર દોહન, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
8. ગાંધી મોહનદાસ (2009) : રચનાત્મક કાર્યક્રમ : તેનું રહસ્ય અને સ્થાન, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
9. દેસાઈ નારાયણ (2008) : મારા ગાંધી, સુરત : સાહિત્ય સંગમ.
10. પટેલ મગનભાઈ (2013) : ગાંધીજીનું ધર્મદર્શન, અમદાવાદ : યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
11. પંચાલ હસમુખ (2019) : મહાત્મા ગાંધીજીનું સમાજદર્શન, અમદાવાદ : અનડા બુક ડીપો.
12. પાસ્કલ એલન નાઝરેથ (2016) : ગાંધી : એક અનોખું નેતૃત્વ, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
13. મકનજી લલ્લુભાઈ (2005) : સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
14. મોદી રમણ (1977) : રચનાત્મક કાર્યક્રમનું સામાજિક દર્શન, અમદાવાદ : ગૂજરાત વિદ્યાપીઠ.
15. શાહ દશરથલાલ (1988) : રચનાત્મક કાર્યક્રમ - આજના સંદર્ભમાં, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.


•

– ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ*

## વિદ્યાર્થી વત્સલ અને કૌટુંબિક-સામાજિક કાઉન્સેલિંગમાં પ્રવૃત્ત શ્રી ધનેન્દ્ર કે. શાહ (D.K.) સાહેબનો નિવૃત્તિ સન્માન સમારંભ

વિદ્યાર્થી વત્સલ અને સ્વભાવે તેમજ વિદ્યાર્થિનીઓ, અધ્યાપક અને સ્ટાફને હંમેશા મદદ કરવાની ઉત્સુકતા ધરાવતા મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક શ્રી ધનેન્દ્ર કે. શાહે શિક્ષણ કાર્યની શરૂઆત ઈડરની આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એન. પટેલ કોમર્સ કૉલેજમાં ખંડ સમયના વ્યાખ્યાતાથી કરી અને પછી 3 વર્ષ પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે ત્યાં ફરજ બજાવી. ત્યારબાદ ગાંધીનગરમાં ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કૉલેજમાં 9 વર્ષ અને 16 વર્ષ અમારી કૉલેજમાં શિક્ષણ કાર્ય કરી કુલ 28 વર્ષની સુદીર્ઘસેવા આપી મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ રહી તા. 14-6-2019ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થયા છે.

તેઓનું વિષય પરનું પ્રભુત્વ અને રસપ્રદ શિક્ષણશૈલીને લીધે વિદ્યાર્થિનીઓમાં ખૂબ ચાહના ધરાવતા. તેઓ મનોવિજ્ઞાનને માત્ર શિક્ષણના વિષય તરીકે નહીં પરંતુ જીવન ઉપયોગી બની રહે તે રીતે શીખવતા. ઉપરાંત વિદ્યાર્થિનીઓના અંગત પ્રશ્નો તેમજ તેમના કુટુંબના પ્રશ્નોના નિવારણ માટે સલાહ આપી કેટલાયને અયોગ્ય પગલા લેતા અટકાવ્યા છે. તો ઘણી વિદ્યાર્થિનીઓને હતાશા-નિરાશામાંથી બહાર લાવી જીવનમાં આગળ વધવા પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. શિક્ષણમાં વિદ્યાર્થિનીઓને વિવિધ રીતે પ્રોત્સાહિત કરવા પ્રેરણાદાયી પુસ્તક અને અન્ય ઉપયોગી સાધન ઇનામ તરીકે આપતા અને ગરીબ વિદ્યાર્થિનીઓના હિત માટે કાયમ આગેવાની લેતા. શાહ સાહેબ મનોવિજ્ઞાનના અધ્યાપક હોવા છતાં તેમનું નાણાંકીય ગણિત એટલું ચોક્સાઈવાળું કે અમારી કૉલેજની ક્રેડિટ સોસાયટીમાં મંત્રી તરીકે સ્ટાફ ક્રેડિટ સોસાયટીનો ઉદ્દેશ 'સમયે બોજા વગર કાર્ય ઉકેલાય અને સોસાયટી મજબૂત બને' તે રીતે હપ્તાની રચના અને નિયમો બનાવતા એટલા માટે જ તેઓ ગાંધીનગર કૉલેજમાંથી સરપ્લસ થઈ આવ્યા હોવા છતાં આજસુધી ત્યાંની ક્રેડિટ સોસાયટીમાંથી તેમને મુક્ત કર્યા નથી. આવા કૉલેજની અસ્કામતસમાં શ્રી શાહ સાહેબની વય નિવૃત્તિથી કૉલેજને મોટી ખોટ પડી છે.

શાહ સાહેબનું મનોવિજ્ઞાનનું જ્ઞાન માત્ર કૉલેજ પૂરતું ન રાખતા તેનો સમાજ માટે વ્યવહારિક ઉપયોગ કરી ઘણા લોકોના માનસિક, સામાજિક પ્રશ્નોના ઉકેલ લાવી આપ્યા છે. આ કાર્ય કરવામાં તેઓએ ભૂખ-તરસ કે સમય જોયો નથી તે બાબતનો હું સાક્ષી રહ્યો છું. શાહ સાહેબ તટસ્થ ન્યાયી, સિદ્ધાંતવાદી હોવાથી ઘણા કૌટુંબિક વિવાદોમાં મધ્યસ્થી કરી સુલેહ સંપ કરાવી આપી સમાજ સાથેની નિસ્બત પણ દર્શાવી છે. શાહ સાહેબનો સખાવતી સ્વભાવ અને અન્યનને મદદ કરવાની ઉમદા શૈલી આગવી જોવા મળી. જરૂરિયાતવાળાની જરૂર મુજબ સ્વમાન જળવાઈ રહે તેવી કાળજી સાથે શક્ય તેટલી ગુપ્તતા જાળવી વિવિધ સંસ્થા અને નબળા વર્ગના લોકોને આજે પણ મદદ કરતા રહ્યા છે.

તારીખ 15 જૂન, 2019ને શનિવારના રોજ દાદી ડાઈનીંગ હૉલમાં તેઓનો વિદાયમાન સમારંભ યોજાઈ ગયો. જેમાં એમ.પી. આર્ટ્સ એન્ડ એમ.એચ. કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ અને ઈડરની આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ એમ ત્રણ કૉલેજના સ્ટાફના મિત્રો મોટી સંખ્યામાં વિદાય સમારંભમાં ઉપસ્થિત રહ્યા તે શાહ સાહેબના સોમ્ય વ્યક્તિત્વ અને સંબંધોની મજબૂતી દર્શાવે છે. આ સમારંભમાં તેમના વિષય ગુરુ સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજના મનોવિજ્ઞાન વિભાગના પૂર્વ અધ્યક્ષ અને પ્રા. ફરીદભાઈ શેખસાહેબે શાલ ઓઢાડી વિદાય સન્માન આપ્યું. તો મનોવિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિ.ના પૂર્વ અધ્યક્ષ ડૉ. અશ્વિનભાઈ જનસારી સાહેબે સ્મૃતિચિન્હ અર્પણ કરી તેમની સેવાઓને બિરદાવી હતી. તો તમામ કૉલેજના હાજર રહેલા વર્તમાન અને પૂર્વ અધ્યાપકોએ સ્મૃતિચિન્હ આપી તેમની વિદ્યાર્થી પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા તેમજ સામાજિક નિસ્બત માટેની સક્રિયતા અને ઉમદા સ્વભાવ બિરદાવી નિવૃત્તિ જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી અને સૌ પ્રતિ ભોજન લઈ સૌ છુટા પડ્યા હતા. •

* અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, એમ.પી. આર્ટ્સ એન્ડ એચ.એમ.કોમર્સ કૉલેજ ફોર વુમન, અમદાવાદ.

## સંદર્ભસૂચિ અને વાઙ્મય સૂચિ વચ્ચેની સ્પષ્ટતા

સૌપ્રથમ જે લેખકોએ પોતાના લેખ મોકલી આપ્યા છે તેમને અભિનંદન. જે લેખકો પોતાના સંશોધન-લેખ મોકલી આપે છે તેમાંય યુવા સંશોધન લેખકો જે સંશોધન લેખ લખે છે તેઓના લેખની ગુણવત્તા સુધરે અને લેખને વધુ અસરકારક બનાવી શકે તે માટે કેટલાંક સૂચનો જરૂરી લાગ્યા હોવાથી જણાવું છું. આ સૂચનોને ધ્યાનમાં લઈ લેખ લખશો તો લેખ વધુ પદ્ધતિસરનો અને ગુણવત્તાયુક્ત લખી શકશો. આપના આવા પ્રયત્નોથી સમાજવિજ્ઞાનમાં ગુણવત્તાયુક્ત સાહિત્યની વૃદ્ધિ થશે.

મિત્રો, કોઈ પણ સંશોધનલેખ લખતી વખતે નીચેની બાબતો અતિ મહત્ત્વની છે તેને ધ્યાનમાં લેવી.

1. લેખના થીમનું સાતત્ય જાળવવું.
2. લેખના થીમની સ્પષ્ટતા હોવી.
3. લેખ માટે આલંકારિક ભાષા જરૂરી નથી. પરંતુ લોકોને રસ પડે તેવાં વિધાન-સવાલ કરવાં જોઈએ.
4. લેખમાં વૈવિધ્ય આવવું જોઈએ.
5. લેખનાં અંતે નોંધ કે સંદર્ભસૂચિ કે વાઙ્મયસૂચિ જરૂર લખવી.

મિત્રો, એ ખાસ જાણીલો કે વાઙ્મય સૂચિ (Bibliography) અને સંદર્ભસૂચિ (References) અલગ છે.

*** Bibliography – વાઙ્મયસૂચિ :**

જ્યારે લેખકે લેખનો કોઈ ભાગ કોઈ પુસ્તકોની અસરથી લખ્યો હોય અને અંતે તે પુસ્તકનું નામ–લેખકનું નામ દર્શાવતી સૂચિ આપી હોય તેને વાઙ્મય સૂચિ કહેવાય. જેને અંગ્રેજીમાં આપણે 'Bibliography' કહીએ છીએ. જે સામાન્ય રીતે આપણે મોટાભાગના લેખમાં જોઈએ છીએ. જેના માટે બધા 'સંદર્ભસૂચિ' શબ્દનો ઉપયોગ કરતા હોય છે જે યોગ્ય નથી.

ઉદાહરણ તરીકે સંસ્કૃતિકરણ - પશ્ચિમીકરણના ખ્યાલની સ્પષ્ટતા કરતો લેખ લખ્યો છે તે શ્રીનિવાસના પુસ્તકની અસરથી લખાયો હોય તો છેલ્લે વાઙ્મયસૂચિમાં નીચે મુજબ લખવું.

1. શ્રીનિવાસ ઍમ. ઍન. : ''આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન'', 1975, યુનિ ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ.

**નોંધ :** વર્ષ છેલ્લે પણ લખી શકાય.

*** સંદર્ભસૂચિ = References :**

સંદર્ભસૂચિ શબ્દનો ઉપયોગ નીચે મુજબ સંદર્ભનો ઉપયોગ લેખમાં કર્યો હોય ત્યારે જ કરાય.

ઉદાહરણ : વેનબર્ગ (1960-64)[1] નાં મતાનુસાર ''સામાજિક સમસ્યાઓની જાણકારીની આ અસમાનતા એટલા માટે છે કે આપણો સામાજિક સમસ્યાઓ પ્રત્યેનો દષ્ટિકોણ સિદ્ધાંતકેન્દ્રિત હોવાની અપેક્ષાએ અધિકતર સમસ્યાકેન્દ્રિત હોય છે.'' રાબ અને સૈલ્ઝનિકે (1959-28)[2] સામાજિક સમસ્યાનાં સુઝાવ માટે ત્રણ બાબતો તરફ ધ્યાન ખેંચ્યું છે. જેને તેઓ ચેનલ્સ ઑફ ઍક્શન કહે છે. તેમાં સીધાં પગલાં, કેળવણી અને કાનૂનનો સમાવેશ થાય છે.

સામાજિક સમસ્યાઓનાં નિરાકરણમાં કેટલાક અવરોધક પરિબળો વિશે જોનસને (1966 : 640)[3] પોતાનાં વિચારો રજૂ કર્યા છે.

1. તીવ્ર લાગણી, 2. સ્વાર્થ, 3. સમસ્યા તરફની બેદરકારી

આ પદ્ધતિથી લખાયેલ લેખ માટેની સંદર્ભસૂચિ - References

1. Weinberg K.S. : Social Problems in Ourtimes. Prentice Hall inc. Englewood Ciffi New Jersey, 1960.
2. Raab Earl and Selznick G. J. : Major Social Problems. Row Peter Son and Co. Illinoisis, 1952
3. Johnson H. M. : Sociology a Systematic Introduction. Allied Publication Private Ltd. Bombay, 1966.

**નોંધ :** જો તમે લેખકને ટાંકતી વખતે નંબર ન આપ્યો હોય તો ABCD મુજબ પણ સંદર્ભસૂચિ બનાવી શકો છો. ભાષાવાર પુસ્તક મુજબ જુદી જુદી સંદર્ભસૂચિ પણ બનાવી શકાય.

## 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરવા અપીલ...

અમારું પ્રતિષ્ઠિત અર્ધવાર્ષિક મુખપત્ર 'સમાજકારણ' ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થાય છે તે પૂર્વસમીક્ષિત (Refferd) અને ISSN નંબર ધરાવે છે. 'સમાજકારણ' મુખપત્ર બહુવિધ-વિષયક શૈક્ષણિક જર્નલ છે તેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા તેમજ સમાજવિજ્ઞાનનાં સંશોધકો, શિક્ષણવિદો અને રિસર્ચ સ્કૉલરનાં સંશોધનો અને વિચારોને પ્રોત્સાહન આપવાનો છે.

વિદ્વાન અને અનુભવી લેખકોનાં ગુણવત્તાયુક્ત સંશોધન-પેપર અને લેખ આપના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શિક્ષણમાં ઉપયોગી બનશે. ગુજરાતી ભાષામાં સમાજવિજ્ઞાનને લગતાં જર્નલ નહીંવત્ છે ત્યારે 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરી જ્ઞાનના પ્રસારમાં સહભાગી બનવા નમ્ર અપીલ છે.

જે મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ છે અને સમય પૂરો થઈ ગયો છે તેઓને લવાજમ ભરી દેવા (રિન્યુ કરાવવા) નમ્ર અપીલ છે.

### વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-

આપ સીધા અમારા બૅંક ખાતામાં જમા કરી શકો છો. જેની વિગત નીચે મુજબ છે :

બૅંક ખાતાનું નામ : ગુજરાત સામાજિક સેવા મંડળ

A/c No. : 200210100002590

બૅંકનું નામ : Bank of India

શાખા : Ashram Road Branch, Ahmedabad

IFC Code BKID0002000

બૅંકમાં નાણાં ભર્યાની વિગત અને ટપાલ સરનામું ટપાલ લખી સંસ્થા પર મોકલાવશો જેથી અંક સમયસર પહોંચાડી શકાય.

માનવજાતિની લાંબી યાતનાભરી મજલમાં ગાંધીજીનું કાંઈ અર્પણ હોય તો તે આંતરશુદ્ધિપૂર્વક, સાધનની શુદ્ધિ જાળવીને, સમૂહગત અન્યાયો ટાળવા માટે સામેવાળા પ્રત્યે પૂર્ણ પ્રેમભાવથી અહિંસક પ્રતિકારની પ્રક્રિયા એમણે અમલમાં ઉતારી બતાવી તે છે. તેમની હત્યા પ્રસંગે એક સેનાપતિએ—જનરલ મેક આર્થરે આ વસ્તુ ઉપર ભાર મૂક્યો હતો : ''માનવસભ્યતા જો નાશ પામવાની ન હોય તો તેનો વિકાસ થતાં થતાં સૌ માનવીઓએ અંતે તો ઝઘડાના પ્રશ્નોના ઉકેલ માટે સામૂહિક હિંસા યોજવી એ પાયામાં જ ખોટું અને નિરુપયોગી છે. એટલું જ નહીં પણ પોતાની અંદર તે આત્મનાશનાં બી ધરાવે છે. એ પ્રકારની ગાંધીજીની માન્યતા ઉપર આવ્યા વિના છૂટકો નથી.'' અને પછી એ જાણે કે નિઃશ્વાસપૂર્વક ઉમેરે છે કે 'તેમ છતાં મહાત્મા ગાંધી એ તો પયગંબરો માંહેલા છે જેઓ પોતાના સમય કરતાં ઘણા બધા વહેલેરા જીવી જાય છે.'

('જીવનનો કલાધર'માંથી) **—ઉમાશંકર જોશી**

## લેખકોને નમ્ર વિનંતી કે...

(૧) સામાજિક સેવા મંડળના ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા આંતરરાષ્ટ્રીય Modern Language Association (MLA) પ્રારૂપ લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૨) સંક્ષિપ્ત પુસ્તકપરિચય, ગ્રંથાવલોકન, સમાજપરિવર્તનના પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ-વિજ્ઞાનોના શોધ સમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.

(૩) અન્યત્ર પ્રકાશિત થયેલા કે પ્રકાશિત કરવા મોકલેલ હોય તેવા લેખ છપાશે નહીં.

(૪) લેખ ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભસૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.

(૫) લેખમાં ભાષાશુદ્ધિનો આગ્રહ છે તે બાબતે લેખકે કાળજી લેવા વિનંતી છે.

(૬) લેખકે લેખમાં પોતાનું નામ, હોદ્દો, સરનામું, સંસ્થાનું નામ, ફોન નંબર તેમજ Email ID અને શક્ય હોય તો સામાજિક સેવા મંડળનો સભ્યપદ નંબર અવશ્ય લખવો.

(૮) 'સમાજકારણ'ને ISSN નંબર પ્રાપ્ય છે. તેમજ તે પૂર્વસમીક્ષિત (Referred) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે.

(૯) સામાજિક સેવા મંડળનું આજીવન સભ્યપદ ધરાવનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે. ક્વચિત્ ન મળે તો આપેલા ફોન નંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
શ્રી ગૌરાંગભાઈ શાહ મો. ૯૮૨૫૬ ૧૫૦૪૯

(૧૧) જાન્યુઆરીના અંકમાં પ્રકાશિત કરવા ઑક્ટોબરના અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો–સમાચાર–પ્રવૃત્તિ–નોંધ મોકલી દેવા વિનંતી છે.

• • •

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**
વર્ષ : ૧૩, જાન્યુઆરી ૨૦૧૯, અંક : ૨
**ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯.